૨૫-૦૨-૨૦૨૧
વિ.સં. ૨૦૭૭, મહા સુદ ૧૨
અંક : ૧૨૦
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર....




● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ● કિંમત રૂા. ૪

## દુનિયાના સૌથી મોટા મોટેરા સ્ટેડિયમનું રાષ્ટ્રપતિએ ઉદ્ઘાટન કર્યું

# મોટેરા સ્ટેડિયમઃ સરદાર પટેલ OUT, મોદી IN




(જી.એન.એસ)અમદાવાદ,તા.૨૪

દુનિયાના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ એવા મોટેરાનું આજે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ઉદ્ઘાટન કરી દીધું છે. આ સ્ટેડિયમને નરેન્દ્ર મોદી સ્ટેડિયમ નામ આપવામાં આવ્યું છે. રાષ્ટ્રપતિએ સ્ટેડિયમનું ઉદ્ઘાટન કર્યું તે સાથે જ સ્ટેડિયમના ગેટ પર નરેન્દ્ર મોદી સ્ટેડિયમ નામના બોર્ડ લગાડી દેવામાં આવ્યા હતા. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને ગૃહમંત્રી અમિત શાહે સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ્સ એન્ક્લેવનું ભૂમિપૂજન કર્યું હતું.

આજે સ્ટેડિયમના ઉદ્ઘાટનના કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ ઉપરાંત, કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ, રમતગમત મંત્રી કિરણ રિજીજૂ, ડે. સીએમ નીતિન પટેલ પણ મંચ પર હાજર રહ્યા હતા.

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે સ્ટેડિયમના ઉદ્ઘાટન પ્રસંગે જણાવ્યું હતું કે, અમદાવાદમાં ૨૩૩ એકર જમીન ઉભા થનારા સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્ક્લેવનો આ સ્ટેડિયમ એક ભાગ છે. નારણપુરામાં પણ ૧૮ એકર જમીન પર એક સ્પોર્ટ્સ એન્કલેવ બનશે. આમ, નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્ક્લેવ અને નારણપુરાના સ્પોર્ટ્સ એન્ક્લેવ થકી આંતરરાષ્ટ્રીય કક્ષાના રમતોત્સવનું આયોજન થઈ શકે તેવું વૈશ્વિક

## રાષ્ટ્રપતિએ ૨૩૩ એકર વિસ્તારમાં નિર્માણ પામનાર સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્કલેવનું ભૂમિપૂજન કર્યું

કક્ષાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું થઈ શકશે. તેમાં કોમનવેલ્થ, એશિયાડ તેમજ ઓલિમ્પિક કક્ષાના રમતોત્સવ પણ આયોજિત કરી શકાશે. આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું થયા બાદ અમદાવાદ દેશભરમાં સ્પોર્ટ્સ સિટી તરીકે ઓળખાશે.

અમિત શાહે જણાવ્યું હતું કે, ઓલિમ્પિકમાં રમાનારી તમામ રમતો રમાઈ શકે તેવી વ્યવસ્થા સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્ક્લેવમાં ઉભી કરવામાં આવશે. જેમાં ત્રણ હજાર ખેલાડીઓ રોકાઈ શકે તેવી સવલત પણ હશે. આ ઉપરાંત, સ્ટેડિયમમાં મેચ જોવા આવનારા લોકો માટે વિશાળ પાર્કિંગ પણ આ સ્ટેડિયમમાં ઉભું કરવામાં આવી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય ઈવેન્ટનું આયોજન કરવા માટે તેના સ્ટાન્ડર્ડ અનુસાર, ૫૦ કિલોમીટરના વિસ્તારમાં જ તમામ વ્યવસ્થા ઉભી કરાશે. પીએમ મોદીએ સ્પોર્ટ્સને પ્રોત્સાહન આપવા ખેલો ઈન્ડિયા, ફિટ ઈન્ડિયા જેવા અભિયાન પણ શરુ કરાવ્યા છે તેવું જણાવતા અમિત શાહે જણાવ્યું હતું કે ખેલાડીઓ માટે સરકારે ડાયટિંગ, ટ્રેનિંગ સહિતના તમામ ક્ષેત્રે બધી વ્યવસ્થા ઉપલબ્ધ કરાવી છે, જેના પરિણામો હવે દેખાવા લાગ્યા છે.

અમિત શાહે વધુમાં કહ્યું કે, કોંગ્રેસે એમના શાસનમાં સરદારનું નામ ભૂલાય એવા કામ કર્યા. મોદીજીએ એવી વ્યસ્થા કરી કે સરદારનું નામ કોઈ ભૂંસી નહિ શકે. મોદીજીની પ્રેરણાથી સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્ક્લેવ બની રહ્યું છે. જે યુવાનો સાથે વર્ષો સુધી જોડાયેલું રહેશે. ૩૨૦૦ કરોડ સરકારી અને ૧૪૦૦ કરોડના ખર્ચે PPE મોડલની મદદથી અહીં ૪૬૦૦ કરોડનું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ હશે. આ એન્ક્લેવમાં હોકી સ્ટેડિયમ ધ્યાનચંદજીના નામથી બનશે. ૨૦૦૩ થી હું મોદીજી સાથે કામ કરૂં છું. મોદીજીએ હંમેશા કહ્યું છે કે રમતમાં જ્યાં સુધી યુવાનો આગળ નહીં આવે દેશ માટે કઈ નહિ કરી શકે.

નરેન્દ્ર મોદી સ્ટેડિયમના









ઉદ્ઘાટન પ્રસંગે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે જણાવ્યું હતું કે, રમતગમતની સવલતોનો વિકાસ ખૂબ જ મહત્વપૂર્ણ છે, અને તેનાથી પણ વધુ મહત્વપૂર્ણ છે કે વ્યાપક સ્તર પર પ્રતિભાશાળી ખેલાડીઓ તેનો લાભ ઉઠાવી શકે. ફેસિલિટીની સાથે એક્સેસ ટુ ફેસિલિટી બંને જરુરી છે. સારું સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સ્પોર્ટ્સમાં ઉત્કૃષ્ટતા કોઈપણ દેશના વિકાસના માપદંડ હોય છે. રાષ્ટ્રપતિએ આજથી શરુ થનારી ભારત વિરુદ્ધ ઈંગ્લેન્ડની મેચ માટે પણ તમામ ખેલાડીઓને શુભેચ્છા આપી હતી.

આ સ્ટેડિયમમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ડે-નાઈટ ટેસ્ટ રમાઈ રહી છે. સ્ટેડિયમમાં સવા લાખ લોકો એક સાથે બેસી શકે તેવી વ્યવસ્થા છે. સ્ટેડિયમનું ઉદ્ઘાટન થતાં જ મેચ જોવા આવેલા હજારો પ્રેક્ષકોની લાંબી-લાંબી લાઈનો લાગી ગઈ હતી. જોકે, કોરોનાને ધ્યાનમાં રાખતા સ્ટેડિયમની ક્ષમતાની અડધી ટિકિટનું જ વેચાણ કરાયું છે. નવા મોટેરા સ્ટેડિયમમાં રમાનારી પહેલી મેચ જોવા આવેલા લોકોમાં પણ અજબનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. કેટલાક લોકો ટ્રેડિશનલ ગુજરાતી કપડાં પહેરીને સ્ટેડિયમ પર આવી પહોંચ્યા હતા, તો બીજી તરફ ભારતનો ધ્વજ લઈને પણ અનેક લોકો સ્ટેડિયમની બહાર જોવા મળ્યા હતા. માત્ર અમદાવાદ જ નહીં, પરંતુ બહારગામના લોકો પણ મેચ જોવા માટે આવી પહોંચ્યા હતા.

**કુલ ૨૩૩ એકર જમીન ઉપર કુલ ત્રણ સ્પૉર્ટ્સ સંકુલ આકાર લેશે, જેમાં ૨૦ સ્ટેડિયમ હશે, તેના ઉપર ઑલિમ્પિક સ્તરની સ્પર્ધાઓનું આયોજન**




### સુપ્રીમ કોર્ટનો ક્રાંતિકારી ચુકાદો

## હિન્દૂ મહિલા પિતાના પરિવારને પોતાની સંપત્તિમાં ઉત્તરાધિકારી બનાવી શકે છે

(જી.એન.એસ.)

ન્યુ દિલ્હી,તા.૨૪

સંપત્તિમાં વારસદારને દેશની સર્વોચ્ચ અદાલતે મહત્વનો ચુકાદો સંભળાવ્યો છે. જેમાં હિન્દુ મહિલાના પિતાની તરફથી આવત લોકો તેમની સંપત્તિમાં વારસદાર ગણી શકાય છે. બીજી તરફ આ પરિજનોને પરિવારથી બહારના વ્યક્તિઓ તરીકે ગણી શકાય નહીં, તેઓ હિન્દુ ઉત્તરાધિકાર અધિનિયમની કલમ ૧૫.૧.ઢ ના કાર્યક્ષેત્ર હેઠળ આવશે અને સંપત્તિનો વારસદાર પણ ગણાશે.

સુપ્રિમ કોર્ટે પોતાના આ નિર્ણયમાં જણાવ્યું કે મહિલાના પિતાની તરફના કુટુબીજનો હિન્દુ ઉત્તરાધિકાર અધિનિયમની કલમ ૧૫.૧.ઢ ની હેઠળ આવશે. જસ્ટિસ



અશોક ભૂષણની ખંડપીઠે જણાવ્યું કે કલમ ૧૩.૧.ઢને સાંભળીને સ્પષ્ટ કર્યું છે કે પિતાના ઉત્તરાધિકારીઓને વારસદાર માનવામાં આવ્યા છે. જે સંપતિ મેળવનાર હકદાર છે, પરંતુ જ્યારે મહિલાના પિતાની તરફના કુંટુંબીજનોન શામેલ કરવામાં આવવામાં છે. જે સંપત્તિને પ્રાપ્ત કરી શકે છે. તો આ પરિસ્થિતિમાં એવું ના રહી શકાય કે તેઓ પરિવાર માટે અજાણ્યા લોકો છે, અને મહિલાના પરિવારના સભ્યો નથી.

**શું છે સમગ્ર મામલો**

કોર્ટે આ વ્યવસ્થા એક એવા મામલામાં આપી છે, જેમાં જગ્નો નામની એક મહિલાને તેના પતિની સંપત્તિ મળી હતી. પતિનું ૧૯૫૩માં મોત થઇ ગયું હતુ. તેનું કોઇ સંતાન ન હતુ. તેથી કૃષિ સંપત્તિનો અડધો હિસ્સો પત્નીને મળ્યો હતો. ઉત્તરાધિકાર કાયદા, ૧૯૫૬ બન્યા બાદ ધારા ૧૪ અનુસાર, પત્ની સંપત્તિની એકમાત્ર પૂર્ણ વારસદાર બની ગઇ. તે બાદ જગ્નોએ આ સંપત્તિ માટે એક એગ્રીમેંટ કર્યુ અને સંપત્તિ પોતાના ભાઇના પુત્રોના નામે કરી દીધી. તે બાદ તેના ભાઇના દિકરાઓએ ૧૯૯૧માં સિવિલ કોર્ટમાં કેસ કર્યો કે તેને મળી સંપત્તિની માલિકી તેમના પક્ષમાં ઘોષિત કરવામાં આવે. જગ્નોએ તેનો વિરોધ ન કર્યો અને પોતાની ભલામણ આપી દીધી.

**સુપ્રીમ કોર્ટના હિન્દુ ઉત્તરાધિકાર કાનૂનની ધારા ૧૫.૧.ડીની વ્યાખ્યા કરી**

સુપ્રીમ કોર્ટે હિન્દૂ ઉત્તરાધિકાર કાનૂનની ધારા ૧૫.૧ડીની વ્યાખ્યા કરી અને કહેવામાં આવ્યું છે કે હિન્દૂ મહિલાના પિતા તરફથી આવેલ પરિજન અજાણ્યા નથી, તેઓ પણ પરિવારનો જ હિસ્સો છે. કાનૂનમાં આવેલ શબ્દ પરિવારને સંકીર્ણ અર્થ આપી નહિ શકાય, અને વિસ્તારિત અર્થમાં જોવું પડશે, જેમાં હિન્દૂ મહિલાનો પરિવાર પણ સામેલ હશે. કોર્ટે સાથે એ પણ સ્પષ્ટ કર્યુ કે એવી સંપત્તિ જેમાં પહેલાથી અધિકાર સૃજિત છે, એના પર જો કોઇ સંસ્તુતિ ડિક્રી હોય છે તો એને રજીસ્ટ્રેશન એક્ટની ધારા ૧૭.૨ હેઠળ પંજીકૃત કરાવવાની જરૂરત નથી.

### સરકારનો મોટો નિર્ણયઃ ૧ માર્ચથી બીજા ફેઝની શરૂઆત

## ૬૦ વર્ષથી ઉપરના લોકોને સરકાર ફ્રીમાં કોરોના વેક્સિન આપશે

(જી.એન.એસ.)

ન્યુ દિલ્હી,તા.૨૪

કેન્દ્ર સરકારે બુધવારે કોરોના વેક્સિન વિશે એક મોટા નિર્ણયની જાહેરાત કરી છે. સરકારે કહ્યું છે કે, ૪૫ વર્ષથી ઉપરના બીમાર અને ૬૦ વર્ષથી ઉપરના દરેક લોકોને સરકારી કેન્દ્ર પર ફ્રીમાં વેક્સિન આપવામાં આવશે. કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે જણાવ્યું કે, ૧૦ હજાર સરકારી અને ૨૦ હજાર ખાનગી હોસ્પિટલોમાં વેક્સિનેશન ૧ માર્ચથી શરૂ થશે. દેશમાં ૧૦ કરોડ ૪૦ લાખ લોકોની ઉંમર ૬૦ વર્ષ કરતાં વધારે છે. જાવડેકરે કહ્યું કે, સરકારી કેન્દ્રો સિવાય ખાનગી હોસ્પિટલમાં વેક્સિનેશન માટે ચાર્જ આપવો પડશે. જે લોકો ખાનગી હોસ્પિટલમાં વેક્સિન લેવા માંગે છે તે લોકો એ ચાર્જ ચૂકવવો પડશે. આગામી ૩-૪ દિવસોમાં સ્વાસ્થય મંત્રાલય આ વિશે નિર્ણય લેશે કે કાનગી હોસ્પિટલમાં વેક્સિનેશન માટે કેટલી ફી ચૂકવવી પડશે. સ્વાસ્થય મંત્રાલય આ વિશે મેન્યુફેક્ચર્સ અને હોસ્પિટલો સાથે વાત કરી રહ્યા છે.

દુનિયામાં ઘણાં દેશોએ, ખાસ કરીને ચીને ગયા વર્ષે જૂનમાં અને રશિયાએ ઓગસ્ટમાં વેક્સિનેશન શરૂ કરી દીધું છે. જ્યારે અમેરિકા, બ્રિટન સહિત મોટાભાગના દેશોએ ડિસેમ્બરમાં વેક્સિનેશનની શરૂઆત કરી છે. ભારતમાં ૧૬ જાન્યુઆરીથી વેક્સિનેશન શરૂ થયું છે. ૨૨ ફેબ્રુઆરી સુધીમાં સમગ્ર દુનિયામાંથી ૨૧ કરોડ લોકોને વેક્સિનેટ કરી દેવામાં આવ્યા છે. સૌથી વધારે અમેરિકામાં ૬.૪૧ કરોડ લોકોને વેક્સિન આપવામાં આવી ચે. ત્યારપછી ચીનમાં ૪.૦૫ કરોડ, યુરોપીય સંઘમાં ૨.૭ કરોડ, યુકેમાં ૧.૮ કરોડ અને પછી ભારતમાં

# હિન્દુવાદી યુવાનોના હત્યારાઓ સામે અવાજ ઉઠાવવા હથિયાર ઉઠાવશે હિન્દુસેના

જામનગર તા. ૨૪: દિલ્હીમાં એક હિન્દુવાદી બજરંગદળના કાર્યકર રિંકુ શર્માની વિધર્મીઓ દ્વારા નિર્મમ હત્યા થઈ ગઈ છે. અગાઉ પણ હિન્દુવાદી યુવાનોની યોજનાબધ્ધ રીતે હત્યાઓ થઈ છે અને હાલમાં પણ આ સિલસીલો ચાલુ છે ત્યારે ગુજરાતમાં પણ આવી ઘટનાઓ સામે આવી શકે તેવી સંભાવના છે. આવી ઘટનાઓ સામે સરકારે ઠોસ રણનીતિ બનાવવી જોઈએ. વિધર્મીઓ કોઈને કોઈ કારણો ઉભા કરી હિન્દુ યુવાનોને ટાર્ગેટ બનાવે છે. તેની સામે અવાજ ઉઠાવવા હિન્દુ સેના અલગ રસ્તો અપનાવશે. જો સરકાર યોગ્ય દિશામાં ચોકકસ તપાસ કરી અને ભવિષ્યમાં આવા ષડ્યંત્રોને તોડી નાખવામાં નહીં આવે તો ગુજરાતમાં પણ હિન્દુ સેના હથીયાર ઉઠાવતાં અચકાશે નહીં. અને ઈંટનો જવાબ પત્થરથી આપવામાં આવશે. ગુજરાતમાં સૂરક્ષા જાળવવા વિધર્મીઓ દ્વારા થતા હિન્દુવાદીઓ પરના હુમલાઓને અગાઉથી રોકવામાં નહીં આવે તો હિન્દુઓની સુરક્ષા માટે હિન્દુસેના પણ અલગ રસ્તો અપનાવવામાં ખચકાશે નહીં. તેવી હિન્દુ સેના ગુજરાત પ્રમુખ પ્રતિક ભટ્ટ એ જાહેર કરી છે.

## "દરરોજ એક નવી શરૂઆત" ખંભાળિયામાં વક્તા કાજલ ઓઝાનો તા. ૧૪ માર્ચે કાર્યક્રમ



ખંભાળિયા, તા. ૨૪:

વર્તમાન સમયમાં લોકો વિવિધ પ્રકારે શારીરિક તથા માનસિક યાતનાઓથી પીડાઈ રહ્યા છે. આ માટે સમયાંતરે લોકો માનસિક રીતે સ્વસ્થ અને મજબૂત બની રહે તે અનિવાર્ય છે. આ માટે ખંભાળિયા પંથકના લોકો માટે આગામી તારીખ ૧૪ માર્ચના રોજ એક મોટીવેશનલ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સુવિખ્યાત વક્તા કાજલ ઓઝા વૈદ્ય દ્વારા વક્તવ્ય રજૂ કરવામાં આવશે.

ખંભાળિયાના જાણીતા યુવા અગ્રણી કાર્યકર ચંદા મોદી તથા દિવ્યેશ મોદી દ્વારા લોકોને પ્રેરણા સાથે જીવનમાં ખૂટતું માર્ગદર્શન મળી રહે તે હેતુથી આગામી તારીખ ૧૪ માર્ચને રવિવારના રોજ અત્રે બેઠક રોડ પર આવેલી શેઠ વી.ડી. બરછા નવી લોહાણા મહાજનવાડી ખાતે મોટીવેશનલ ઈવનિંગનું આયોજન કરવામાં આવ્યું છે.

''એવરી ડે ઈઝ અ ન્યુ બિગીનીંગ...'' (પ્રત્યેક દિવસ એક નવી શુભ શરૂઆત) ના ઉમદા વિષય ઉપર યોજાયેલા આ જ્ઞાનવર્ધક મોટીવેશનલ કાર્યક્રમમાં કાજલ ઓઝા વૈદ્ય દ્વારા લોકો સમક્ષ પ્રેરણારૂપ વક્તવ્ય આપવામાં આવશે. આ આયોજન માટે ડો. સંજય દેસાઈ તથા પ્રતિક્ષાબેન દેસાઈ, ડો. શાલીન પટેલ, રાહુલભાઈ વ્યાસ, વિગેરે દ્વારા નોંધપાત્ર સહયોગ સાંપડ્યો છે. આ કાર્યક્રમમાં ડો. રાજેશભાઈ બરછા તથા બિંદાબેન બરછાના સહકાર સાથે યુવા સંચાલક દ્રષ્ટિ ખાગ્રામ દ્વારા પણ સુંદર સંચાલન હાથ ધરવામાં આવશે.

શહેરમાં વધુ એક વખત હાથ ધરવામાં આવેલા જાણીતા વક્તા કાજલ ઓઝા વૈદ્યના કાર્યક્રમે લોકોમાં ઉત્તેજના સાથે ઈંતેજારી પ્રસરાવી છે. આ ઐતિહાસિક રૂપ કાર્યક્રમ માટે ડો. પ્રફુલ્લાબેન બરછા, બિંદાબેન બરછા, રૂપાબેન બરછા, દર્શનાબેન મહેતા, નિકીતાબેન મજીઠીયા સાથે મીડિયા પાર્ટનર તરીકે રાડિયા ન્યુઝ અને મિલન કોટેચા તથા ટીમ સાથે રહેશે. આ કાર્યક્રમનો લાભ લેવા ખંભાળિયા પંથકના લોકોને મુખ્ય આયોજક ચંદા મોદી તથા દિવ્યેશ મોદી દ્વારા અપીલ કરવામાં આવી છે.

## શેઠવડાળા ગામે જુગાર રમતા બે શખ્સો ઝડપાયાઃ ત્રણ ફરાર

જામનગર તા.૨૪: જામજોધપુર તાલુકાના શેઠવડાળા ગામે જાહેરમાં જુગાર રમતા ઈસ્માઈલ નુરમામદ સંધી તેમજ યાકુબ મામદ સંધીને પોલીસે તીનપતીનો જુગાર રમતા રંગેહાથ ઝડપી લઈ રૂા.૧૪૨૦ની માલમતા કબજે કરી હતી. જયારે પોલીસના દરોડામાં અબ્દુલ બાવા અને ઉઠા અલીભાઈ, નામોરી નુરમામદ નામના ત્રણ શખ્સો નાશી છૂટયા હતા અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પોલીસ હેડ કોન્સ. પી.કે. જાડેજાએ હાથ ધરી છે.

## ખંભાળિયાની યુવતી લાપતા



ખંભાળિયા, તા. ૨૪: ખંભાળિયા તાલુકાના હાપા લાખાસર ગામે રહેતા અલાભાઈ સોમાભાઈ ડગરા નામના ૪૫ વર્ષીય યુવાનની ૨૪ વર્ષની પુત્રી દેવીબેન ગત તારીખ આઠ ફેબ્રુઆરીના રોજ રાત્રીના સમયે પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર ચાલી ગઈ હોવાની જાણ યુવતીના પિતાએ અહીંની પોલીસને કરી છે. સાધારણ બાંધાની અને ઘઉંવર્ણી આ યુવતીની ઊંચાઈ આશરે ૪.૫ ફુટની છે. તેણે પીળા રંગની ડિઝાઈન વાળી સાડી પહેરી છે. આ યુવતીનો પત્તો મળ્યો ખંભાળિયા પોલીસ સ્ટેશનના ફોન નંબર ૦૨૮૩૩-૨૩૪૭૩૫ અથવા તપાસનીસ અધિકારી ગોવિંદભાઈ કરમુરના ફોન નંબર ૮૧૬૦૫૦૧૯૯૪ પર સંપર્ક કરવા એક યાદીમાં જણાવાયું છે.

## જામ્યુકોની ચૂંટણીમાં તમામ વોર્ડના વિજેતા થયેલા ઉમેદવારો







# ખંભાળિયા ભાજપ દ્વારા જીતનો જશ્નઃ મોઢા મીઠાં કરાવ્યા





ખંભાળિયા, તા. ૨૪: રાજયના મહાનગરો એવા અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા, જામનગર સહિતના શહેરોની મહાનગરપાલિકાઓની રવિવારે યોજાયેલી ચૂંટણીના આવેલા પરિણામોમાં ઐતિહાસિક બેઠકો પ્રાપ્ત કરી અને ભારતીય જનતા પાર્ટી દ્વારા વિપક્ષોના સુપડા સાફ કરી દેવામાં આવ્યા છે. આ ભવ્ય વિજયના અનુસંધાને ખંભાળિયા સહિત સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોમાં અનેરા આનંદ સાથે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. આ છ મહાપાલિકામાં ભાજપના ઐતિહાસિક અને ભવ્ય વિજયને વધાવવા ગઈકાલે ખંભાળિયામાં જોધપુર ગેઈટ ચોક ખાતે ભારતીય જનતા પાર્ટીના હોદેદારો-કાર્યકરો એકત્ર થયા હતા અને ભવ્ય આતશબાજી સાથે ''ભારત માતાકી જય'' ના નાદ સાથે વાતાવરણ ગૂંજી ઊઠ્યું હતું.

આ કાર્યક્રમમાં જિલ્લાના ચૂંટણી ઈન્ચાર્જ અને જિલ્લા પ્રભારી પ્રદીપભાઈ ખીમાણી, જિલ્લા ભાજપ પ્રમુખ ખીમભાઈ જોગલ, અનિલભાઈ તન્ના, શૈલેષભાઈ કણજારીયા, મોહનભાઈ બારાઈ, ઈન્દ્રજીતસિંહ પરમાર, પિયુષભાઈ કણજારીયા, વનરાજસિંહ વાઢેર, ભરતભાઈ મોટાણી, પ્રતાપભાઈ દતાણી, હસમુખ ધોળકિયા સહિતના કાર્યકરો દ્વારા વિજયના વધામણાં કરી, ઉપસ્થિત સૌના મોં મીઠા કરવામાં આવ્યા હતા.

## ખંભાળિયાની યુવતીને પતિ તથા અન્ય પત્ની દ્વારા ત્રાસ અંગે ફરિયાદ

ખંભાળિયા, તા. ૨૪: ખંભાળિયામાં હાલ કુંભાર પાડો વિસ્તારમાં હુસેની ચોક ખાતે રહેતી અને ઈસ્માઈલ મામદભાઈ ઊમટા નામના સંધિ મુસ્લિમની ૨૬ વર્ષીય પુત્રી બેનઝીરને તેણીના લગ્ન જીવનના બે માસ પછીથી તેણીના સલાયાના પરોડીયા રોડ ખાતે રહેતા પતિ મહેમુદ ઓસમાણ ધાવડા દ્વારા તેણીના લગ્નજીવન દરમિયાન અવાર નવાર બિભત્સ ગાળો કાઢી, મેણા મારવામાં આવતા હતા. આટલું જ નહીં આરોપી પતિ મહેમૂદની બીજી પત્ની સબીરા મહેમુદ ધાવડાની ચડામણીથી ફરિયાદી બેનઝીરને પતિ દ્વારા બેફામ બોલ બોલી, મારકૂટ કરવા ઉપરાંત તેણીને પોતાના સંતાન સાથે છેલ્લા દોઢેક વર્ષથી માવતરે કાઢી મૂકવામાં આવી હોવાની ધોરણસર ફરિયાદ અહીંના મહિલા પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે.

આ સમગ્ર બનાવ અંગે મહિલાની ફરિયાદ પરથી તેણીના પતિ તથા બીજી પત્ની સામે આઈ.પી.સી. કલમ ૪૯૮(એ), ૩૨૩, ૫૦૪, તથા ૧૧૪ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે.

## ખંભાળિયા નજીક બાઈકની હડફેટે પદયાત્રી યુવાનનું મૃત્યુ

જામ ખંભાળિયા, તા. ૨૪:

ખંભાળિયા-પોરબંદર ધોરીમાર્ગ પર અત્રેથી આશરે ૨૧ કી.મી. દુર ભાડથર ગામ નજીકથી ચાલીને જઈ રહેલા રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના પડવલા ગામના રહીશ એવા જેન્તીભાઈ શાંતુનાથ પરમાર નામના ૪૨ વર્ષના યુવાનને પાછળથી પૂરઝડપે અને બેફિકરાઈ પૂર્વક આવી રહેલા એક અજાણ્યા મોટરસાયકલના ચાલકે ઠોકર મારી હતી. જેથી જેન્તીનાથભાઈ ઉર્ફે જેંતીલાલ પરમારને શરીરના જુદા જુદા ભાગોમાં ગંભીર ઈજાઓ થતાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું.

આ બનાવ અંગે મૃતકના ભાઈ વિજયનાથ શાંતુનાથ પરમારની ફરિયાદ ઉપરથી ખંભાળિયા પોલીસે અજાણ્યા મોટરસાયકલ ચાલક સામે આઈ.પી.સી. કલમ ૨૭૯, ૩૦૪ (અ) તથા એમ.વી. એક્ટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ પી.એસ.આઈ. એમ. જે. સાગઠીયાએ હાથ ધરી છે.

## લાંબા ગામને એસટી તંત્ર દ્વારા થઈ રહેલો અન્યાયઃ લોકોની રજૂઆત






જામનગર તા.૨૪:

લાંબા બંદર ગામે એસટી બસ ન આવતા ગ્રામજનો દ્વારા એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૭-૨ ના એસટી વિભાગના અધિકારી દ્વારા રૂબરૂ લાંબા ગામે મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં એસટી વિભાગના અધિકારી દ્વારા જે માંગ હતી તે પુરી કરવામાં આવેલ છે. તેમ છતા એસટી વિભાગના અધિકારીને વારંવાર રજૂઆત કરેલ તેમ છે. બધા ડેપોની બસ કારણ વગર બંધ કરેલ છે. જે યોગ્ય નથી, બસ ચાલુ નહીં થાય તો ગ્રામજનો દ્વારા એસટી બસો રોકો રસ્તા લોકો આંદોલન કરવામાં આવશે. લાંબા બાયપાસથી બસો જાય તેમાં મુસાફરો હેરાન પરેશાન થાય છે. વહેલી બસો ચાલુ થાય એવું ગ્રામજનો જણાવી રહ્યા છે.

## શાપર ગામે દાઝી જતા પરિણિતાનું મોત

જામનગર તા.૨૪:

જામનગર તાલુકાના સાપર ગામે રહેતા રીનાબા વિક્રમસિંહ ચુડાસમા નામની ૨૮ વર્ષની પરિણિતા આજે તેમના ઘેર ગેસ ઉપર ગરમ પાણી મુકવા જતા અકસ્માતે ચુલાની ઝાળ અડી જતા સર્જાયેલા અકસ્માતમાં તેઓ ગંભીર રીતે દાઝી જતા સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યાં તેઓનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. આ અંગે પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## જામનગરની જી.જી. હોસ્પિટલમાં અજાણ્યા વૃદ્ધનું મૃત્યુ નિપજયું



જામનગર તા.૨૪: જામનગરના નવાગામ ઘેડ બાપુનગરમાં રહેતા વિક્રમસિંહ ભીખુભા ઝાલા જાતે.ગીરા, ઉવ.૬૫, ધંધો.સામાજીક કાર્યકર દ્વારા પોલીસમાં કરાયેલી જાહેરાત મુજબ અજાણ્યો પુરુષ ઉ.વ.આશરે ૭૦ વર્ષવાળો તા.૨૩/૨ ના રોજ જામનગર જી.જી.હોસ્પીટલના એમ.એમ-૨ વોર્ડમાં મરણ ગયેલ હોય અને તેના કોઈ વાલી વારસ મળી આવેલ ન હોય, મજકુર ઈસમે સફેદ-કાળો ચેક્સ વાળો શર્ટ તેમજ કથ્થઈ કલરનું પેન્ટ પહેરેલ તથા સફેદ કલરની દાઢી જોવામા આવે છે તેમજ માથામાં સફેદ વાળ જોવામા આવે છે અને તેમજ શરીરે મધ્યમબાંધાનો તથા વાને શ્યામ વર્ણો તથા ઉચાઈ આશરે ૫ ફૂટ ૫ ઈંચ તથા આવી વ્યકતી છે અને તેમની જાણ કોઈને હોય તો તાકિદે પોલીસનો સંપર્ક સાધવો તેમ સીટી બી ડિવીઝનની અખબારી યાદીમાં જણાવાયું છે.

## જોડિયા તાલુકા કોંગ્રેસના મહામંત્રી તરીકે નિમણુંક



હડિયાણા તા.૨૪: જોડિયા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મનોજભાઈ કે. ભીમાણી અને ટીમ દ્વારા હડિયાણા મુસ્લિમ સમાજના કાદરી મોહમ્મદ ઉંમર જાફર અલ્તાફની જોડિયા તાલુકાના મહામંત્રી તરીકેની નિમણુંક આપવામાં આવેલ છે. તો હડિયાણા ગામના સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા અભિનંદન આપ્યા હતા.

## મીઠાપુરની પરિણીતાને ત્રાસ આપવા સબબ જામનગરના પતિ, સાસુ સામે ફરિયાદ




ખંભાળિયા, તા. ૨૪: ઓખા મંડળના મીઠાપુર ખાતે હાલ રહેતી અને અબ્દ્રેમાન પઢીયારની ત્રીસ વર્ષીય પુત્રી આશિયાનાબેન હયાઝ થૈયમને તેણીના લગ્ન જીવન દરમિયાન જામનગરમાં હાપા રોડ ખાતે અમન સોસાયટીમાં રહેતા પતિ હયાઝ હસનભાઈ થૈયમ તથા સાસુ મેરુનબેન હસનભાઈ થૈયમ દ્વારા અવારનવાર દુઃખ ત્રાસ આપી, બિભત્સ ગાળો કાઢવામાં આવતી હતી. એટલું જ નહીં, ફરિયાદી આશિયાનાબેનને પુત્રીનો જન્મ થતા સાસરિયાઓ દ્વારા ત્રાસ ગુજારવામાં આવતા આ સમગ્ર બનાવ અંગે અહીં મહિલા પોલીસે આઈ.પી.સી. કલમ ૪૯૮(એ), ૩૨૩, ૫૦૪ તથા ૧૧૪ મુજબ ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી છે.

## ધ્રોલની જી.એમ. પટેલ કન્યા વિદ્યાલયમાં બેટી બચાવો, બેટી પઢાવો કાર્યક્રમ યોજાયો




ધ્રોલ તા.૨૪: ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ શાળામાં બેટી બચાવો બેટી પઢાઓ કાર્યક્રમ અંતર્ગત ધો.૯ અને ૧૧ની વિદ્યાર્થીની માટે ચિત્ર સ્પર્ધા અને નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૪૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. નંબર મેળવનાર વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આચાર્યા વિજયાબેન કે. બોડાના માર્ગદર્શન હેઠળ શાળામાં બેટી બચાવો અને બેટી પઢાઓની સિમ્બોલીક સુંદર રંગોળી અને બોર્ડ વર્ક દ્વારા બેટીનું મહત્વ અને નારી શકિતને ઉજાગર કરવાનો પ્રયાસ કર્યો. જેમાં શાળાના એનએસએસના સ્વયં સેવકો ભોજાણી કિંજલ, ઋત્વિકા, દેત્રોજા બંસી અને સુમને ગામીત હીનાબેન, ગડારા ગીતાબેન અને બોડા જયોત્સનાબેનના માર્ગદર્શન હેઠળ સુંદર કામગીરી કરી હતી.

# કેજરીવાલ સરકારે લીધો મોટો નિર્ણય : કોરોના રિપોર્ટ નેગેટિવ આવ્યા બાદ જ પાંચ રાજ્યોના લોકોને દિલ્હીમાં પ્રવેશ મળશે

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૨૪

કોરોનાના કેસ ફરી એકવાર વધતા દિલ્હી સરકાર સાવધ બની છે. દિલ્હીમાં કોરોના વાયરસના સંકટને જોતાં મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. હવેથી દેશના પાંચ રાજ્યોમાંથી દિલ્હી આવતા લોકોએ કોરોના વાયરસનો ટેસ્ટ કરાવવાનો રહેશે. જે નેગેટિવ આવ્યા બાદ જ તેમને રાજધાનીમાં એન્ટ્રી આપવામાં આવશે.

જે ૫ રાજ્યોના લોકો પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે તેમાં મહારાષ્ટ્ર, કેરળ, છત્તીસગઢ, મધ્ય પ્રદેશ અને પંજાબથી દિલ્હીઆવતા લોકોનો સમાવેશ થાય છે. આ લોકો કોરોના વાયરસના ટેસ્ટમાં નેગેટિવ થયા બાદ એન્ટ્રી આપવામાં આવશે. છેલ્લા એક સપ્તાહમાં દેશમાં કોરોના વાયરસના કેસમાં વધારો થઈ રહ્યો છે. તેમાં ૮૬ ટકા કેસ આ પાંચ રાજ્યોમાંથી જ સામે આવી રહ્યા છે. જેને ધ્યાનમાં રાખીને દિલ્હી સરકાર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. દિલ્હી સરકારનો આ નિર્ણય ૨૬મી ફેબ્રુઆરીની અડધી રાતથી લઈને ૧૫ માર્ચ સુધી લાગુ રહેશે. આ આદેશ ફ્લાઈટ, ટ્રેન અને બસથી દિલ્હી આવતા લોકો પર લાગુ પડશે. કારથી દિલ્હી આવતા લોકોને આ નિયમમાંથી બહાર રાખવામાં આવ્યા છે. પદેશમાં કોરોના વાયરસના કેસમાં ધીમે ધીમે ફરી વધારો જોવા મળી રહ્યો છે. સૌથી વધારે ચિંતા મહારાષ્ટ્રે વધારી છે જ્યાં કોરોના વાયરસની પરિસ્થિતિ બેકાબૂ હોય તેવી પરિસ્થિતિ છે. જોકે હવે વધુ એક રાજ્યએ વધતાં કેસને જોતાં પહેલી માર્ચથી નવી ગાઈડલાઈન લાગુ કરી દેવાનો નિર્ણય કર્યો છે. પંજાબમાં વધતાં કેસને જોતાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. પંજાબમાં હવે ઈન્ડોર જગ્યાઓ પર ૧૦૦થી વધારે લોકોને એકઠા થવા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે જ્યારે ખુલ્લી જગ્યા પર ૨૦૦ લોકોને ભેગા થવાની પરવાનગી આપવામાં આવશે. સરકારે બધા જ ડિસ્ટ્રિક્ટ કમિશનરને આદેશ આપ્યા છે કે તે પોતાના જિલ્લાઓમાં હોટસ્પોટ વિસ્તારોને અંક્તિ કરે છે અને જરૂર પડે તો નાઈટ કર્ફ્યૂ પણ લગાવી શકાય છે. સ્વાસ્થ્ય મંત્રાલયે પણ ગઈ કાલે જણાવ્યું હતું કે, દેશમાં કોરોનાના એક્ટિવ કેસ ૧.૫૦ લાખની આસપાસ છે. પરંતુ કેટલાક રાજ્યો જેવા કે કેરળ, મહારાષ્ટ્ર અને પંજાબમાં કોરોનાના કેસ સતત વધી રહ્યાં છે જે ચિંતાનો વિષય છે.

# રાજપીપળા પાલિકા ચૂંટણીઃ પતિ-પત્ની, કાકા-ભત્રીજી-ભત્રીજો, ભાઈ-બહેન ચૂંટણી મેદાનમાં

(જી.એન.એસ.)રાજપીપળા,તા.૨૪

રાજકીય પક્ષોની સરખામણીએ અપક્ષોનો આ વખતે રાફડો ફાટ્યો છે. આમ જોવા જઈએ તો, રાજકીય પક્ષો કરતા અપક્ષ ઉમેદવારો વધુ સક્ષમ જણાઈ રહ્યા છે. રાજપીપળા પાલિકાની આ વખતની ચૂંટણીમાં અનોખા સંજોગ પેદા થયા છે. રાજપીપળા પાલિકાની આ વખતની ચૂંટણીમાં પતિ-પત્નીના ૨ જોડા, કાકા-ભત્રીજી-ભત્રીજો, ભાઈ-બહેન ચૂંટણી મેદાનમાં છે. બીજી તરફ પાલિકા પૂર્વ પ્રમુખ અપક્ષ તો એમની, પત્ની, ભાઈ અને ભત્રીજાએ કોંગ્રેસમાંથી ઉમેદવારી નોંધાવી છે. રાજપીપળા પાલિકા વોર્ડ ૭માંથી પતિ નીલેશસિંહ આટોદરિયા પત્ની મીનાક્ષીબેન જનહિત રક્ષક પેનલમાંથી જ્યારે વોર્ડ ૩માંથી પતિ ભરતભાઈ માધુભાઈ વસાવાએ અપક્ષ અને પત્ની ભારતીબેન વસાવાએ વોર્ડ ૭ માંથી કોંગ્રેસના ઉમેદવાર છે. બીજી બાજુ એમની પુત્રી રિયાબેન ભરતભાઈ વસાવા, ભાઈ સુરેશ વસાવા અને ભત્રીજા સુનિલ ભંગાભાઈ વસાવાએ કોંગ્રેસમાંથી ઉમેદવારી નોંધાવી છે. રાજપીપળા પાલિકા વોર્ડ ૫માંથી એક ભાઈ મૂંતઝીરખાન શેખે કોંગ્રેસમાંથી જ્યારે બીજા ભાઈ મોઈન શેખે વોર્ડ ૩માંથી અપક્ષ ઉમેદવારી અને બહેન ફરીદાબાનુ શેખે વોર્ડ ૧માંથી અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. રાજપીપળા પાલિકાની આ વખતની ચૂંટણીમાં ''આમ'' થી લઈને ''ખાસ'' લોકો ચૂંટણી મેદાનમાં છે. આ વખતે રાજપૂત પરિવારની ત્રીજી પેઢી ચૂંટણી લડી રહી છે. ભૂતકાળમાં ડો.જે.સી.ગોહિલ પછી એમના પુત્ર સ્વ.અલકેશસિંહ ગોહિલ અને હવે એમનો પુત્ર કુલદીપસિંહ ગોહિલ વોર્ડ ૬માંથી ભાજપના ઉમેદવાર છે.

# મુંબઇ : ઓટો ડ્રાઈવરે પૌત્રીને ભણાવવા માટે ઘર વેચ્યું, મળ્યું ૨૪ લાખનું ઈનામ

ચક્રવાત ટીમ મુંબઇ, તા.૨૪

મુંબઈમાં રહેતા ૭૪ વર્ષના ઓટો ડ્રાઈવર દેશરાજ થોડા સમય પહેલા સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા. દેશરાજે કહ્યું કે તેણે તેની પૌત્રીને ભણાવવા પોતાનું ઘર વેચી દીધું હતું અને તે બે દાયકાથી પણ વધુ સમયથી પોતાની રિક્ષાને ઘર બનાવીને રહે છે. તેની વાર્તા સાંભળીને હજારો લોકો ભાવુક થઈ ગયા અને હવે તેમના માટે નાણાં એકત્ર કરવામાં આવ્યા છે અને દેશરાજને ૨૪ લાખ રૂપિયા દાનમાં આપવામાં આવ્યા છે. સોશ્યલ મીડિયા પર ખૂબ જ લોકપ્રિય 'હ્યુમ્સ ઓફ બોમ્બે' નામનું એક પેજ પર, આ માણસની કહાની સૌથી પહેલાં બહાર આવી હતી, જેના પછી દેશરાજ ખૂબ વાયરલ થયા હતા. તેની કહાની સાંભળીને ઘણાં સોશ્યલ



મીડિયા વપરાશકર્તાઓ લાગણીશીલ બની ગયા અને દેશરાજ માટે ભંડોળ એકત્ર કરવાની કોશિશ શરુ કરવામાં આવી. દેશરાજ માટે ૨૦ લાખ રૂપિયા ભંડોળ એકત્ર કરવાનો લક્ષ્યાંક હતો, જોકે આ લક્ષ્યાંક ઓળંગી ગયો હતો અને તાજેતરમાં જ તેને ૨૪ લાખ રૂપિયાનો ચેક મળ્યો છે જેથી તેઓ પોતાના માટે ઘર લઈ શકે. આ પેજના કેપ્શનમાં લખ્યું હતું કે દેશરાજજીને લોકોનો ઘણો સપોર્ટ મળ્યો છે. લોકોના પ્રયત્નોને લીધે, આજે તેમની પાસે એક નિશ્ચિત છત છે અને તેઓ આ મકાનમાં તેમની પૌત્રીને ભણાવી ગણાવીને શિક્ષક પણ બનાવી શકશે. આપ સૌનો ખૂબ ખૂબ આભાર. નોંધપાત્ર વાત એ છે કે, દેશરાજના બંને પુત્રો થોડા વર્ષોમાં જ મૃત્યુ પામ્યા હતા. જે બાદ, ૭ લોકોના પરિવારમાં તેના પર જવાબદારી થોપાઈ હતી. પત્ની બીમાર પડ્યા પછી દેશરાજની આર્થિક સ્થિતિ પણ કથળી બની હતી. દેશરાજ મુંબઈમાં રીક્ષા ચલાવતા અને તે આખો દિવસ રિક્ષામાં જ સુઈ જતા. જો કે, આ બધી મુશ્કેલીઓ હોવા છતાં, તે તેની પૌત્રીને ભણાવવા માટે હમેશા તત્પર રહેતા હતા. અને આવા જ તેના દ્રઢ નિશ્ચયથી સોશ્યલ મીડિયામાં લોકોએ તેની ઉમદા પ્રશંસા કરી હતી.

# નરેન્દ્ર મોદી દેશના સૌથી મોટા દંગાબાજ છે : મમતા બેનર્જી

## મમતા બેનર્જીએ મોદી-શાહને રાવણ અને દાનવ કહ્યા



(જી.એન.એસ)હુબલી,તા.૨૪

પશ્ચિમ બંગાળમાં થનારી વિધાનસભા ચૂંટણી પહેલા તૃણમૂલ કોંગ્રેસના નેતાઓના એલફેલ નિવેદનો શરૂ થઈ ગયા છે. આ બધા વચ્ચે આજે હુગલીના ડનલપમાં જનસભાને સંબોધન કરતી વખતે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેરનજીએ મર્યાદા ઓળંગી નાખી અને પીએમ મોદીને દાનવ, રાવણ અને ગુંડા સુદ્ધા કહી નાખ્યા. આ અગાઉ પીએમ મોદીએ પણ ડનલપ મેદાનમાં સભા કરી હતી.

મમતા બેનરજીએ જનસભા સંબોધિત કરતા કહ્યું કે 'હંમેશા તમે (ભાજપ) કહે છે કે તૃણમૂલ કોંગ્રેસ ટોળાબાજ, પરંતુ હું આજે કહું છું કે તમે (ભાજપ) દંગાબાજ અને ધંધાબાજ છો. બંગાળ પર બંગાળ શાસન કરશે, બંગાળ પર ગુજરાત શાસન નહીં કરે. અમને બંગાળ નહીં બાંગ્લા જોઈએ. મોદી બંગાળ પર રાજ નહીં કરે. બંગાળ પર ગુંડા અને બદમાશ રાજ નહીં કરે.'

જનસભાને સંબોધિત કરતા મમતા બેનરજી મર્યાદા ભૂલી ગયા અને પીએમ મોદી તથા અમિત શાહને રાવણ તથા દાનવ કહી નાખ્યા. તેમણે કહ્યું કે 'ખુબ વધુ બોલી રહ્યા છો અને બે મહિના બાકી છે, જોઈએ પછીથી કોણ બોલે છે. નરેન્દ્ર મોદી ખોટું બોલી રહ્યા છે, બોલે છે કે બંગાળ લઈ લઈશું, પરંતુ બંગાળને લેવું એટલું સરળ નથી. આ ચૂંટણીમાં ખેલા હોબે...ખેલા તો હોબે...(ખેલ થશે) ભાજપ દેખો ખેલા હોબે...' સીબીઆઈ દ્વારા અભિષેક બેનરજીની પત્ની રૂજિરા બેનરજીની સીબીઆઈ દ્વારા પૂછપરછ ઉપર પણ મમતા બેનરજીએ ભાજપ પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે ભારતીય જનતા પાર્ટી (BJP) મહિલાઓનું સન્માન કરતી નથી. આ જ કારણ છે કે રૂજિરાને કોલસા મામલે ફસાવવામાં આવી રહી છે અને તેને નિશાન બનાવવામાં આવી રહી છે. મમતા બેનરજીએ મીડિયા ઉપર પણ નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે અમે અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું કામ કર્યું છે. મોદીએ શું કર્યું? તેમણે મીડિયા માલિકોને ધમકી આપી છે, મીડિયા જે પણ કહે છે તેના પર

## ટ્રમ્પ કરતા પણ ખરાબ નસીબ મોદીની રાહ જોઇ રહ્યું છે



વિશ્વાસ ન કરો. નકલી વીડિયો છે. પીએમ મોદી ખોટું બોલી રહ્યા છે કે નોકરી નથી. કોમરેડ, તમે દેશને વેચી દીધો છે. આપણે ગરીબીમાં નંબર વન રહ્યા છીએ. મમતા બેનરજીએ કહ્યું કે 'અમે સીબીઆઈને ધમકી આપી રહ્યા છીએ પરંતુ ધરપકડ કરીને તો બતાવો. કેટલાક લોકોની ધરપકડ કરશો.

# દહેગામમાં પિતાને કિડની દાન આપનારા પુત્રનું માર્ગ અકસ્માતમાં મોતથી અરેરાટી

(જી.એન.એસ.)દહેગામ,તા.૨૪

પિતાને કિડની નું દાન આપી નવ જીવન આપનાર ગાંધીનગરના ૨૭ વર્ષીય ખુમાનસિંહ રાણાનું આજે પરોઢિયે દહેગામના પાલૈયા પાસે માર્ગ અકસ્માતમાં કરૂણ મોત નિપજ્યું છે. કરજોદરા મુકામે ચૂંટણી પ્રચાર કરીને ઘરે પરત ફરતી વખતે કાર ધડાકાભેર ડિવાઈડર સાથે અથડાતાં ખુમાનસિંહ ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું અકસ્માતના પગલે જિલ્લા કોંગ્રેસના અગ્રણીઓ તેમજ કાર્યકરો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે દોડી ગયા હતા. આ અંગે દહેગામ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીનગરના મૂળ ધણપ ગામના વતની અને હાલમાં સેક્ટર ૨૧ ખાતે રહેતા ખુમાનસિંહ રાણા શહેર કોંગ્રેસ વોર્ડ ૩ ના પ્રમુખ તરીકેની કામગીરી કરતા હતા. જ્યારે તેમના પિતા અમરસિંહ રાણા જિલ્લા માહિતી વિભાગમાં સારથી તરીકે ફરજ બજાવતા હતા. પરિવાર ખુશખુશાલ જીવન પસાર કરી રહ્યો હતો.

અચાનક અમરસિંહ રાણાને કિડનીની બિમારી હોવાનું માલૂમ પડ્યું હતું. અચાનક આવી પડેલી ઘરના મોભીની કિડનીની બીમારીથી પરિવાર પર આભ તૂટી પડયું હતું. લાખો રૂપિયા ખર્ચ કરીને પણ કિડની ખરીદી શકે તેવી સ્થિતિમાં પરિવાર ન હતો. ત્યારે મોટા દીકરા અને નાના દીકરાએ પિતાને કિડની આપવાની તૈયારી દર્શાવી હતી. બાદમાં જરૂરી તબીબી પરિક્ષણ પછી પુત્ર ખુમાનસિંહની કિડની મેચ થઈ હતી.

તમામ તબીબી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પુત્ર ખુમાનસિંહએ પોતાની એક કીડની આપીને પિતાને નવજીવન અર્પી સમાજમાં ઉત્તમ દાખલો બેસાડ્યો હતો. ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ કડજોદરા બેઠક પરથી ઉમેદવારી નોંધાવતા ૨૭ વર્ષીય ખુમાનસિંહ રાણા ચૂંટણીપ્રચાર અર્થે કડજોદરા મુકામે ગયા હતા. ચૂંટણીપ્રચાર પતાવીને ખુમાનસિંહ પોતાની કાર લઈને આજે પરોઢિયે ગાંધીનગર પરત ફરી રહ્યા હતા ત્યારે બાયડ રોડ પાલૈયા નજીક તેમની કાર ડિવાઈડર સાથે ધડાકાભેર ટકરાઈ હતી. ડિવાઈડરનો થાંભલો તૂટીને કારનો કાચ તોડી તેમના માથામાં વાગ્યો હતો. બાદમાં કાર પલટી ખાઈને રોડની સાઈડ ઉતરી ગઈ હતી.

# રાજુલા મહુવા હાઈવે પર ટ્રકઅકસ્માતમાં ૧૦ઘવાયા

(જી.એન.એસ.)અમરેલી,તા.૨૪

અમરેલી જિલ્લામાં માર્ગો અતિ બિસમારના કારણે વાંરવાર નાના મોટા અકસ્માતની ઘટના વાંરવાર આવે છે, ત્યારે ફરીવાર આજે મોટી દુર્ઘટના ટળી છે હતી. રાજુલા અને મહુવા વચ્ચે માંડળ ગામ નજીક માર્ગ ખરાબ હોવાના કારણે એક ટ્રક ખાળીયામાં ઉતરી ગઈ હતી. જોકે, સદભાગ્યે ટ્રક અટકી જતાં તેમાં સવાર ૧૦ મજુરોનો બચાવ થયો હતો. ભાવનગર સોમનાથ નેશનલ હાઈવે પર અનેક બાઈક ચાલકોના મોત અકસ્માતના કારણે થયા છે. રાજુલાથી માંડી મહુવા સુધી માર્ગ અતિ બિસમાર અને ધૂળ ઉડવાના કારણે નાના મોટા અકસ્માત સર્જાય છે, ત્યારે ફરીવાર આજે મોટી દુર્ઘટના ટળી હતી. માંડળ ગામ નજીક ખરાબ માર્ગના કારણે એક ટ્રક ખાળીયામાં ટ્રક ઉતરી ગઈ હતી.

# યથા પ્રજા તથા રાજા

ચક્રવાત ટીમ રાજકોટ તા.૨૪

ભાજપનો ગઢ ગણાતા ગુજરાત અને આપણા સંવેદનશીલ મુખ્યમંત્રી જ્યારે રાજકોટના જ છે ત્યારે મ્યુ. કોર્પોરેશનની ચૂંટણી ભાજપ માટે આસાન હોય તેમ આપણે માની શકીએ પણ આ વખતની પરિસ્થિતતી વિપરીત હતી અને ભાજપ માટે લોઢાના ચણા ચાવવા જેવી અઘરી હતી તેવુ કહી શકાય. આડેધડ મેમો, પેટ્રોલ-રાંધણગેસમાં ભાવવધારો, માસ્કમા દંડ, કોરોનાના કારણો ઓછો મતદાનનો ડર વગેરે એવા કારણો છે. જેને લઈને રાજકીય વિશ્લેષકોનો પણ એવો જ મત હતો કે ગુજરાત રાજકારણમાં નવા જુની થઈ શકે છે પરંતુ ગુજરાત ભાજપે પોતાની પરંપરા જાળવી રાખી એકંદરે જોવા જઈએ તો એવુ પણ કહેવાતુ હતુ કે સી.આર. પાટીલની વયમર્યાદા, ત્રણ ટર્મ વગેરેની ફોર્મ્યુલાના કારણે ભાજપના જુના જોગીઓ પણ વિરોધીઓને જ મત આપશે. ભલે 'આપ' તો ન જ જીતી શકત પણ દિલ્હીમાં કેજરીવાલ અને સિસોદીયાના કાબીલેદાદ કામને કારણે કોંગ્રેસ અને ભાજપના મતોનું વિભાજન તો જરૂર શક્ય હતુ. સાથો સાથ ઈન્દ્રનીલ રાજ્યગુરૂની ઘરવાપસીને કારણે કોંગ્રેસ પણ પુરજોશમાં હતી. કોંગ્રેસે પ્રચારમાં તો જરા પણ કસર નહોતી છોડી અને વાયદાઓના પટારા ખોલ્યા હતા પરંતુ નબળી વ્યવસ્થા અને નબળા નેતાઓના કારણે દર વખતની જેમ આ વખતે પણ તેણે હારનો સામનો કરવો પડ્યો હતો. આ વખતની ચૂંટણીમાં કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ જેમ કે અહેમદ પટેલ, ભરતસિંહ સોલંકી વગેરેના અનુભવ અને માર્ગદર્શનની કમી વર્તાય છે. ભલે રાજકોટ ભાજપનું ગઢ રહ્યું પરંતુ આ વખતની ચૂંટણીમા ભાજપ સામે ઘણા મોટા પડકારો હતા તેમ છતા એ સ્વીકારવાનુ જ રહે કે આ વખતે ભાજપે મોદી, પાટીલ અને રૂપાણીની અધ્યક્ષતાથી ઘણી મોટી સરસાઈથી જીત હાસીલ કરી છે. તેની સાથે 'આપ'એ પણ ગુજરાતમાં પગ જમાવવાની શરૂઆત કરી દીધી છે અને કોંગ્રેસનો સૂર્યાસ્ત થયો છે.

- જય આચાર્ય

# પોરબંદરના શ્રીસત્યનારાયણ મંદિર ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

## બહેનોએ મતદાન કરવાના સંકલ્પ સાથે લીધા શપથ

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૨૪

પોરબંદરમાં આવેલા શ્રીસત્યનારાયણના મંદિર ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મહિલાઓએ ઉત્સાહથી જોડાઈને મતદાન કરવાના સંકલ્પ સાથે સપથ લીધા હતા. બહેનોમાં મતદાન વિશે જાગૃતિ આવે એ હેતુથી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પોરબંદર ના માર્ગદર્શન હેઠળ તથા સ્વેપ ટીમ દ્વારા 'મતદાનના મહત્વ વિશે મતદાન જાગૃતિ કાર્યક્રમ' યોજાયો હતો, જેમાં સ્વેપ ટીમે બહેનોને મતદાનના મહત્વ વિશે તથા લોકશાહીપર્વ વિશે જાણકારી આપી હતી. કાર્યક્રમમાં સામાજિક અંતર અને ફેસ માસ્ક સાથે બહોળી સંખ્યામાં બહેનોએ જોડાઈને મતદાન કરવાના સંકલ્પ સાથે શપથ લીધા હતા. આ ઉપરાંત મહિલા મંડળ ખાતે અગ્રણીઓ ડો. નિતાબેન વ્હોરા, દુર્ગાબેન લાદીવાલા અને વંદનાબેન રૂપારેલ વગેરેએ વધુ મતદાન કરવા વિશે બહેનોને અપીલ પણ કરી હતી.

# યમુના એક્સપ્રેસ વે પર ટેન્કર કાળ બની કાર પર ફરી વળ્યું, ૭નાં મોત

(જી.એન.એસ.)મથુરા,તા.૨૪

આગ્રા-દિલ્હી યમુના એક્સપ્રેસ વે પર ફરી એક વાર દુઃખદ અકસ્માત સર્જાયો હતો. મંગળવારે મોડીરાતે એક હાઈ સ્પીડ ટેક્કર બેકાબૂ થઈને ઈનોવા કાર પર પલટી ખાઈ ગયું હતું. ઘટનાસ્થળે જ ૨ મહિલાઓ સહિત કારમા સવાર તમામ ૭ લોકોનાં મોત નીપજ્યાં હતાં. અકસ્માતની જાણ થતાં જ પોલીસ એક્સપ્રેસ વેના જવાનો સહિતની રેસ્કયુ ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. આ અકસ્માત મથુરા-અલીગઢ બોર્ડર પર સ્થિત થાણા નૌજિલ વિસ્તારના માઈલ સ્ટોન ૬૮ નજીક બન્યો હતો. મૃત્યુ પામેલા લોકો હરિયાણાના જીંદના રહેવાસી હતા.

મળતી માહિતી મુજબ નોઈડા તરફથી આવતું ટેક્કર બેકાબૂ થઈ ગયું હતું અને ડિવાઈડર તોડી બીજી બાજુ ઈનોવા કાર પર પલટી ખાઈ ગયું હતું. ઈનોવામાં સવાર લોકો નોઈડા તરફ જઈ રહ્યા હતા. અકસ્માત એટલો ગંભીર હતો કે કારના તમામ સાત મુસાફરોનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માત એટલો ભયંકર હતો કે, કારના કચ્ચરઘાણ વળી ગયો હતો. અકસ્માતમાં ગામના સફિદોન, જીંદના રહેવાસી મનોજ, બબીતા, અભય, હેમંત, કલ્લુ, હિમાદ્રી અને ડ્રાઈવર રાકેશનું મોત નીપજ્યું હતું. અકસ્માતની જાણ થતાં જ પોલીસ અને એક્સપ્રેસ વેના જવાનો અને બચાવ ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. ડીએમ નવનીત ચહલ અને એસએસપી ગૌરવ ગ્રોવર પણ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને કારમાં ફસાયેલા લોકોને બહાર કાઢવાની કામગારી હાથ ધરવામાં આવી હતી.

અકસ્માત બાદ યમુના એક્સપ્રેસ વે પરથી પસાર થતાં અન્ય વાહનચાલકો પણ એકઠા થઈ ગયા હતા. પોલીસે મૃતદેહોના કારમાંથી બહાર કાઢીને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલવાની સહિતની કાર્યવાહી હાથ ધરી છે. જણાવી દઈએ કે, અગાઉ પણ ગાઢ ધૂમ્મસને કારણે યમુના એક્સપ્રેસ વે પર કાર ટ્રકમાં ઘૂસી ગઈ હતી. જેમાં ૬ જેટલા લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા.

# લોકો દ્વારા અને લોકો માટેના સુત્ર સાથે ૬૧ વર્ષથી કાર્યરત

## વેરાવળ પીપલ્સ બેંકને બેસ્ટ બેંક ડેવલોપમેન્ટનો એવોર્ડ એનાયત કરાયો

(જી.એન.એસ.) વેરાવળ,તા.૨૪

લોકો દ્વારા અને લોકો માટેના સુત્ર સાથે છેલ્લા ૬૧ વર્ષથી કાર્યરત સૌરાષ્ટ્રની અગ્રણી સહકારી બેંક વેરાવળ પીપલ્સ કો.ઓપ. બેંક લી.ને ઉત્કૃષ્ઠ પરીણામો અને સેવાઓ બદલ તાજેતરમાં રાષ્ટ્રીય નિર્માણ રત્ન એવોર્ડ ફોર ધ કો. ઓપ.બેંક ડેવલોપમેન્ટના એવોર્ડથી સન્માનીત કરવામાં આવેલ છે. નેશનલ એચીલીવર્સ રીકોગ્નીશન ફોરમ તથા પર્મોટીંગ એચિવમેન્ટ ફાઉન્ડેશન સંસ્થા દ્વારા દિલ્હીના કોન્સ્ટીટયુશન કલબ ખાતે યોજાયેલા સમારોહમાં દિલ્હી વિધાનસભાના અધ્યક્ષ રામનિવાસ ગોયલ, ભુતપૂર્વ મંત્રી ધીરેન્દ્ર પ્રતાપસિંહ, ખાદી અને ગ્રામીણ બોર્ડના ચેરમેન વિરેન્દ્ર ગર્ગ દ્વારા પીપલ્સ બેંકના એમડી અશોકભાઈ ગદા, જો.એમ. ડી. સુનીલભાઈ સુબા, જીએમ રજનીકાંત ચંદારાણાને સન્માન પત્ર, મેડલ અને એવોર્ડ અર્પણ કરી સન્માનીત કરવામાં આવેલ હતા.

આ સન્માન સૌરાષ્ટ્ર-કચ્છ પ્રાંતની સર્વ પ્રથમ પીપલ્સ બેંક હોવાનું અને આ એવોર્ડનો સંપૂર્ણ શ્રેય બેંકના ગ્રાહકો, સભાસદોનો વિશ્ર્વાસ તથા બોર્ડ ઓફ ડીરેકટર્સની નિસ્વાર્થ સેવાઓ તથા સુઘડ વહીવટ અને કર્મચારીઓની નિષ્ઠાપૂર્વક કામગીરીથી થયેલ હોવાનું બેંકએ યાદીમાં જણાવ્યું હતુ.

# નર્મદા કેનાલમાંથી મળેલ પ્રેમી યુગલે સ્યુસાઈડ નોટમાં અગ્નિસંસ્કાર સાથે કરવા કરી અપિલ

(જી.એન.એસ.)દિયોદર,તા.૨૪

દિયોદરના નોખા પાસે નર્મદા કેનાલમાં દિયોદર તાલુકાના જાડા ગામના પ્રેમી યુગલે ઝંપલાવી મોતને વ્હાલું કર્યુ હતું.જેમાં પ્રેમી યુગલે બન્નેના સાથે અંતિમ સંસ્કાર કરવા સુસાઇડ નોટમાં અપીલ કરાઈ હતી. બંને સગા માસીયાઈ ભાઈ બહેન હોવાથી લગ્ન શક્ય ન હોઈ આ પગલું ભર્યુ છે.દિયોદર તાલુકાના જાડા ગામે રહેતો શ્રવણ જોરાજી ઠાકોર અને ગામમાં રહેતી નર્મદાબેન બંને જણા પ્રેમ કરતા હોવાથી અને બંને એકબીજા વગર રહી શકતા ન હોવાથી મંગળવારે નોખા નર્મદા કેનાલમાં ઝપલાવ્યું હતું. જેમાં સ્થાનિક લોકોને આ બાબતની જાણ થતાં તરવૈયાની મદદ લઈ શોધખોળ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન કેનાલમાંથી બંને યુવક-યુવતીની લાશ બપોરે શોધખોળ દરમિયાન મળી આવી હતી. જેમાં બંને મૃતકોને પીએમ અર્થે દિયોદર રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જે મામલે દિયોદર પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. જાડા ગામના પ્રેમી યુગલે નોખા નર્મદા કેનાલમાં ઝંપલાવી મોતને વ્હાલું કર્યું હતું. જો કે યુવકે મરતા પહેલા તેના મમ્મી-પપ્પાને સોરી કહેતા સુસાઈટ નોટ લખી છે. જેમાં એક બીજા વગર રહી ન શકતા આ પગલું ભર્યું હોવાનું ઉલ્લેખ કર્યો છે. જેમાં બંને લાશને પણ એક સાથે અગ્નિસંસ્કાર આપવા સુસાઈટ નોટમાં અપીલ કરવામાં આવી છે. હું તમને છોડીને જાઉં છું. કારણ કે હું મારી પ્રેમિકા વગર રહી શકું તેમ નથી અને મારી પ્રેમિકા પણ મારા વગર રહી શકે તેમ નથી.

તેથી અમે બંન્ને બધાને છોડીને જઈ રહ્યા છીએ અને અમે ક્યારેય સાથે તો રહેવાના નથી તેથી તે વિચારીને જઈએ છીએ. અમારાથી કાંઈ નાની મોટી ભૂલ થઈ હોય તો માફ કરજો. અને અમે સાથે તો રહ્યા નથી પણ અમારા અગ્નિ સંસ્કાર સાથે થાય તેવા પ્રયત્ન કરજો આટલી અમારી ઈચ્છા પૂરી કરજો. હું મારા મમ્મી-પપ્પાને દુઃખી કરવા નતો માંગતો તેથી મારે આ પગલું ભરવું પડ્યું. એ જે મને પ્રેમ કરે છે તે છોકરી પણ બીજાની થવા નતી માંગતી તેથી અમે આ કરી રહ્યા છે. આના સિવાય બીજો આઈડિયા અમારી પાસે નતો સોરી.

# કેશોદ પાલિકાની ચૂંટણીમાં એન.સી.પીના ઉમેદવાર એકલા પ્રચારમાં ઉતર્યા

(જી.એન.એસ.)કેશોદ,તા.૨૪

જૂનાગઢના કેશોદના પાલીકાના વોર્ડ નંબર સાત અને આઠના એન.સી.પી ઉમેદવાર રાજુભાઈ પંડયા હાથલારીમાં હળવા સંગીત સાથે માઈક વગાડતાં શોર બકોર કર્યા વગર પોતાના મત વિસ્તારના જુદા-જુદા વિસ્તારોમાં લોકસંપર્ક કરી રહ્યા છે.

ઉમેદવાર રાજુભાઈ મતદારો સાથે તેમના વિસ્તારોનાં પડતર પ્રશ્નો અને અપેક્ષાઓ અંગે ચર્ચા કરી સંતોષ કારક ઉકેલ લાવવા ખાત્રી આપતા જોવા મળી રહ્યા છે. કોરોના મહામારી વચ્ચે યોજાઈ રહેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોવીડ-૧૯ની ગાઈડ લાઈન હેઠળ ચુંટણી યોજવાની છે, પરંતુ કોરોના ગાઈડ લાઈનનો ભંગ મુખ્ય રાજકીય પક્ષો ખુલ્લેઆમ કરી રહ્યાં છે.

જ્યારે જુનાગઢ જીલ્લાના કેશોદ નગરપાલિકા વોર્ડ નંબર સાત અને આઠના એન.સી.પી પાર્ટીના ઉમેદવાર રાજુભાઈ પંડયા હાથલારીમાં પોતાનો ટુંકો પરીચય આપતી વિગત અને ક્રમ નંબર સાથે પક્ષનું ચુંટણી ચિહ્ન દર્શાવતાં બેનર લગાવી હળવા સંગીત સાથે માઈક વગાડતાં શોર બકોર વગર પોતાના મત વિસ્તારમાં લોકસંપર્ક કરી રહ્યા છે. રાજુભાઈ પંડ્યાએ જનહિતના ઘણા કાર્યોમાં મેળવી છે સફળતાએન.સી.પીમાંથી પાલીકાના ચુંટણી લડી રહેલા રાજુભાઈ પંડયાએ કેશોદ હિતરક્ષક સમિતિના કન્વીનર તરીકે સેવા આપવા સાથે શહેરના વિવિધ પ્રશ્નોની રજૂઆત કરી શહેરીજનોનાં હિતમાં તંત્ર પાસે નિર્ણયો કરાવવામાં સફળતા મેળવી છે.

જેમાં શહેરના મુખ્યત્વે પ્રશ્નોમાં વિજ સિક્યુરિટી રદ કરાવવી, એરીયાબેઝ આકરણી કરી વેરા લાગું કરાવવા, વિવિધ વેરાઓ વધારવામાં આવે તો વાંધા અરજીઓ એકઠી કરી ઘટાડો કરાવવાં સાથે કેશોદ નગરપાલિકા કચેરી શહેર બહાર જતી અટકાવવામાં સફળતા પ્રાપ્ત કરી છે. કેશોદ રેલ્વે સ્ટેશન પર વધારાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની સાથે રાજુભાઈ પંડયાની આગેવાની હેઠળ વેરાવળ-દ્વારકા, વેરાવળ- મુંબઈ ટ્રેન શરૂ કરાવવામાં આવેલી છે.

# યમુના એક્સપ્રેસ વે પર ટેન્કર કાળ બની કાર પર ફરી વળ્યું, ૭નાં મોત

(જી.એન.એસ.)મથુરા,તા.૨૪

આગ્રા-દિલ્હી યમુના એક્સપ્રેસ વે પર ફરી એક વાર દુઃખદ અકસ્માત સર્જાયો હતો. મંગળવારે મોડીરાતે એક હાઈ સ્પીડ ટેક્કર બેકાબૂ થઈને ઈનોવા કાર પર પલટી ખાઈ ગયું હતું. ઘટનાસ્થળે જ ૨ મહિલાઓ સહિત કારમા સવાર તમામ ૭ લોકોનાં મોત નીપજ્યાં હતાં. અકસ્માતની જાણ થતાં જ પોલીસ એક્સપ્રેસ વેના જવાનો સહિતની રેસ્કયુ ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. આ અકસ્માત મથુરા-અલીગઢ બોર્ડર પર સ્થિત થાણા નૌજિલ વિસ્તારના માઈલ સ્ટોન ૬૮ નજીક બન્યો હતો. મૃત્યુ પામેલા લોકો હરિયાણાના જીંદના રહેવાસી હતા.

મળતી માહિતી મુજબ નોઈડા તરફથી આવતું ટેક્કર બેકાબૂ થઈ ગયું હતું અને ડિવાઈડર તોડી બીજી બાજુ ઈનોવા કાર પર પલટી ખાઈ ગયું હતું. ઈનોવામાં સવાર લોકો નોઈડા તરફ જઈ રહ્યા હતા. અકસ્માત એટલો ગંભીર હતો કે કારના તમામ સાત મુસાફરોનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માત એટલો ભયંકર હતો કે, કારના કચ્ચરઘાણ વળી ગયો હતો.

અકસ્માતમાં ગામના સફિદોન, જીંદના રહેવાસી મનોજ, બબીતા, અભય, હેમંત, કલ્લુ, હિમાદ્રી અને ડ્રાઈવર રાકેશનું મોત નીપજ્યું હતું. અકસ્માતની જાણ થતાં જ પોલીસ અને એક્સપ્રેસ વેના જવાનો અને બચાવ ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. ડીએમ નવનીત ચહલ અને એસએસપી ગૌરવ ગ્રોવર પણ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને કારમાં ફસાયેલા લોકોને બહાર કાઢવાની કામગારી હાથ ધરવામાં આવી હતી.

અકસ્માત બાદ યમુના એક્સપ્રેસ વે પરથી પસાર થતાં અન્ય વાહનચાલકો પણ એકઠા થઈ ગયા હતા. પોલીસે મૃતદેહોના કારમાંથી બહાર કાઢીને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલવાની સહિતની કાર્યવાહી હાથ ધરી છે. જણાવી દઈએ કે, અગાઉ પણ ગાઢ ધૂમ્મસને કારણે યમુના એક્સપ્રેસ વે પર કાર ટ્રકમાં ઘૂસી ગઈ હતી. જેમાં ૬ જેટલા લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા.

*તંત્રી સ્થાનેથી......*

# જાગો હિન્દુસ્તાનીઓ જાગો...! વાસ્તવિકતા નિહાળો..!

વર્તમાન સમયમાં દેશમાં પેટ્રોલના ભાવ આસમાને પહોંચ્યા છે, એક લીટર પેટ્રોલના રૂા.૧૦૦ની આસપાસ ભાવ પહોંચી ગયા છે. લોકોમાં પેટ્રોલના ભાવ વધારા અંગે અનેક વેદનાઓ દર્શાવવામાં આવી રહી છે. આજના સોશિયલ મિડીયામાં પણ લોકો આ અંગેની ટીકાટીપ્પણી કરી રહ્યા છે, અમુક લોકો આ મુદ્દાને હાસ્યમાં ફેરવીને તેમની વેદના દર્શાવી રહ્યા છે. ત્યારે દેશના તજજ્ઞો દ્વારા પેટ્રોલના ભાવ વધારાના મુદ્દે અનેક પાસાઓ દર્શાવવામાં આવ્યા છે. આવા મુદ્દાઓને ધ્યાને લઈએ તો તાજેતરમાં જ સમગ્ર દેશમાં કોરોના જેવી મહામારીને કારણે લોકડાઉનમાં લાંબો તબક્કો પસાર કરવો પડયો છે. રાજય સરકાર અને કેન્દ્ર સરકારને આ સમયગાળામાં ભોગવવી પડેલી હાલાકીની સાથોસાથ દેશના દરેક પ્રજાજનોને કોઈ મુશ્કેલી થાય નહીં તે માટે મફતમાં રાશન, પાણી સહિતની મોટાભાગની જરૂરિયાત મુજબની પ્રતિક્રિયાઓ દર્શાવવામાં આવી હતી. સાથોસાથ આરોગ્ય ક્ષેત્રે પણ કોઈ કચાશ છોડવામાં આવી ન હતી. તેમ છતા પેટ્રોલના વધેલા ભાવ કયા કારણોથી વધતા જાય છે? અને સરકાર કેવી કસોટીમાંથી પસાર થઈ રહી છે? તેવા ઉદભવતા અનેક પ્રશ્નો લોકો માટે વિચારવા લાયક બની જવા પામ્યા છે.

દેશના લોકોને સૌ પ્રથમ વખત જ રૂા.૧૦૦નું પેટ્રોલ જોવા મળ્યું છે. તેની સાથે કઈ-કઈ બાબતો પ્રથમ વખત દેશવાસીઓને જોવા મળી તે અંગે તજજ્ઞો દ્વારા અલગ-અલગ મુદ્દાઓની છણાવટો કરવામાં આવી રહી છે. જેમાં દેશમાં રૂા.૧૦૦નું પેટ્રોલ પ્રથમ વખત જોવા મળ્યું છે તો સરકારની કામગીરીના પગલે લોકોએ પહેલી વખત ચીનના સૈનિકોને પીછેહઠ કરતા જોઈ છે. દેશવાસીઓએ પહેલીવાર જ પાકિસ્તાનને એ અહેસાસ ભારતે કરાવ્યો છે કે, ભારત ઈચ્છે તો ઘરમાં ઘુસીને ઠાર કરે તેવી જ રીતે પહેલીવાર જ વિશ્ર્વભરમાં ભારત પાસેથી અન્ય દેશોએ માંગી કોરોનાની વેકસિન આમ પહેલીવાર જોવાની લોકોએ હવે ટેવ પાડવી પડશે. કેમ કે આ પહેલીવાર પેટ્રોલના થયેલા રૂા.૧૦૦ના ભાવ વધારાની જેમ જ બીજી બાજુ દેશની સરકાર વિશ્ર્વભરમાં તેમનું કેવું પ્રદર્શન કરી રહી છે ? તેની વાસ્તવિકતા જોવા મળી રહી છે.

દેશમાં પહેલીવાર જોવા મળ્યું કે ભારત વિશ્ર્વભરમાં તેમની તાકાતનો ડંકો વગાડી રહ્યું છે. પહેલીવાર જ જોવા મળ્યું કે ગરીબ લોકોને મફત અનાજ મળ્યું, પહેલીવાર જ જોવા મળ્યું કે, દેશના તમામ લોકોને કોરોનાની વેકસિન મફતમાં આપવામાં આવી રહી છે. આમ એકંદરે જોઈએ તો કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા હાથ ધરવામાં આવતી તમામ કામગીરીઓ કેટલી સફળતા અપાવે છે તે દરેક દેશવાસીઓની સામે પ્રત્યેક્ષ અને પરોક્ષ રીતે જોવા મળી રહી છે અને અનુભવવા પણ મળી રહી છે. દેશમાં વિરોધપક્ષના લોકો પણ આ વાસ્તવિકતાની સત્યતાથી વાકેફ હોય તેમ પેટ્રોલના વધી રહેલા ભાવ વધારા સામે કોઈ વિરોધ પ્રદર્શિત કરી રહ્યું નથી.

કેન્દ્ર અને રાજય સરકારની કામ કરવાની પદ્ધતિ અને લેવામાં આવી રહેલા પગલાઓના કારણે દેશની ગરીબ જનતાને તેમજ ખેડૂતોને, મધ્યમ વર્ગના લોકોને અનેક પ્રકારના લાભાલાભ મળી રહ્યા છે. સાથોસાથ સરકાર દ્વારા આગામી દિવસોમાં યુવાનોને રોજગારી મળી રહે તે માટે પણ વિવિધ મુદ્દે કરાયેલા આયોજનો લોકો સમક્ષ પ્રદર્શિત કરી રહી છે. ત્યારે કોરોનાના લાંબા સમયગાળામાં રાજય અને કેન્દ્ર સરકારે ભોગવવી પડેલી હાડમારીને આમજનતા નથી જોઈ શકતી તેથી તજજ્ઞો લોકો દ્વારા કહેવામાં આવી રહ્યું છે કે, જાગો હિન્દુસ્તાનીઓ જાગો...! અને વાસ્તવિકતા નિહાળો..! આવા કથનો લોકો સમક્ષ વર્ણવી રહ્યા છે. સાથો સાથ દેશમાં પવર્તમાન પારદર્શકતાના દર્શન પણ કરાવી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૨૫-૦૨-૨૦૨૧, ગુરૂવાર, મહા સુદ-તેરસ, સૂર્યોદય-૬-૫૦, સૂર્યાસ્ત-૬-૧૮, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : કર્ક (ડ.હ.), નક્ષત્રઃ પુષ્ય

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**

અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

**- શુભ હોરા-**

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## તા.૨૫-૦૨-૨૦૨૧ ગુરૂવાર

મેષ (અ.લ.ઈ.) :- મિત્રો સાથે પાર્ટીનું આયોજન થવાનું નોકરીમાં લાભ. સંતાનોનો સાથ સહકાર સારો રહેવાનો.

વૃષભ (બ.વ.ઉ.) :- મહત્વના કાર્યોમાં અનુકુળતા રહે. આવકની સાથે ખર્ચ પણ રહેવાનો નવી ઓળખાણથી લાભ.

મિથુન (ક.છ.ઘ.) :- વિલંબમાં પડેલા કાર્યો હાથ ઉપર આવે અધિકારી વર્તનો સહકાર રહે. યાત્રા પ્રવાસનું આયોજન થાય.

કર્ક (ડ.હ.) :- વ્યવસાયમાં અનુકુળતા દૃઢ મનોબળ વડે મનચાહી સફળતા મેળવશો. વિજાતીય મિત્રતા ગાઢ બને.

સિંહ (મ.ટ.) :- રચનાત્મક કાર્યોમાં અનુકુળતા રહે. મહત્વના કાર્યોમાં સફળતા. કિંમત ચીજ વસ્તુની ખરીદી થાય. પ્રવાસ થાય.

કન્યા (પ.ઠ.ણ.) :- ઉધારી ધંધાથી દૂર રહેજો. દિવસ ઉત્સાહ વાળો રહે. ભાઈ-બહેનો સાથે મિલન મુલાકાત લાભદાયક રહે.

તુલા (ર.ત.) :- અંગત પ્રશ્નોમાં સફળતા મલવાની. નોકરીમાં નવી ઓફર આવે. પ્રોમશનના ચાન્સ સ્વાસ્થ્ય સારુ રહે.

વૃશ્ચિક (ન.ય.) :- મોજશોખને લઈને રોજીંદા કાર્યમાં અવરોધો ઉભા ન થાય તેનું ધ્યાન રાખવું. મિલ્કતથી લાભ રહે.

ધન (ભ.ધ.ફ.ઢ.) :- જીવનસાથીનો સહકાર સારો રહે. પ્રવાસમાં અનુકુળતા વધુ પડતા કાર્યભારથી જાળવવું કર્જ ન કરવું.

મકર (ખ.જ.) :- આધ્યાત્મિક વિચારોને અપનાવવથી લાભ રહેવાનો માનસિક તનાવ દૂર થાય. નોકરીમાં સ્થિરતા જરૂરી.

કુંભ (ગ.શ.સ.) :- આવક વધારવાના પ્રયત્નો ફળવાના નોકરીમાં લાભ વડીલો પાર્જીત મિલ્કતમાં આવતા અવરોધો દૂર થાય.

મીન (દ.ચ.ઝ.) :- જુની નોકરી ફરીથી મલે કે. પ્રમોશનના ચાન્સ રહે. સગાઈ લગ્નના કાર્યોમાં અનુકુળતા પ્રવાસનો યોગ રહે.

આભાર - નિહારીકા રવિયા

# ૨૧મી સદીના વિકસીત ચિતારને પ્રસ્તુત કરતી અદ્દભૂત ફ્યૂચર ફિક્શન નવલકથા.....




## પ્રકરણ ૭૩

સાગરને લીધે 'ફ્રીડમ બોક્સ' ના ઓફિશિયલ ફોટોગ્રાફર તરીકે મને અભિમન્યુ મોદી જેવા ખાસ વ્યક્તિઓના ઈન્ટરવ્યૂ લેવાની તક મળતી રહેતી. આવી નામી પર્સનાલિટીઓને નજીકથી ઓળખવાનો ચાન્સ મળતો. આજે પણ સવારથી જ હું આ ઈવેન્ટ કવર કરી રહ્યો હતો. આજે ફર્સ્ટ ટાઈમ મેં ડ્રોન ફોટોગ્રાફી પર હાથ અજમાવ્યો હતો. 'ફ્રીડમ બોક્સ' ની કેમેરા ટીમ પાસેથી હું ઘણું શીખી રહ્યો હતો. અત્યાર સુધી ઈવેન્ટ શૂટ કર્યા બાદ હું એનો હિસ્સો બનવાનો હતો.

મારે ગોરખનાથની ટૂંક પર રાખડી બાંધવાની હતી. સ્પેશ્યલ પાસ હોવાને લીધે રોપ - વે ફટાફટ વારો આવી ગયો. હું અન્ય લોકો જોડે રોપ - વે માં ગોઠવાયો. ગીતાએ આપેલા પ્રોમિસ મુજબ એમને રાખડી બાંધવા આવી હતી. કલકત્તા ગયા બાદ આજે હું ગીતાને પ્રથમ વખત મળવાનો હતો. રાહુલ અને મીરાનું સેટિંગ પણ સાગરે ગોરખનાથની બાજુમાં ગોઠવી આપ્યું હતું. હેપ્પીનો ફેમિલી પ્રોગ્રામ હોય એને બહુ ઈચ્છા હોવા છતાં આવવાની પરમિશન ના મળી.

અભિમન્યુની ટીમે અદ્ભૂત વ્યવસ્થા ગોઠવી હતી. દત્તાત્રેયના શિખર ભગવાનને રાખડી બાંધવા માટે અનામત રાખ્યું હતું. એના પ્રથમ પગથિયાંથી દરેક દેશને સ્થાન આપવાનું શરૂ કર્યું હતું. ત્યારબાદ ભારતના રાજ્યોનો વારો હતો. એ પૂરું થયા બાદ વિશ્વના નેતાઓ, ખેલાડીઓ, કલાકારો અને ઉદ્યોગપતિઓને સ્થાન આપવામાં આવેલું. તળેટીનું પ્રથમ પગથિયું સંત સમાજથી શરૂ થતું હતું. ત્યારબાદ પાયાના કાર્યકરો, સ્કૂલ કોલેજના વિધાર્થીઓથી લઈને ખાસ આમંત્રિત મહેમાનો માટેની વ્યવસ્થા ગોઠવેલી હતી.

ભાગ લેનાર દરેક ભાઈ - બહેનને પગથિયાં નંબર અને આઈકાર્ડ આપી દેવામાં આવ્યા હતાં. વિદેશના દરેક મહેમાનને ક્રમ મુજબની બહેન થતાં આપણાં દેશની એક બહેન દ્વારા રાખડી બાંધવામાં આવનાર હતી. પૂજાની થાળીની વ્યવસ્થા ગિરનારના સાધુ સંતોએ સાંભળી લીધી હતી. આ ઈવેન્ટમાટે ખાસ એપ ડિઝાઈન કરવામાં આવી હતી. શુભ મુર્હતના સમયે એમાં વિધિ થાય એ મુજબ રાખડી બાંધવાની હતી. દેશ અને દુનિયામાં આ ઈવેન્ટે ખાસ્સી ચર્ચા જગાવી હતી.

હું રોપ - વે માંથી ઉતરીને બહુ ઝડપથી ગોરખનાથની ટૂંક તરફ ભાગ્યો. દરેક પગથિયે સેલિબ્રેશનની તૈયારી ચાલતી હતી. વિદેશી મીડિયામાં પણ પોતાના દેશ પાર્ટીસીપેટ થતો હોય ઈવેન્ટ કરવામાટે ખાસ્સો ઉત્સાહ હતો. ઘણાં સંતો વ્યવસ્થા સાચવવા દોડાદોડી કરી રહ્યા હતાં. દરેક પગથિયાં થી લઈ રસ્તામાં આવતાં મોટાં પથ્થરો અને વૃક્ષોને પણ કલાત્મક રીતે શણગારેલાં હતાં. ભીડ વચ્ચેથી પસાર થવામાં મારે ખાસ્સી મહેનત કરવી પડી રહી હતી.

આખરે હું બધી તૈયારી નિહાળતો ગોરખનાથે પહોંચી ગયો. મારી નજર ગીતા પર પડી. તે રાહુલઅને મીરા સાથે બેઠી બેઠી વાતો કરી રહી હતી બ્યુટીફૂલ...તે કેટલી સુંદર લાગતી હતી. સફેદ કલરના ભરત ભરેલા ડ્રેસમાં તેનું રૂપ ગિરનારની વનરાજીની જેમ ખીલી ઉઠ્યું હતું. ખુલ્લા વાળ અને એ જ બોડી લેંગ્વેજ. હું તેને નિહાળતો તેની પાસે જઈને ઉભો રહ્યો. તે મને જોતાં જ ઉભી થઇ ગઈ. 'કાના' એબસ એટલું જ બોલી શકી. એની આંખમાં હરખના આંસુ હતાં. એમને જોરથી ભેટી પડી. થોડીવાર હું બહેનના પ્રેમની હૂંફ અનુભવતો રહ્યો. પછી તે અલગ થઈને બોલી."તું બહુ મોટો થઈ ગયો છે. તારી જુવાનીને હવે પાંખો ફૂટી રહી છે."

"હું હીરો બનવાનો છું. તું તો જો કેટલી ખીલી ઉઠી છે. તારા ચહેરાની લાલી તો જો.... બિચારો દિનકર કામ કરે છે કે તને જોયા જ કરે છે....!" મેં તેના ગાલ ખેંચતાં કહ્યું.

"જાને હવે. છોકરી પ્રેમમાં હોય એટલે એનું મન અને શરીર બંને વસંતની જેમ મ્હોરી ઉઠે...તું બહુ વાયડો થઈ ગયો છે. મીરા એવી ફરિયાદ કરતી હતી." તે મીરા સામે જોઇને બોલી.

"મને એમ હતું તું જઈશ એટલે મારું લોહી પીવા વાળી ગઈ. ભગવાનથી મારું સુખ સહન ના થયું. એને મીરાને મારી પાર્ટનર બનાવી. તું રાહુલને પૂછી લે. વાયડાઈ અને દાદાગીરી આ મિરુડી અને બેબીડોલની જ હોય છે." મેં રાહુલની મદદ માંગતાં કહ્યું.

"બેબીડોલ માટે યસ બટ મીરા માટે નો.....મીરા જેટલું સમજદાર અને ડાહ્યુ કોઈ નથી આ જગતમાં. દીવો લઈને શોધવા જઈશ તો પણ આવી પાર્ટનર નહીં મળે." રાહુલ બોલ્યો.

"વોટ.....અબે આ તું શું બોલી રહ્યો છે. તારે મારી સાઈડ લેવાની હોય કે એની....એક મિનિટ, તમે બંનેએ મળીને મારા દોસ્ત પર શું કાળો જાદુ કર્યો છે ? આટલી ડાહી અને સમજદાર વાતો તો એ સપનામાં પણ નથી કરતો." હું ગીતા અને મીરા સામે જોઈ રહ્યો.

એ ત્રણેય જોર જોરથી હસી પડ્યા. મને કશું સમજાયું નહીં. એ ત્રણેયે મળીને મારો પોપટ બનાવી નાખ્યો હતો. "માય,ડિયર, બુધ્ધુ બ્રધર તું હજુ એવો જ છે. મીરા આ મારી અમાનત જેવો ભાઈ હવે તને સોપું છું. તારે એને સાચવવાનો છે." ગીતાએ મારો હાથ મીરાના હાથમાં આપતાં કહ્યું.

"મીરા માટે તો કાનો જ હમેશાં સર્વસ્વ હતો એમ મારા માટે પણ રહેશે. ડોન્ટ વરી, હવે કાનો મારી જવાબદારી. તમે નેક્સ્ટ ટાઈમ મળો ત્યારે કહેશો. માય ડિયર ઈન્ટેલિજન્ટ બ્રધર." મીરાએ માર હાથ પર પોતાના કોમળ હાથોમાં મજબૂત રીતે પકડ જમાવી.

"એટલે કે તું એની.....?" રાહુલે સવાલ પૂછી અધુરો મૂકી દીધો.

"જસ્ટ સ્ટોપ ઈટ રાહુલ. તને ભાઈ બનાવી થોડી વાતો શું શેર કરી...તું મારા જ સિક્રેટશેર કરવા લાગ્યો." મીરાએ રાહુલને ચૂપ રહેવાની વૉર્નિંગ આપતાં કહ્યું.

"રાહુલ અને ભાઈ....મીરા આ ક્યારે બન્યું." હું હજુ આ વાત માની શકતો નહોતો.

"પરમ દિવસ રાતે....રાહુલે મને રાખડી બાંધવા માટે પૂછ્યું. મેં તો કહયું પણ ખરું ..તું દેવી પાસે બંધાવી લે. એને શું જવાબ આપ્યો. ખબર છે ?" મીરા રાહુલ સામે નજર કરતાં બોલી.

"નો..મીરા તું આગળ કશું નહીં બોલે...તે પ્રોમિસ આપ્યું હતું. તું આ વાત કોઈને નહીં કહે.. પ્લીઝ, આ ક્રિષ્નાને તો જરાય નહીં." રાહુલ રીતસર વિનંતી કરતો હોય એમ બોલ્યો.

ગીતાને આ બધું જોઈને મજા પડતી હતી. 'ઓકે હું નહીં કહું ...પણ...દેવીએ ખુદ જાહેરાત કરી હોય તો મારે શા માટે આ કિસ્સો જાહેર ના કરવો ? " મીરાએ જવાબ આપતાં કહ્યું

" ના હોય....આવું બને જ નહીં .....ઈટ્સ..ઈટ્સ ઈમ્પોસીબલ. એમાં પણ દેવી આવું કરે જ નહીં...સી ઈઝ અલ્ટીમેટ રોબોટ." રાહુલ થોથવાઈ રહ્યો હતો.

મીરાએ પોતાના મોબાઈલમાંથી એક ઈમેજ રાહુલની આંખો સામે ધરી.હું પણ ઝડપથી રાહુલના ખભ્ભા પાસે મોઢું રાખી ગોઠવાયો. "આજે મને રાહુલે પ્રપોઝ કર્યું. હું તેની હમદર્દ હતી. તે મને પ્રેમ કરવા માંગતો હતો. મને હાફ હ્યુમન તરીકે પ્રેમની ફીલિંગ્સ અને કિમત સમજાઈ. વ્હોટ આઈ સેય ? યસ ઓર નો ?"

"ઉક.....એ આવું કરી જ કેમ શકે ? મેં તો ફક્ત એ મૉમેન્ટ્સમાં હું ખુદ પરકાબૂ ના રાખી શક્યો એટલા માટે કહેલું. નો ડાઉડ કે હું એને લાઈક કરું છું. પણ હું એટલો ના સમજ નથી કે એક રોબોટને પ્રેમ માટે પ્રપોઝ કરું ? શું એક રોબોટને પણ માણસની જેમ વ્હાલઅને પ્રેમની ભૂખ હશે ?" રાહુલ માટે આ સમાચાર બહુ આઘાતજનક હતાં.

"હેય, ડોન્ટ વરી

આભાર - નિહારીકા રવિયા

બ્રધર, દેવી માટે તું એક સબ્જેક્ટથી વિશેષ કશું નથી. બની શકે એને એનાલિસિસ માટે આ પોસ્ટ મૂકી હોય. હવે હું છું ને તને સાચવવા માટે. આપણે સાથે મળીને તારી દરેક પ્રોબ્લેમનું સોલ્યુશન

આભાર - નિહારીકા રવિયા

કાઢીશું." મીરાએ સાગરને આશ્વાસન આપતાં કહ્યું.

તે ખામોશ થઈ ગયો. તેને કલ્પના પણ નહોતી કે દેવી આવું કરી શકે ? એના માટે આ વાત સ્વીકારવી બહુ અઘરી હતી. "રાહુલ, યાર એના માટે તારો મૂડ ના ખરાબ કર. આજના દિવસે તો નહીં જ." હું બોલ્યો.

"વાહ રે.....ખુદને ના સંભાળી શકતાં જનાબ બીજાને ક્યારથી મોટિવેશન આપતાં થઈ ગયા ?" ગીતાએ મારી વાત સાંભળીને કહ્યું.

"તું સાગરને મળીશ એટલે સમજાય જશે.એ તારી જેમ ચેપી છે. મરેલાને પણ જીવતાં શીખવડી દે એવો. આજે પણકદાચ આપણે મળીશું એને." મેં કહ્યું.

ગીતા જવાબ આપે એ પહેલાં તેનો ફોન વાગ્યો. સાથે મીરાનો પણ...

એપ દ્વારા રાખડી બાંધવાનો સમય થઈ ગયો હોય બહેનોને તૈયાર રહેવા માટેની સૂચના આપવમાં આવી રહી હતી. સાથે એક ગીત વગવાનું શરૂ થયું....'ફૂલો કા તારો કા....સબકા કહેના હે....એક હજારોમેં મેરી બહેના હે...."

અમે બધા અમારી જગ્યાએ ગોઠવાયા. ત્યાં હાજર રહેલા સંત બધાને સૂચન કરી રહ્યા હતાં. બપોરે ત્રણ વાગ્યા પછીના શુભ મુર્હતમાં રાખડી બાંધવાનું નક્કી થયું હતું. જેથી બપોર સુધીમાં ભાગ લેનાર દરેક વ્યક્તિને ગિરનાર સુધી પહોંચવામાં અને સ્વયંસેવકોને વ્યવસ્થા સાચવવામાં સરળતા રહે. ગીતા અને મીરાનો ક્રમ બાજુ બાજુમાં હતો. બંનેએ પેકિંગ કરેલી પૂજાની થાળી ખોલી. અને પોતાની પાસે રહેલી રાખડીને થાળીમાં સજાવી રહી હતી. ફોનમાં મળી રહેલી સુચનનો દરેક પગથિયે અમલ થઈ રહ્યો હતો.

આકાશમાં ડ્રોન કેમેરાઓએ પોતાની પોઝિશન સાંભળી લીધી હતી. અમુક જગ્યાએ ગોઠવાયેલી કેમેરા ક્રેન પણ આ ઈવેન્ટને મેમરીમાં સેવ કરવા આતુર હતી. બધા પગથિયે અમારી જેમ દરેક ભાઈ - બહેન રક્ષાના આ પવિત્ર બંધનની મહાઈવેન્ટનો એકભાગ બનવા માટે આતુર હતાં.

આખરે શંખનાદ થયો. કાળા ડિબાંગ વાદળોથી ગોરભાયેલા આકાશમાં સુરજદાદા કિરણોએ દર્શન આપ્યા. દરેક થાળીમાં દીવો સળગ્યો. પવન દેવતા પણ સળગતાં દિવાની જ્યોતનું રક્ષણ કરતાં હોય એમ થોડીવાર માટે પોતાનો શ્વાસ રોકી રાખ્યો. દરેક બહેન ભાઈની આરતી ઉતારી તેને આ પવિત્ર સંબંધના રક્ષા કવચમાં કેદ કરી રહી હતી. કપાળે કુમકુમના તિલક થયાં. એના પર ચોખાના દાણા ચોટયા. દરેક ભાઈના જમણા કાંડે બહેને પોતાની રક્ષાની જવાબદારી બાંધી. ભાઈના મોમાં સાકરનો ગાગંડો મૂકી એના દુઃખણા લીધા.

આ ફક્ત રાખડી કે રક્ષાના બંધનનો તહેવાર નહોતો.દુનિયાના સહુથી પવિત્ર સંબંધનું 'ન ભૂતો ન ભવિષ્યતિ' જેવી ભવ્ય ઉજવણી હતી. જેનો હું સાક્ષી બન્યો હતો.

આભાર - નિહારીકા રવિયા

# દેશમાં કોરોના વધવા સાથે નવો "સ્ટ્રેન" દેખાયોઃ કોરોના ફરી ત્રાટકશે કે શું...?

દેશમાં કોરોના કેસોમાં ધીરી ગતિએ વધારો થવા લાગ્યો છે તે સાથે દેશમાં બ્રિટિશ, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકાના નવા કોરોના (સ્ટ્રેન)નો પણ પ્રવેશ થઈ ગયો છે અને ત્રણ રાજ્યોમાં ૧૮૭ જેવા કેસો સામે આવ્યા છે. નવો સ્ટ્રેન ઝડપથી ફેલાવા સાથે ઘાતક હોવાનું નિષ્ણાતો કહી રહ્યા છે. દેશમાં નવા કોરોના (સ્ક્રેન)ના કેસ મહારાષ્ટ્ર, કેરળ અને તેલંગણામાં સામે આવ્યા છે. આવા સમયે દેશના પાંચ રાજ્યો પશ્ચિમ બંગાળ, તમલનાડુ, કેરળ અને પુડુચેરી રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓ યોજવા ચૂંટણીપંચની બેઠક મળી રહી છે જે બેઠકમાં પાંચ રાજ્યોની ચૂંટણીના કાર્યક્રમ બાબતે નિર્ણય લઈને તેની પછીથી જાહેરાત કરવામાં આવશે. દેશભરમાં કોરોનાના ૧૩,૪૬૫ નવા કેસ સામે આવતા કુલ કોરોના કેસનો આંક ૧,૧૦, ૨૯,૩૨૬ પર પહોંચી ગયો છે.જ્યારે કે સધન સારવાર હેઠળ ૧,૪૪,૦૨૭ કોરોના દર્દી છે છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૦ વ્યક્તિના મોત થતાં કુલ મૃત્યુ આંક ૧,૫૬,૫૯૮ થયો છે જેની સામે દેશભરમાં વધુ સાજા થનારની સંખ્યા ૧૩,૬૫૯ થતા સાજા થવાની સંખ્યા ૧,૦૭,૨૪,૧૪૬ પર પહોંચી ગઈ છે. અને આવા સમયે નિષ્ણાતોના જણાવ્યા અનુસાર કોરોના માંથી સાજા થનારા માટે ડાયાબિટીસ થવાનો ખતરો વધે છે. બીજી તરફ મહારાષ્ટ્ર, કેરળ અને તેલંગણામાં નવો કોરોના (સ્ટ્રેન)ના કેસ સામે આવતા કેન્દ્ર અને રાજ્ય સરકારો સતર્ક થઈ ગઈ છે. જેમાં દિલ્હીમાં પ્રવેશ કરતાં પહેલાં મહારાષ્ટ્ર, છત્તીસગઢ, મધ્યપ્રદેશ અને પંજાબથી આવનારાઓએ કોરોના નેગેટીવ રીપોર્ટ બતાવવો ફરજિયાત કરી નાખ્યો છે, તો મધ્યપ્રદેશે મહારાષ્ટ્રમાથી આવનારાઓ માટે થર્મલ તપાસ ફરજિયાત કરી છે, કર્ણાટક રાજ્યએ મહારાષ્ટ્ર સહિતના કોરોના અસરગ્રસ્ત રાજ્યોમાંથી આવનારાઓ માટે ટેસ્ટ અનેસ્કેનિગ



ફરજીયાત કર્યા છે. જ્યારે ગુજરાતમાં કોરોનાના ૩૫૦ થી વધુ કેસ સામે આવ્યા છે ત્યારે ગુજરાત સરકારે વલસાડ ખાતે મહારાષ્ટ્રના અમરાવતીમાંથી આવનારનું સધન મેડિકલ ચેકઅપ શરૂ કરી દીધું છે. મહારાષ્ટ્રના મુંબઈ શહેરમાં કોરોના કેસો વધતા આશરે ૧૩૦૦ થી વધુ બિલ્ડીંગનો સીલ કરવા સાથે કોરોના નિયમોનો કડકાઈથી અમલ શરૂ કરી દેવામાં આવ્યો છે. જો કે મહારાષ્ટ્ર રાજ્ય સરકારના ૬૦% મંત્રી કોરોનાની ચપેટમાં આવી ગયા છે... ત્યારે લોકો એટલું જ કહેછે કે કોરોનાના નિયમો આમ પ્રજાએજ નહી પરંતુ રાજનેતાઓ અને નેતાઓએ પણ પાળવા જરૂરી છે.. કારણ કોરોના માટે કોઈપણ વ્યક્તિ વીઆઈપી નથી.....!

અમેરિકામાં કોરોનાએ ૫ લાખથી વધુ લોકોને મોતના મુખમાં ધકેલી દેતા અમેરિકાએ ૫ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરીને અડધી કાઠીએ ધ્વજ ફરકાવી દીધો છે. ભારતમાં જે તે રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજાઈ ગઈ જેમાં ચૂંટણી પ્રક્રિયા શરૂ થવાથી લઈને પરિણામો આવતા સુધી જાહેર સભાઓ ,રેલીઓ ,મતદારોની મુલાકાતે ઉમેદવારો, નેતાઓ કાર્યકરો મોટી સંખ્યામાં ઉમટી પડતા હતા પરંતુ કોરોના નિયમોનુ ક્યાય પણ કોઈ પણ રાજકીય પક્ષોએ કે તેના લોકોએ કોરોના નિયમોનું પાલન કરતા ન હતા....તો જે તે રાજયના તંત્રાને રાજકીય કાર્યક્રમોમાં કોરોના નિયમ ભંગ કરનાર દેખાયા જ નહી.....!જેને આશ્ચર્ય સર્જ્યું છે....! કોરોના પોઝીટીવ વ્યક્તિને ૧૪ દિવસ માટે ક્વોરેન્ટાઈન કરવામાં આવે છે કે થવુ પડે છે.... પરંતુ તેમાં રાજકીય નેતાઓ- રાજનેતાઓ બાકાત હોય તેમ...તેવો જાહેર કાર્યક્રમમાં હાજરી આપે છે ત્યારે લાગે છે કે આ બધા કોરોના ફેલાય તેવું ઈચ્છે છે કે શું.....? તેવી ગપસપ આમ જાગૃત લોકોમા ફરી વળી છે....!

(હર્ષદ કામદાર)

# સુરતમાં પોશ વિસ્તારમાં પરિણીતા સહિત ૩ લોકોની મોતની છલાંગ

(જી.એન.એસ.)સુરત,તા.૨૪

સુરત શહેરમાં અલગ અલગ બનાવમાં વેસુની પરિણીતા સહિત ૩ વ્યક્તિએ મોતની છલાંગ લગાવી જીવનનો અંત આણ્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ વેસુ સ્થિત નંદનવન-૧ હાઉસિંગમાં રહેતી જયાબેન પ્રમોદભાઈ શર્મા (ઉં-૩૨)ની મંગળવારે ગ્રાઉન્ડ ફ્લોર પરથી લોહીલુહાણ હાલતમાં લાશ મળી આવી હતી. જેની જાણ થતાં ઉમરા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે જણાવ્યું કે, ૧૧મા માળે રહેતા જયાબેનની તેમના ફ્લેટની સામેના દાદરના પેસેજમાંથી ઝંપલાવી આપઘાત કરી લીધો હતો. તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. તેમના પતિ પ્રમોદભાઈ શર્મા કાપડ માર્કેટમાં વેપાર કરે છે.

જયાબેનના આપઘાત પાછળનું કારણ જાણી શકાયું નથી. બનાવ અંગે તપાસ ચાલુ છે. બીજા બનાવમાં કાપોદ્રા ખાતે વિશાલનગરમાં રહેતો અનિલ તિવારી (ઉં-૩૬) છેલ્લા ઘણા સમયથી માનસિક બીમાર હતો. દરમિયાન સોમવારે બપોરે ઘરના ત્રીજા માળેથી અનિલે મોતની છલાંગ લગાવી હતી. જેને પગલે અનિલને ગંભીર ઈજા થતાં સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડાયો. જ્યાં ટૂંકી સારવારમાં અનિલનું મોત થયું હતું. મૃતક અનિલ ત્રણ સંતાનનો પિતા હતો. બનાવ અંગે કાપોદ્રા પોલીસ તપાસ કરી રહી છે. અન્ય એક બનાવમાં મુળ માંડવીનો વતની અમીર છના ચૌધરી (ઉં-૩૦) પત્ની અને પુત્ર સાથે પીપલોદ પોલીસ લાઈનમાં રહેતા મામા ભગુભાઈ ચૌધરી પોલીસ હેડક્વાર્ટરમાં ફરજ બડાવે છે અને અમીર છેલ્લા ચાર-પાંચ વર્ષથી તેમની સાથે રહેતો હતો. દરમિયાન મીનીબજાર ખાતે નોકરી કરતો અમીર સોમવારે રાત્રે નોકરીએ જવા નીકળ્યા બાદ પોલીસ લાઈનના દસમાં માળેથી કૂદી પડ્યો હતો. અમીરે આપઘાત કર્યો હોવાનું કારણ જાણવા મળ્યું નથી.

# " લોકશાહીની પરીક્ષા એટલે - ચુંટણી "



"ચુંટણી એટલે લોકશાહીનું પર્વ ચુંટણીના દિવસે પ્રજાને તેના શાશકો ચુંટવાનો અમુલ્ય મોકો મળે છે. કોઈપણ લોકશાહી દેશમાં ચુંટણીનું એક આગવું મહત્વ છે. ચુંટણી પંચની વિશિષ્ટ સતા છે કે નિરપક્ષ ચૂંટણી થાય, અને તે માટેની બધી વ્યવસ્થા કરવી એ ચુંટણી પંચની જવાબદારી છે. ચુંટણી સમયે પ્રજાને કોને મત આપવો તે બાબતે મૂજવણ થાય છે. પસંદગી એ બહું મોટો પ્રશ્ન રહેતો હોય છે.""અલગ અલગ પાર્ટીના અને અપક્ષમાં પણ અનેક ઉમેદવારો મેદાનમાં હોય છે પણ અહીંયા તો એવું છે જે ઉમેદવાર પ્રજાને ઉશ્કેરવામાં ફાવી ગયો તે જીતી જાય છે. સારા અને આર્દષ માણસો ચુંટણીમાં હારી જાય છે. આજે કદાચ મહાત્મા ગાંધી જેવા નેતાઓ સજીવન થાય અને ચુંટણી લડે તો તે પણ હારી જાય તેવી હાલની પરિસ્થિતિ ઉભી થઈ છે. ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને ચુંટણી સમયે વ્યસનથી બહેકાવમાં આવે છે. ખોટા ખોટા વચનો આપવામાં આવે છે. પ્રજાને સ્વપ્નો જોતી કરી દે છે. સરકાર લોકકલ્યાણની અનેક યોજનાઓ બહાર પાડે છે. પણ આવી યોજનાઓનો લાભ તેના સાચા લાભાર્થીને મળે છે. આજે જ્યા જોઈએ ત્યા ભ્રષ્ટાચાર, ભ્રષ્ટાચાર જ દેખાઈ છે. ચુંટણીની શરૂઆત થાય એટલે બિનતંદુરસ્ત સ્પધો ઉભી થાય છે. આક્ષેપ - પ્રતિઆક્ષેપ નો મારો ચાલે છે."હાલની આધુનિક સમયમાં સોસીયલ મીડિયા પણ બહું મહત્વનું સાધન બની ગયું છે. આજ સુધી જે રાજકારણમાં રસ લેતા ન હતા તે પણ હવે ચુંટણી સમયે સોસીયલ મીડિયાના માધ્યમથી મુક્ત મને પોતના વિચાર રજુ કરે છે. હાલ તો એવી પરિસ્થિતિ છે કે મત મેળવવા માટે અનેક યુક્તિ-પ્રયુક્તિ થાય છે જેમા નાણાની રેલમછેલ કરી મતદારને ખરીદી લેવાય છે કે આખે આખો નેતા ( ઉમેદવાર ) જ ખરીદી લેવાય છે. ક્ષાતિવાદ અને કોમવાદના નામે ઉમેદવારો ઉભા રખાય છે અને ધર્મોના નામે પ્રજાને લડાવી મત મેળવવાના પણ પ્રયત્ન થાય છે. પ્રજાને ખોટી લાલચો, વચનો અપાઈ છે. પોતે જીતશે તો પોતાના મત વિસ્તારના ઘરના નળીયા સોનાના કરી દેશે એવા ધોળે દિવસે તારા બતાવામાં આવે છે. પ્રજા પણ એમના આ ઠાઠમાઠ અને રસાલાના સ્વભાવ તળે આવી જાય છે અને સારા ઉમેદવારો હારી જાય છે અને આવા નકલી જીતી જાય છે."લોકો જાગૃત હોય, શિક્ષિત હોય, અને પોતના મતનું મહત્વ સમજતા હોય તો સાચા અને સારા ઉમેદવાર પસંદ કરી શકે પણ આપણાં લોકોની માનસિકતા એવી છે અને બુદ્ધિશાળી વર્ગ ચુંટણી અને રાજકારણમાં સક્રિય થવાનું પસંદ કરતો નથી અને આજ મોટામાં મોટી ભુલ કરે છે. આવા લોકોને તો પોતાની નોકરી, ધંધો અને કુટુંબ બસ આટલું જ વિચારતા હોય છે. એટલે ક્યાંક કોઈએ એવું કહ્યું છે. " દુર્જનો કરતાં સજ્જનોની નિષ્ક્રિયતા વધું હાનિ પહોંચાડે છે " ચુંટણી પતી જાય પછી જીતેલા ઉમેદવાર પોતના વિસ્તારમાં જોવા પણ મળતો નથી અને વિસ્તારની સમસ્યાની કોઈ પરવા કરતો નથી. પણ પ્રશ્ન ત્યા નથી પ્રશ્ન તો ત્યારે ઉભો થાય છે લોકો આ ચલાવી પણ લે છે કારણ કે પ્રજાની ટુંકી દ્રષ્ટી છે. અને આ બની બેઠેલા નેતાઓ પણ પ્રજાને વધારે વિચારવા દેતા જ નથી."લોકશાહીને મુલ્યાંકન કરવાનું એકમાત્ર વિકલ્પ એટલે ચુંટણી છે. પણ હાલની પરિસ્થિતિ જોઈને લોકશાહી પર પણ સવાલ ઉભા થાય છે. """બીજી બાજું જોઈએ તો મીડિયા એટલે લોકશાહીનું ચોથું અંગ, પ્રજાનો અવાજ, સત્ય અને નિરપક્ષ રીતે પ્રજાની સમસ્યાઓને વાંચા આપનાર પણ હાલની ઈલેક્ટ્રોનીક અને પ્રિન્ટ મીડિયાની વિશ્ર્વાસનિયતા પણ પ્રજા સવાલ ઉઠાવી રહી છે. મીડિયાની નિરપક્ષ વાડી વાત પોકળ લાગે છે આથી સોસીયલ મીડિયાના પ્રભાવ હેઠળ મીડિયાનું મહત્વ પણ ઘટતું હોય તેવું લાગી રહ્યું છે."""- નેલ્સન પરમાર"૭૮૭૪૪૪૯૧૪૯

# કોરોના કેસ વધતા ૫૦ ટકા પોલિસને વર્ક ફ્રોમ હોમની પરવાનગી અપાશે ?

### પોલિસ મહાનિર્દેશક દ્વારા સાવચેતીના પગલા લેવાયા




ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૪

મુંબઈ અને મહારાષ્ટ્ર સહિત દેશભરમા કોરોનાએ ફરી માથુ ઉચક્યુ છે ત્યારે દિવસ રાત જાનના જોખમે ફરજ બજાવનારા મોટી ઉમરના પોલિસ કર્મચારીને વર્ક ફ્રોમ હોમ કરવા દેવામા અવે તેવી વિચારણા થઈ રહી છે.રાજ્ય પોલિસ દળના વડા દ્વારા એક આદેશ આપવામા અવ્યો છે કે નાગરિક્કોના જાન માલની રક્ષા કરનારા પોલિસ કર્મચારીની પણ યોગ્ય સુરક્ષા થવી જોઈ આથી ૫૦ ટકા કર્મચારીઓ ફરજ પર અને ૫૦ તકા વર્ક ફ્રોમ હોમ કરે તેવુ માળખુ ગોઠવવાની તજવીજ ચાલી રહી છે.

રાજ્યમાં કોરોના દર્દીઓનું પ્રમાણ વધી રહ્યું હોવાથી પોલીસ તેમજ સામાન્ય નાગરિકો માટે નવા નિયમો જાહેર કરવામાં આવ્યાં છે. રાજ્ય પોલીસને હવે પોલીસ સ્ટેશનમાં ૫૦ ટકા હાજર રહેવાની સૂચના આપવામાં આવી છે. કોરોનાની પૃષ્ઠભૂમિ સામે રાજ્યના અધિક પોલીસ મહાનિર્દેશક સંજીવકુમાર સિંઘલે પોલીસ કર્મચારીઓ માટે નવા નિયમો જાહેર કર્યા છે. નવા નિયમો મુજબ પોલીસ કચેરીમાં ૫૦ ટકા હાજરી અને બાકીના સ્ટાફ માટે ઘરેથી કામ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યમાં પોલીસ કર્મચારીઓના કામમાં કોરોના ચેપને રોકવા માટેના સાવચેતી પગલા તરીકે આ ફેરફાર કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે કચેરીમાં ગ્રુપ એ અને બી કેટેગરીના પોલીસ અધિકારીઓની ઉપસ્થિતિ કુલ પોસ્ટ્સના ૧૦૦ ટકા રહેશે. ઓફિસમાં ગ્રુપ સી અને ડી કેટેગરીના પોલીસ કર્મચારીઓની હાજરી કુલ પોસ્ટ્સના ૫૦ ટકા રહેશે. જેમાં ૨૫ ટકા કર્મચારીઓ સવારે ૯ થી ૪ વાગ્યા સુધી કચેરીમાં હાજર રહેશે, જ્યારે બાકીના ૨૫ ટકા કર્મચારીઓ સવારે ૧૧ થી પાંચ વાગ્યા સુધી કચેરીમાં હાજર રહેશે. નિર્ણય કયા સમયે કર્મચારીઓ કચેરીમાં હાજર રહેવા માંગે છે તે સંબંધિત નાયબ સહાયકોને બાકી છે. ગ્રુપ સી અને ગ્રુપ ડીમાં બાકીના પોલીસ કર્મચારીઓને ઘરેથી કામ અપાશે. પરંતુ તાત્કાલિક સેવા માટે, તેઓને ફોન પર ઉપલબ્ધ થવું પડશે. તેમજ ઓફિસના સમય દરમિયાન જો તાત્કાલિક જરૂર હોય તો, સંબંધિત પોલીસ સ્ટેશનનો પેટા સહાયક જૂથ સી અને ડી કેટેગરીના કર્મચારીઓને બોલાવી શકે છે. તો હવે પોલીસ તંત્ર પણ કોરોના સામે લડત આપવા તૈયાર છે.

રાજ્યના પોલીસ મહાનિર્દેશક હેમંત નાગારેળે પણ રાજ્યમાં દરરોજ છ હજારથી વધુ નવા કોરોના દર્દીઓ મળી આવતા હોવાથી કોરોના સામે લડવાની જાહેરાત કરી છે. આખા વર્ષ દરમિયાન કોરોના સામે લડ્યા હતા. વિરામ બાદ ફરી એકવાર લડવાનો સમય આવી ગયો છે, એમ ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ,હેમંત નાગારેળે જણાવ્યુ હતુ. તેમણે સમગ્ર પોલીસ દળને એલર્ટ કરી દીધું છે.

# રામદેવ બાબાને ગુસ્સો આવ્યો: મહારાષ્ટ્રના ગૃહપ્રધાન દેશમુખ પર પ્રહાર

### કોરોનિલ પર પ્રતિબંધ તો પ્લાસ્ટીક અને ગુટકા કેમ એકશન નહિ ?



ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૪

યોગ ગુરુ બાબા રામદેવની પત્તાંજલી જૂથની કોરોનિલ દવા કોરોના સામે અસરકારક ન હોવાનું ઈંડિયન મેડિકલ એસોશિયેશન (આઈએમએ) દ્વારા જાહેર કરવામા આવ્યા બાદ મહારાષ્ટ્રમા તેની પર પ્રતિબંધ મૂકવામા આવતા રામદેવ બાબા ક્રોધિત થયા હતા અને ટ્વીટ દ્વારા મહારાષ્ટ્રના બેવડા ધોરણ સામે આક્ષેપ કરતા જણાવ્યુ હતુ કે જો આર્યુવેદિક કોરોનિલ પર પ્રતિબંધ મૂકવામા આવતો હોય તો સરકાર પ્લાસ્ટીક અને ગુટકા જેવા વસ્તુઓ પર કેમ કડક પગલા ભરતી નથી. આઈએમએ દ્વારા યોગગુરુના દાવા અને સર્ટિફિકેટને પડકારવામા આવ્યો છે તેમજ ક્રેન્દ્ર સરકારના અરોગ્ય મંત્રી જે અ સમારંબમા હાજર હતા તેમને પ્રશ્ન પૂછ્યો છે કે જો આ દવા અસરકારક હોય તો સરકાર કેમ વેકસિન માટે ૩૫ હજાર કરોડ રૂપિયા ખર્ચી રહી છે ? મહારાષ્ટ્ર ઉપરાંત અન્ય કેટલાક રાજ્યોમા પણ કોરોનિલ પર્ત પ્રતિબંધ મૂકવામા આવ્યો છે. રાજ્યના ગૃહમંત્રી અનિલ દેશમુખે ટ્વિટ કરીને રામદેવ બાબાને મોટો આંચકો આપ્યો છે. આઈએમએ પતંજલિની કોરોનલ ડ્રગની તબીબી પરીક્ષણ પર સવાલ ઉઠાવ્યા છે અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા પણ પતંજલિ આયુર્વેદના આ દાવાને ફગાવી દીધી છે કે આ દવા કોરોના પર અસરકારક છે. દેશમુખે સ્પષ્ટતા કરી હતી કે વિશ્વ આરોગ્ય સંગઠન અને આઈએમએ અને અન્ય સંબંધિત સક્ષમ આરોગ્ય સંસ્થાઓ દ્વારા યોગ્ય પ્રમાણપત્ર વિના પતંજલિની કોરોનલ દવા વેચવાની મંજૂરી મહારાષ્ટ્રમાં આપવામાં આવશે નહીં. દરમિયાન, જો નિયમો મુજબ બાબાની દવા પર પ્રતિબંધ મૂકવામાં આવે તો તેનું સ્વાગત કરવું પડશે, પરંતુ મહારાષ્ટ્રમાં પ્લાસ્ટિક પર પ્રતિબંધ છે, ગુટકા પર પ્રતિબંધ છે અને ઘણી દવાઓ પર પણ પ્રતિબંધ છે. કારણ કે આજે મહારાષ્ટ્રના હજારો યુવાનો આ ઝેરી વ્યસનની જાળમાં ફસાયેલા લાગે છે. શું વ્યસનયુક્ત યુવાનોના જીવનની સુરક્ષા કરવાની જવાબદારી સરકારની નથી? ગૃહમંત્રી તરીકે દેશમુખ નહીં? આજે સવાલ ઉભો થાય છે કે ગુટકા વેચનારાઓ સામે કાર્યવાહી કરવાની જેટલી તત્પરતા કેમ નથી કારણ કે આ દવા પર પ્રતિબંધ મૂકવાનો હતો.

# એટીએમમાં ક્લોનીંગ કરનારી ટોળકીની પોલિસે ધરપકડ કરી:હજારો ગ્રાહકોને લૂંટયા

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૪

એટીએમ મશીનમા ક્લોનીંગ કરી ૧૫૦ થી વધુ સ્થળે હજારો લોકો સાથે છેતરપીંડી કરનારી ટોળકીના મુખ્ય સુત્રધાર સહિત આઠ વ્યક્તિની પોલિસે ધરપકડ કરી હતી.અ ઘટનામા હજુ કેટલીક વધુ ધરપકડ થવાની સંભાવના છે.મુંબઈ સહિત રાજયભરમા અ ટોળકીએ આતંક મચાવ્યો હતો અને હજારો લોકાના કાર્ડની વિગતો મેળવી લાખો રૂપિયાની છેતરપીંડી કરી હતી.આ ટોળકી દ્વારા મોટી વ્યક્તિને ફસાવવા માટે ×બડા ચૂહા×નામનો કોડ વર્ડ વાપરવામા આવતો હતો.

મુંબઈ ક્રાઈમ બ્રાંચની ટીમે મુંબઇ અને મહારાષ્ટ્રમાં સ્કેમર્સ દ્વારા ક્રેડિટ અને ડેબિટ કાર્ડ્સની ક્લોનીંગમાં સામેલ એક ગેંગની ધરપકડ કરી છે. ક્રાઇમ બ્રાંચે આ ટોળકીનો માસ્ટર માઈન્ડ મોહમ્મદ ફૈઝ સહિત સિન્ડિકેટ સાથે જોડાયેલા વધુ ત્રણ લોકોની ધરપકડ કરી છે. આ કેસના સંદર્ભમાં હજી સુધી આઠ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

ક્રાઈમ બ્રાંચ યુનિટ ૯ ની તપાસમાં અનેક આશ્ચર્યજનક માહિતી બહાર આવી છે. ક્રાઈમ બ્રાંચના જણાવ્યા અનુસાર, આ સિન્ડિકેટ સાથે સંકળાયેલા તમામ આરોપીઓ લોકોની છેતરપિંડી કરવા માટે કોડવર્ડ્સનો ઉપયોગ કરતા હતા. આ છેતરપિંડી માટે વપરાયેલી સ્કિમર દ્વારા ગ્રાહકના ડેબિટ અથવા ક્રેડિટ કાર્ડના ડેટાની નકલ કરવામાં આવી હતી. આરોપીને કોડ વર્ડ 'ઉંદર' આપવામાં આવ્યો હતો. તેથી,



ચુંબકીય કાર્ડ રીડર, જે ચુંબકીય કાર્ડ બનાવે છે. તેમને 'બિગ રેટ' તરીકે કોડેડ કરવામાં આવ્યા હતા.

એટલું જ નહીં, ક્રાઈમ બ્રાંચે તે ત્રણ સ્થળોની ઓળખ કરી છે જ્યાં આ કૌભાંડ થયું હતું. તેમાંથી બે મુંબઈના અને એક પુણેના છે. આ જૂથે અત્યાર સુધીમાં ૧૦૦૦ થી વધુ લોકોને છેતર્યા છે. તેમની પાસેથી લગભગ ૧૪૯ ક્રેડિટ કાર્ડ અને ૨૨ ડેબિટ કાર્ડ કબજે કરવામાં આવ્યા છે. ધરપકડ કરાયેલા ૮ આરોપીઓમાંથી કોઈ પણ ૧૨ થી વધુ ધોરણ સુધી કોઇ ભણેલ નથી. ત્રણ આરોપીઓને ગ્રાહક ડેબિટ કાર્ડ અથવા ક્રેડિટ કાર્ડ ડેટાની નકલ કરવાની કામગીરી સોંપવામાં આવી હતી. બદલામાં, તેને દરેક કાર્ડ માટે ૫૦૦ રૂપિયા મળતા હતા. અન્ય ત્રણ આરોપીઓ સાતારા, પુના અને સાંગલીના એટીએમમાંથી પૈસા કાઢવાનું કામ કરતા હતા. તેઓને કુલ રકમના દસ ટકા મળતા હતા.

પોલીસે જણાવ્યું હતું કે એક હોટલ અથવા અન્ય સ્ટોરમાં કામ કરનાર વ્યક્તિ કોઈ સ્કિમર દ્વારા ડેબિટ અથવા ક્રેડિટ કાર્ડ દ્વારા ગ્રાહકના કાર્ડ ખરીદનારના ડેટાની નકલ કરી રહ્યો હતો. એટલું જ નહીં, તે ચોરી કરીને ગ્રાહકનો કાર્ડ પિન પણ નોંધતો હતો. આ ડેટાને લેપટોપ પર કોપી કરતી વખતે, ફૈઝ મેગ્નેટિક કાર્ડ રીડર દ્વારા કાર્ડની ક્લોન કરે છે, અને એકાઉન્ટમાંથી પૈસા ઉપાડવા માટે તેમાં ચોરાયેલ પિન નંબર નાખવામા આવતો હતો.

# માર્ચ-એપ્રિલમાં મહારાષ્ટ્રમાં રાજકીય ભૂકંપ ?; ભાજપને શિવસેનાની ગંભીર ચેતવણી

ચક્રવાત ટીમ, મુંબઈ. તા. ૨૪

થોડા દિવસો પહેલા પુડુચેરીમાં કોંગ્રેસને મોટો ફટકો પડ્યો હતો, જ્યાં પુડુચેરીના મુખ્ય પ્રધાન વી. નારાયણસ્વામી વિધાનસભામાં બહુમતી સાબિત કરવામાં નિષ્ફળ થયા, પછી પુડુચેરીમાં કોંગ્રેસની સરકાર પડી ભાંગી છે., પરંતુ શું આ રાજકીય વિકાસ મહારાષ્ટ્રમાં પણ રાજકીય ભૂકંપ લાવશે? આ પૃષ્ઠભૂમિ સામે શિવસેનાના નેતા સંજય રાઉતે ભાજપને કડક ચેતવણી આપી છે.

શિવસેનાના નેતા સંજય રાઉતે કહ્યું કે, પુડુચેરી જેવા નાના રાજ્યો પણ ભાજપ દ્વારા ખેંચી લીધાં છે, હવે ભાજપના નેતાઓએ જાહેરાત કરી છે કે તેઓ માર્ચ-એપ્રિલમાં મહારાષ્ટ્રમાં ઓપરેશન કમળ શરૂ કરશે, મહારાષ્ટ્ર અને પુડુચેરી વચ્ચે તફાવત છે, અહીં સીએમ ઉદ્ધવ ઠાકરે છે શિવસેના ઘટક પક્ષો સાથે મહાવીકાસ આઘાડીની સરકાર ચલાવી રહી છે, મહારાષ્ટ્રમાં શિવસેના છે, તેથી આપણે ફક્ત ઉભા થવું જોઈએ નહીં, શિવસેનાના નેતા સંજય રાઉતે પણ કહ્યું હતું કે, જે લોકો દિલ્હીમાં બેઠા છે તેઓ સત્તા અને પૈસાની દુરુપયોગ કરે છે જે દેશ માટે સારું નથી, જો દેશમાં વિરોધી પક્ષ નહિ હોય તો લોકશાહી નહીં રહે,લોકશાહી નહિ રહેશે તો દેશ નહિ રહે અને દેશમા ઈસ્ટ ઈંડિયા કંપનીનું રાજ રહેશે. તેમ કહી .ભાજપની ટીકા કરી છે. મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે અને શરદ પવાર વચ્ચેની બેઠકમાં શું થયું? તે જાણી શકાયું નથી, મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ પોહરદેવી કિલ્લા પર ભીડ અંગે સ્પષ્ટ શબ્દોમાં કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો છે, નિયમોનું ઉલ્લંઘન કર્યું છે, મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે તેમના માણસો હોવા છતાં નહીં છોડે, મુખ્યમંત્રી કાયદા અંગે ખૂબ જ કડક છે અને ઓર્ડર. કાયદો તેનું કામ કરશે, સંજય રાઠોડ વિશે જે પણ નિવેદન આપવામાં આવે છે તે રાજ્ય સરકાર અને મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે કરી શકે છે, એમ તેમણે કહ્યું હતું. તે જ સમયે, મહારાષ્ટ્રને બદનામ કરવા માટે હંમેશાં કાવતરાં કરવામાં આવે છે, પરંતુ અમે તેમનો સામનો કરવામાં પણ સક્ષમ છીએ, એમ રાઉતે જણાવ્યું હતું.

# મુંબઈ માટે એમએમઆરડીએનું ૧૨,૯૬૯.૩૫ કરોડનું બજેટ, શહેરમા વિકાસની ગતી વધશે

ચક્રવાત ટીમ, મુંબઈ ,તા. ૨૪

મુંબઈના વિવિધ ઈન્ફ્રા પ્રોજેક્ટ્સની ગતિ વધારવા માટે, મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) એ વર્ષ ૨૦૨૧-૨૨ માટે ૧૨,૯૬૯.૩૫ કરોડનું બજેટ તૈયાર કર્યું છે. મંગળવારે ઓથોરિટીના ચેરમેન એકનાથ શિંદેની અધ્યક્ષતામાં ૧૫૦ મી બેઠકમાં બજેટને મંજૂરી આપવામાં આવી હતી. બજેટમાં મેટ્રો પ્રોજેક્ટ પર મહત્તમ ૪,૫૭૧.૨૫ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. બાળાસાહેબ ઠાકરેના સ્મારક માટે ૧૦૦ કરોડ અને ભારત રત્ન બાબા સાહેબ આંબેડકર સ્મારક માટે ૨૬૦ કરોડની વ્યવસ્થા કરવામાં આવી છે.



એમએમઆરડીએએ મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન (એમએમઆરસી) ને કોલાબા-બાંદ્રા-સીપઝ (મેટ્રો રૂટ -૩) પ્રોજેક્ટ માટે રૂ. ૨૫૦ કરોડ ફાળવ્યા છે. આ વર્ષના મધ્ય સુધીમાં મેટ્રોના બે કોરિડોર શરૂ કરવા માટે લગભગ ૧૭.૦૦ કરોડની વ્યવસ્થા કરવામાં આવી છે. દહિસરથી ડી.એન.નગર વચ્ચે દોડતા મેટ્રો ૨ એ કોરિડોર માટે ૭૦૦.૬૫ કરોડ અને દહિસરથી અંધેરી (પૂર્વ) સુધી ચાલનારા મેટ્રો ૭ કોરિડોર માટે રૂ. ૯૯૯.૪૫ કરોડ ફાળવવામાં આવ્યા છે. મેટ્રો ભવન અને મેટ્રો કર્મચારીઓના નિવાસ માટે રૂ ૩૨૯.૩૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે, મોનો રેલ પ્રોજેક્ટ માટે ૧૨૦.૨૦ કરોડ અને મુંબઈ ટ્રાન્સ હાર્બર લિંક પ્રોજેક્ટ માટે ૨૯૦૦.૩૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. બીકેસી નજીક નિર્માણ પામેલા કલાનગર ફ્લાયઓવર માટે રૂ. જળ સંસાધન વિકાસ (પાણીનો માર્ગ) પ્રોજેક્ટ, સાંતાક્રુઝ-ચેમ્બર લિંક રોડ માટે ૨૦૦ કરોડ રૂપિયા, ચેડાનગર જંકશન ખાતે એલિવેટેડ રોડ ઈમ્પ્રૂવમેન્ટ પ્રોજેક્ટ માટે ૬૦ કરોડ.ખર્ચ કરવામા આવશે. પૂર્વીય અને પશ્ચિમ ધોરીમાર્ગને વિશ્વસ્તર બનાવવાની સપનાની પણ બજેટમાં કાળજી લેવામાં આવી છે. બંને હાઈવેને અત્યાધુનિક બનાવવા માટે ૨૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. મહારાષ્ટ્ર નેચરલ પાર્ક સ્કાય વોક માટે રૂ. ૭૭.૦૫ કરોડ અને અન્ય પ્રોજેક્ટ્સ માટે ૯૮૩.૩૫કરોડનું બજેટ બનાવવામાં આવ્યું છે. એમએમઆરડીએએ વિવિધ પ્રોજેક્ટ્સના સર્વે અને ગ્રાન્ટ માટે રૂ.૧૭૫.૩૫ કરોડ, બજેટમાં લોન વિતરણ અને સુરક્ષા થાપણ માટે રૂ .૨૭૩ કરોડની જોગવાઈ કરી છે.

# દિવસ દરમિયાન એક જીમ ટ્રેનર અને રાત્રે બંદુકની ધાક બતાવી લૂંટ કરતા નવ જણની ધરપકડ

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૪

ભિવંડીમાં ચોરી વધી રહી હતી ત્યારે શાંતિનગર પોલીસે એક ગેંગને પકડી પાડી છે. સવારે જીમમાં ટ્રેનર તરીકે કામ કરવાના અને રાત્રના બંદુકની ધાક બતાવી દરોડા પાડી લૂંટ ચલાવતી ટોળકીના નવ આરોપીની પોલિસે ધરપકડ કરી છે. પોલીસે તેમના દ્વારા આચરવામા આવેલ ૮ ગુનાઓનો પર્દાફાશ કરવામાં સફળતા મેળવી છે. રોકડ, સોના-ચાંદીના દાગીના અને મોબાઈલ ફોન સહિત અઢી લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે. તેમજ લૂંટની ઘટના સીસીટીવી કેમેરામાં પણ કેદ છે.દરોડાખોરો દ્વારા મોજશોખ પૂરા કરવા લૂંટ કરતા હતા.



ભિવંડી વિસ્તારમા રાતના અંધકારમા દરોડા પાડી બંદુકની ધાકે લૂંટ ચલાવનાર ટોળકીને પકડવુ તે એક ચેલેન્જ હતી.ભિવંડી શહેરના શાંતિનગર પોલિસની હદમા કેન્ટીનચાલકની ઓફિસમા ઘુસીને ટોળકીએ ગાવઠી કટ્ટા વડે ધાક બતાવી તેમજ ફરિયાદી પર ચાકુનો વાર કરી જખ્મી કરવામા આવ્યો હતો.તેમજ ત્રણ મોબાઈલ અને રોકડ રકમની લૂંત કરવામા આવી હતી.આ બાબતની ફરિયાદ શાંતિનગર પોલિસ સ્ટેશને કરવામા અવતા આરોપીઓ વિરુધ્ધ ગુનો નોંધી તપાસ ચાલુ કરવામા આવી હતી.પોલિસે સીસીટીવી ફૂટેજને અધારે દરોડામા સંડોવાયેલા છ આરોપીઓને તાબામા લેતા શાંતિનગર પોલિસના ત્રણ ગુના ઉકેલવામા આવ્યા હતા.વિશેષમા આ ગુનામા સંડોવાયેલ અરોપી જિમ ટ્રેનર હતો. દિવસના યુવકોને જીમની ટ્રેનીંગ આપી રાતના ઘરફોદી તેમજ દરોડામા ભાગ લેતો હતો. તેની સાથે અન્ય પાંચ ઘરફોદીના ગુનામા અન્ય ત્રણ જણને તાબામા લેવામા આવ્યા હતા. પોલિસે એક સગીર વયનો ,એક મહિલા સહિત ટોટલ નવ જણની પોલિસે અટક કરી હતી.તેઓ પાસેથી ગાવઠી કટ્ટો ,ચાકુ, ૯ હજાર ઋપિયાના બે મોબાઈલ,,ગુના માટે વાપરવામા આવતી રિક્ષા તેમજ ઘરફોદીના પાંચ કેસમા ચોરી કરેલ એક લાખ ૨૦ હજારની કિમતના ૬ તોલા સોનાના દાગીના,૯૫ હજાર રોકડ રકમ મળી અઢી લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામા આવ્યો છે.

# નવી મુંબઈમા મતદારયાદીમા હેરાફેરી આશિષ શેલારનો આક્ષેપ

### રાજકિય દબાણને કારણે અધિકારીઓ પગલા લેતા નથી

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૪

નવી મુંબઈના વિસ્તારોમા મતદારયાદીઓમા ગેરકાયદે ફેરફાર થતો હોવાનો ભાજપ નેતા આસિષ શેલારે આક્ષેપ કર્યો હતો.એટલુ જ નહિ મંત્રાલયમા સત્તા પર બેસેલા રાજકિય પક્ષોના દબાણને કારણે અધિકારીઓ ફરિયાદ લેવા તૈયાર નથી, તેમ જણાવતા ઉમેર્યુ હતુ કે જો અમારી ફરિયાદ નહિ લેવાય અને મતદારોની હેરાફેરી નહિ રોકાય તો અમે જરૂર પડે તો ન્યાય મેળવવા કોર્ટના દરવાજા ખખડાવશુ. આ ગંભીર પ્રવૃતીની તપાસ માટે એસઆઈટીને પરવાનગી આપવાની માગણી તેમણે કરી હતી. શિવસેનાના નેતૃત્વવાળી મહાવિકાસ આઘાડી સરકાર અત્યાર સુધી ઉમેદવારોની હેરાફેરી કરતી હતી, પરંતુ હવે એક પ્રભાગમા અવેલી



સોસાયટી અને ચાલીઓના મતદારોને બીજા પ્રભાગની મતદારયાદીમા દર્શાવી રહ્યા છે જે એક ગંભીર બાબત છે.આ માટેની ફરિયાદો અધિકારીઓને આપવામા અવે તો તેઓ રાજકિય દબાણને કારણે સ્વીકારતા નથી, તેમજ અ પ્રવ્રુતીને રોકવા પગલા લેતા નથી. ખાસ કરીને ઘનસોલી અને એરોલી જેવા વિસ્તારની સોસાયટી અને ચાલીઓની મતદારયાદીઓમા મોટી હેરફેર થઈ રહી ચે,જે પ્રભાગમા સોસાયટી અને ચાલીઓ આવી છે તેમા રહેતા રહેવાશીઓને અન્ય પ્રભાગની મતદારયાદીમા નામ દર્શાવવામા આવ્યા છે આથી તેઓ યોગ્ય મતદાન કરી શકતા નથી અને હાલની સરકાર આવી ગડબડ કરી ચૂંટણીમા વિજય મેળવવા પ્રયત્ન કરે છે તેવો આક્ષેપ શેલારે કર્યો હતો.સેકડો નહિ પરંતુ હજારોની સંખ્યામા મતદારોની રીતસર હેરાફેરી થઈ રહી છે અમે એસઆઈટી (સીટ) દ્વારા તપાસની માગણી કરી છે નહિ તો ન્યાય મેળવાવા કોર્ટમા જઈશુ. નવી મુંબઈ મહાપાલિકામા વર્ચસ્વ મેળવવા ભાજપ અને શિવસેના વચ્ચે રીતસરનું વોર ચાલી રહ્યુ છે.સત્તાધીશોના દબાણ હેઠળ અધિકાર્રીએઓ કામ કરે છે.તમારો મત આપવા જાવ અને કોઇ બીજુ મત આપી ગયુ હોય તેવી ફરિયાદ હવે સામાન્ય છે પરંતુ એક પ્રભાગમા અવેલી સોસાયટીના મતદારોને કઈ રીતે અન્ય પ્રભાગની મતદારયાદીમા દર્શાવી શકાય તે આ મહાવિકાસ આઘાડી સરકારે પૂરવાર કરી બતાવ્યુ છે તે લોકશાહી માટે ખતરારૂપ હોવાનું શેલારે ઉમેર્યુ હતુ.

# મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ મહામંડળની મેનેજિંગ કમિટી અને સામાન્ય સભા

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૪

મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ મહામંડળની મેનેજિંગ કમિટી અને ૩૨મી સામાન્ય સભા જે રવિવાર તા. ૭ માર્ચના પુના ખાતે રાખેલ હતી તે કોરોના મહામારી વધવાને કરણે રદ કરવામા આવી છે.અને તેને બદલે તે જ દિવસે સવારે ૧૧ વાગે "ZOOM MEETING" પર રાખવામા આવી છે. "ZOOM MEETING" ની ક્લીપ નાસિકના દિગવિજય કાપડિયા પાસેથી મોબાઈલ ૯૮૨૩૦૩૪૬૬૭ પરથી મેળવી લેવી એવી વિનંતી પ્રમુખ હેમરાજ શાહે અને મહામંત્રી રાજેશ શાહે કરી છે.

# સોના-ચાંદીના વાયદામાં મિશ્ર વલણ: ક્રૂડ તેલમાં વૃદ્ધિ

ચક્રવાત ટીમ, મુંબઈ,૨૪

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૬૭૭૭૩ સોદામાં રૂ.૧૩૭૬૦.૭૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં મિશ્ર વલણ હતું, જ્યારે બિનલોહ ધાતુઓ એકંદરે નરમ રહી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં વૃદ્ધિ સામે નેચરલ ગેસ ઢીલું હતું. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, રૂ (કોટન), સીપીઓ, મેન્થા તેલ અને રબરના વાયદાના ભાવમાં સાર્વત્રિક ઘટાડો થયો હતો. દરમિયાન, કીમતી ધાતુઓનો સૂચકાંક બુલડેક્સનો માર્ચ વાયદો ૧૪૯૬૪ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૪,૯૭૮ અને નીચામાં ૧૪,૯૧૭ને સ્પર્શી પ્રથમ સત્ર સુધીમાં ૬૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૦ પોઈન્ટ ઘટી ૧૪૯૩૫ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો, જ્યારે બિનલોહ ધાતુઓનો સૂચકાંક મેટલડેક્સનો માર્ચ વાયદો ૧૫,૦૧૮ના સ્તરે ખૂલી, પ્રથમ સત્ર સુધીમાં ૧૫૩ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૨૭ પોઈન્ટ ઘટી ૧૪૯૩૭ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૮૧૨૨૭ સોદાઓમાં રૂ.૫૬૬૮.૬૦ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૬૮૦૮ ખૂલી, ઊપરમાં રૂ.૪૬૮૫૭ અને નીચામાં રૂ.૪૬૬૬૬ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૯ ઘટીને રૂ.૪૬૭૫૩ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૪ વધીને ૮ ગ્રામદીઠ રૂ.૩૭૫૮૯ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૫ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ.૪૬૫૯ થયા હતા, જ્યારે સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૫ ઘટીને બંધમાં રૂ.૪૬૫૯૭ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૯૬૧૧ ખૂલી, ઊપરમાં રૂ.૬૯૬૭૩ અને નીચામાં રૂ.૬૮૯૩૫ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૫ વધીને રૂ.૬૯૩૫૬ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૪૫ ઘટીને રૂ.૬૯૫૧૬ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૧૦૦ ઘટીને રૂ.૬૯૪૧૨ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૫૪૭૬૨ સોદાઓમાં રૂ.૨૬૫૧.૦૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ માર્ચ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૪૪૩૬ ખૂલી, ઊપરમાં રૂ.૪૫૧૭ અને નીચામાં રૂ.૪૪૨૭ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૨ વધીને રૂ.૪૫૦૭ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૪૦૪૯ સોદાઓમાં કુલ રૂ.૫૮૬.૧૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન ફેબ્રુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ.૨૧૭૨૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૭૨૦ અને નીચામાં રૂ.૨૧૬૨૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૮૦ ઘટીને રૂ.૨૧૬૩૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧૦૬૮.૫ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૫.૬ ઘટીને બંધમાં રૂ.૧૦૬૨.૧ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૪૬ ખૂલી, ઊપરમાં રૂ.૯૫૬.૭ અને નીચામાં રૂ.૯૪૦.૫ રહી, અંતે રૂ.૯૫૧.૧ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૨૪૭ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૪૭ અને નીચામાં રૂ.૧૨૩૯.૫ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૯ ઘટીને રૂ.૧૨૪૩ ના સ્તરે બંધ રહ્યો હતો. વાયદાઓમાં કામકાજની દષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૧૬૦૫૫ સોદાઓમાં કુલ રૂ.૨૪૨૫.૩૭ કરોડ ની કીમતનાં ૫૧૮૮.૯૯ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૬૫૧૭૨ સોદાઓમાં કુલ રૂ.૩૨૪૩.૨૨ કરોડ ની કીમતનાં ૪૬૩.૪૫૪ ટન, ક્રૂડ તેલમાં ૧૮૭૪૭ સોદાઓમાં રૂ.૧૨૦૭.૨૨ કરોડનાં

# અંધશ્રધ્ધાથી સગર્ભા મહિલાનું મૃત્યુ : તાંત્રિકને સારવાર માટે મહિલાને સોંપવામાં આવી હતી

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૪

પુનાની માવલ તહસિલમાં અંધશ્રદ્ધાને લીધે સગર્ભા મહિલાનું મોત નીપજતાં એક મહિલાના મોતનો મામલો સામે આવ્યો છે. જ્યારે ૮ મહિનાની સગર્ભા સ્ત્રીની સારવાર માટે હોસ્પીટલમા ન લઈ જઈ તેને , તાંત્રિકના હવાલે કરવામાં આવી હતી..આ ઘટનાથી સગર્ભા સ્ત્રી સાથેના ૮ મહિનાના બાળકનું આઘાતજનક મોત નીપજ્યું છે. લોનાવાલા પોલીસ હવે આ કેસની તપાસ કરી રહી છે. આ કેસ લોનાવાલા પોલીસ હેઠળના શિલિમ ગામની એક સગર્ભા સ્ત્રી પ્રસવથી પીડાવા લાગી ત્યારે તેના પતિ અને સાસરિયાઓ તેને હોસ્પિટલમાં ન લઈ જતા તાંત્રિક પાસે લઈ ગયા હતા.. તાંત્રિકે મહિલા પર ઝાડુ ફેરવવાનુ શરૂ કર્યું હતુ. પરંતુ મહિલાની તબિયત લથડવાનું શરૂ થયું અને તે બેહોશ થઈ ગઈ. જે બાદ મહિલાને સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. હોસ્પિટલ પહોંચતા જ ડોકટરોએ મહિલા અને તેના બાળક બંનેને મૃ ત જાહેર કરી દીધા હતા. સ્થાનિક રહેવાશીઓ દ્વારા પોલીસ પાસેથી આરોપી બાબા સામે કાર્યવાહી કરવાની માંગણી કરી રહ્યા છે. પોલીસે આરોપી બાબા સામે કડક કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. આ અંગે મૃતક મહિલાના પિતાને જાણ થતાં તેણે આરોપી પતિ અને સાસરીયા વિરુદ્ધ ગુનો નોંધાવ્યો છે. આખું શહેર મહારાષ્ટ્રનું સાંસ્કૃતિક શહેર માનવામાં આવે છે. જ્યાં આ પ્રકારની ઘટના સંસ્કારી સમાજ માટે ખૂબ જ ચિંતાજનક છે. આજના આધુનિક યુગમાં પણ મહિલાઓને આ રીતે સારવાર માટે તાંત્રિકને સોંપવી એ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે.

# નાયર હોસ્પિટલમાં ૩ મૃત કર્મચારીને જીવીત દર્શાવી દશ લાખરૂ.નું પેન્શન કૌભાંડ આચર્યુ

## ચાર અધિકારી અને કર્મચારીઓને નોટિસ બજાવી

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૪

નાયર હોસ્પિટલમાં તેની સારવારને કારણે અને તેની આસપાસના વિવાદને કારણે વધુ ચર્ચા કરવામાં આવી રહી છે. ત્રણ મૃત કર્મચારીઓને જીવંત બતાવી તેમનું પેન્શન અને કૌટુંબિક રિટાયર્ડ પેન્શન હડપવાનો કિસ્સો બહાર આવ્યો છે. તેની સામે અગ્રીપાડા પોલીસ સ્ટેશનમાં પેન્શન કૌભાંડનો કેસ નોંધવામાં આવ્યો છે.સ્થાપના વિભાગના કર્મચારીઓની સંડોવણી બહાર આવી છે.

મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટ્રેઝરી વિભાગ તરફથી નાયર હોસ્પિટલના સ્થાપના વિભાગમાં કાર્યરત વહીવટી અધિકારીઓ અન્ય ચાર લોકોને કારણદર્શક નોટિસ ફટકારી છે. મૃતક વ્યક્તિઓના નામે ઓફિસ દ્વારા પેન્શન દાવાઓને કેવી રીતે મંજૂરી આપવામાં આવી? આ અંગે નોટિસમાં પૂછપરછ કરવામાં આવી હતી. ઓક્ટોમ્બર મહિનામા આપેલ નોટિસનો જવાબ અધિકારીઓએ આપતા વિભાગીય તપાસ શરૂ કરી હતી.. તે સમયે, સ્થાપના વિભાગના કારકુન પ્રસાદ ગોસાવી ઓગસ્ટમાં કંકુ રાવલિયાની નિવૃત્તિ અરજી લાવ્યા હતા. એક માસ્કવાળી સ્ત્રી પ્રસાદ સાથે આવી હતી. પ્રસાદે તેની ઓળખ રાવલિયાની પુત્રવધૂ તરીકે કરી હતી. બેંક સ્ટેમ્પની ચકાસણી અને મેનેજરે તેમના દ્વારા સુપરત કરેલી અરજી પર સહી કરેલા જીવન પ્રમાણપત્ર તેમજ અન્ય દસ્તાવેજો તે બોગસ હોવાનું બહાર આવ્યું છે. એવું જોવા મળ્યું હતુ કે કંકુ જેવા બીજા બે કર્મચારીઓમાં પણ આવું જ બન્યું હતું.

વિભાગીય તપાસમાં બહાર આવ્યું હતુ કે કારકુન પ્રસાદ ગોસાવીએ તેમને ગેરમાર્ગે દોર્યા હતા. તેને પકડવામાં આવશે તેના ડરથી ગોસાવીએ પોતાની ભૂલ સ્વીકારી અને મ્યુનિસિપલ કો-ઓપરેટિવ બેંકમાં ત્રણ મૃત કર્મચારીઓના નામે રૂ .૯ લાખ ૯૧,૭૦૦ જમા કરાવ્યા. જોકે, નાયર હોસ્પિટલના સ્થાપના વિભાગના અધિકારીઓ દ્વારા છેતરપિંડી, કરવા સરકારી ભંડોળની ઉચાપત અને બોગસ દસ્તાવેજો તૈયાર કરવાના મામલે નોંધાયેલી ફરિયાદના આધારે પ્રસાદ ગોસાવી વિરુદ્ધ અગ્રીપાડા પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે.

કંકુ રાવલિયા, નિર્મલા માઘાડે અને શાંતાબાઈ જાધવને જીવંત બતાવવામાં આવ્યા હતા અને તેમના નામે તેમની પેન્શન અને કૌટુંબિક પેન્શન મંજૂર કરાયા હતા. આ કેસમાં અન્ય કોણ સંડોવાયેલ છે અને સરકાર દ્વારા કેટલા લોકોની છેતરપિંડી કરવામાં આવી છે તેની પોલીસ તપાસ કરી રહી છે.

# કોરોના : લગ્ન સમારોહનો વીડિયો પોલીસને મોકલવો ફરજિયાત

## થાણે પોલીસ દ્વારા લગ્ન સમારોહ માટે કડક પ્રતિબંધ

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૪

રાજ્યના કેટલાક શહેરોમાં કોરોના દર્દીઓમાં વધારો થયા બાદ ફરીથી કડક નિયમો કડક કરવામાં આવી રહ્યા છે. કોરોના ચેપને રોકવા માટે કડક પગલા લેવામાં આવ્યા છે અને આવતીકાલથી કેટલાક રાજકીય, સરકારી, ધાર્મિક અને સામાજિક કાર્યક્રમો પર થોડા દિવસો માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

લગ્ન સમારોહના વીડિયો હવે પોલીસને મોકલવા ફરજિયાત રહેશે. થાણે શહેરમાં ફરીથી કોરોનાએ માથુ ઉચકતા દરદીઓની સંખ્યામા વધરો થવા લાગ્યો હોવાથી મહાનગર પાલિકાની સાથે પોલીસ વહીવટ પણ સજાગ બન્યો છે. શહેરમાં વધતા જતા ચેપને ડામવા માટે પોલીસ હવે લગ્ન સમારોહ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. થાણે પોલીસ કમિશનર હેઠળ આવતા તમામ શહેરોમાં હવે ફક્ત ૫૦ લોકોને લગ્ન સમારોહમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવશે. ખાસ વાત એ છે કે લગ્ન સમારોહનો વીડિયો શૂટ કરીને પોલીસને મોકલવો પડશે. પોલીસ પ્રશાસને કહ્યું છે કે નિયમોનું ઉલ્લંઘન થાય તો કડક કાર્યવાહી કરવામાં આવશે. લગ્નમાં ભાગ લેનારા દરેકને માસ્ક પહેરવાની જરૂર છે. લગ્નમાં ભાગ લઈ શકનારા લોકોની સંખ્યા પર મર્યાદા છે. જો ૫૦ થી વધુ લોકો એકઠા થયા હોય તેવું લાગે છે, તો સામેલ લોકો સામે ગુનો દાખલ કરવામાં આવશે. તદુપરાંત, સંબંધિત મેનેજમેન્ટ વિરુદ્ધ પણ કેસ નોંધવામાં આવ્યો છે. મ્યુનિસિપલ કમિશનરે પણ દરરોજ ઓછામાં ઓછા ૬ લગ્ન હોલ અથવા ઓફિસો પર દરોડા પાડવાનો આદેશ આપ્યો છે. જો ત્યાં નિયમોનું પાલન કરવામાં નહીં આવે તો આયોજકો તેમજ ઓફિસ મેનેજમેન્ટ સામે ગુનો દાખલ કરવામાં આવશે.

# વિદેશી નાગરિકે જેલમા નગ્ન થઈ ધિંગાણુ મચાવી પોલીસને મારવાનો પ્રયાસ

## સતારાના વાઈના બંગલામા ગાંજાની ખેતી કરતા વિદેશી ન્યાયિક કસ્ટડીમા હતા

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૪

સાતારા જિલ્લા જેલમાં એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ગાંજાના કેસમા પકડાયેલ વિદેશી નાગરિકે સતારાની જિલ્લા જેલમા નગ્ન થઈને ધિંગાણુ મચાવ્યુ હતુ. તેમજ જેલમા ડ્યુટી પર હાજર પોલિસને મારવાનો પ્રયાસ કર્યો હતો.

સાતારા જિલ્લાના વાઈ ખાતે બે વિદેશી યુવાનોએ ગાંજો વાવ્યો હતો. આ ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવતા તેઓની કેસમાં ધરપકડ કરાતા ન્યાયિક કસ્ટડીમા સતારાના ડિસ્ટ્રીકટ જેલમા મોકલી આપવામા આવ્યા હતા. બંને વિદેશી શકમંદોને ડિસ્ટ્રિક્ટ જેલમાં નગ્ન થઈ દ્વિંગાણુ મચાવ્યુ હતુ. આરોપીઓ દ્વારા નગ્ન થયા બાદ તેઓએ જેલના સીસીટીવી પણ તોડ્યા હતા. જેને લઈને જેલમાં સનસનાટી મચી ગઈ હતી.. આરોપીઓ દ્વારા જેલના દરવાજા અને બારીઓ તોડવામાં આવી હતી. જેલમાં તોડફોડ બાદ પોલીસ દ્વારા પૂછપરછ કરવામાં આવતા આરોપીઓએ પોલીસ કર્મચારીઓને માર મારવાનો પ્રયાસ કર્યો હતો.આ બાબતે જેલના વહીવટીતંત્રે ચૂપકીદી સેવી છે.

સાતારા જિલ્લાના વઘઈ ખાતેના બંગલામાં વિદેશી લોકો દ્વારા ગાંજાની ખેતીનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. છેલ્લા એક વર્ષથી સંબંધિત વિદેશીઓ દ્વારા આ બંગલામાં ખેતી કરાયેલી આ ગાંજો બહાર વેચાઈ રહી હોવાનું બહાર આવ્યું છે. સાતારા પોલીસે સોમવારે રાત્રે બંગલા પર દરોડો પાડ્યો હતો. આ પછી, બંગલામાં ઉગાડવામા આવતા ગાંજાનો ચોંકાવનારો મુદ્દો પ્રકાશમાં આવ્યો હતો., આ બંગલામાં ભાંગ ઉગાડવા માટે વિદેશી લોકો દ્વારા ઘણી આધુનિક ટેકનીકોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો. પુણેની એન્ટી ડ્રગ્સ ટીમે તમામ માલ સીલ કરી કબજે કર્યા છે. આ કેસમાં મુખ્ય શંકાસ્પદ લોકો, જે વિદેશી યુવકોની ધરપકડ કરવામાં આવી હતી. હાલ તે ન્યાયિક કસ્ટડીમાં છે.

## મોબાઈલ ચોર ઝડપાયા




સાકીવિહર રોડ ખાતે આવેલી દુકાનમાંથી અંદાજે ૧૮ લાખ રૂપિયાની કિંમતના મોબાઈલ ટીવી સેટ અને હોમ થિયેટર ચોરી કરનારા બે આરોપીની પોલીસે ધરપકડ કરી મુદ્દામાલ પરત મેળવ્યો હતો જ્યારે ફરાર ત્રીજા આરોપીને પકડવા તજવીજ હાથ ધરી હતી.

# મહીસાગર જીલ્લાની ચૂંટણીઓ માટે કડાણા તાલુકામાં આમ આદમી પાર્ટીની જાહેર સભા



ચક્રવાત ટીમ મહીસાગર, તા.૨૪

કડાણામાં તાલુકામાં મોટી રાઠ તાલુકા પંચાયતની બેઠક માટે 'આપ' તરફથી ઉમેદવારી નોંધાવનાર લક્ષ્મણભાઇ વાગડીયાના વિસ્તાર રાઠડાબેટ ખાતે સભાનું આયોજન થયું જેમાં સ્થાનિક મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી, આજે પણ ગામમાં પહોંચવા માટે હોડી દ્વારા નદી પસાર કરવી પડે છે તેમજ ગામમાં ખાતેદાર બની ન શકતા હોવાનો પ્રશ્ન કેટલાય સમયથી ઉપસ્થિત છે.

સાથે સાથે ઝાલાસાગ સીટ પરથી ઉમેદવારી નોંધાવેલ ભાથીભાઈ પગીના ગામ કલીયારી ખાતે સભાનું આયોજન થયું, જેમાં લોકોને આમ આદમી પાર્ટીથી વાકેફ કરાવી મતદાન કરવા માટેની અપીલ કરવામાં આવી, જેમાં ખૂબ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા. સભામાં આમ આદમી પાર્ટી જિલ્લા પ્રમુખ પ્રશાંત ગુર્જર, જિલ્લા મહામંત્રી હિરેન શ્રીમાળી, જિલ્લા સંગઠન મંત્રી પર્વતભાઈ વાદી તેમજ કડાણા તાલુકા પ્રમુખ ખાતુભાઈ હરીજન હાજર રહ્યા તેમજ પોતાના ભાષણ વડે લોકોમાં જોશ પૂરો પાડ્યો. ઉલ્લેખનીય છે કે ગત રોજ મહાનગર પાલિકાઓના પરિણામ જાહેર થયા જેમાં આમ આદમી પાર્ટીએ ગુજરાતમાં સત્તાવાર રીતે એન્ટ્રી મારી છે, જેનાથી ભાજપની જીતની ખુશી ઓસરી છે. ભાજપના જ ગઢ સમાન મનાતા સૂરત શહેરમાં આમ આદમી પાર્ટીએ ખૂબ સુંદર દેખાવ નોંધાવી ૨૭ સીટ કબઝે કરી છે. 'આપ'ના જીલ્લા પ્રમુખ પ્રશાંત ગુર્જરે જણાવ્યું છે કે સુરતના આ પરિણામ મહીસાગરના ઈલેક્શનમાં પણ ફાયદો કરાવશે અને જિલ્લામાં પણ આપની ઓફિશિયલ એન્ટ્રી થવાના એંધાણ આપ્યા છે. મહીસાગર કડણામા પણ જીતશે આમ આદમી પાર્ટી તેવું પ્રશાંતભાઈ ગુર્જરે જણાવ્યું હતુ.

# મારૂતિનગર કોડીનારમાં ગંદકીના ગઢ ખડકાયા પ્રજાના આરોગ્ય સાથે સીધા છેડા



ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૨૪

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકામાં સ્વચ્છતા ના લીરેલીરા ઉડાવી અને પ્રજાના જન આરોગ્ય સાથે ખીલવાડ કરવાનું ગંભીર કાર્ય સામે આવ્યુ છે. મારુતિ નગર કોડીનાર માં ગંદકી ના ગઢ ખડકાયા પ્રજાના આરોગ્ય સાથે સીધા છેડા થઈ રહ્યા છે ત્યારે સામાજિક કાર્યકર દીપક ભાઈ વાઢેળ દ્વારા ગ્રામ પંચાયત ને વારંવાર રજૂઆત કરી હતી પણ આજ સુધી કોઈ જ નક્કર પગલાં નહિ ભરતા અંતે ગંદકીના ઢગલાઓ અને પાણી દ્વારા ગંદકી ના ફોટો ગ્રાફ વિડિયો સાથે સામાજિક કાર્યકર દીપક ભાઈ દ્વારા મીડિયમાં રજૂઆત કરવામાં આવી અને પ્રેસ પ્રતિનિધ દ્વારા રૂબરૂ મુલાકાત લેતા આ હકીકત જાણવા મળી હતી. મારુતિ નગર સોસાયટીમાં અસ્વચ્છતા ના દ્રશ્યો જોવા મળ્યા હતાં. દીપક ભાઈ એ આક્રોશ સાથે પોતાની રજૂઆત મીડિયા સમક્ષ કરી હતી. કોડીનાર ની ગંદકી ના દ્રશ્યો ખરેખર દયનીય અને કોરોનાકાળ માં જીવતા જમ જેવા છે, શુ તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં ભરવામાં આવશે કે કેમ તે હવે જોવુ રહ્યું.

# મહાપાલિકાના પરિણામથી દસાડામા કઈ ફેર નહિ પડે : દસાડામાં કોંગીની જાહેર સભા



ચક્રવાત ટીમ પાટડી, તા.૨૪

સુરેન્દ્રનગર જીલ્લા ના દસાડા ખાતે કોંગ્રેસ ના તાલુકા પંચાયત જીલ્લા પંચાયત ના સભા યોજાઈ હતી. આ સમયે દસાડા લખતર વિધાનસભા ના ધારાસભ્ય નૌશાદ સોલંકી કોંગ્રેસ કાર્યકારી અધ્યક્ષ હાર્દિક પટેલ જીલ્લા પંચાયત ના સદસ્ય નટુજી ઠાકોર વિક્રમભાઈ રબારી દિનેશભાઈ રથવી ફારૂક મલીક હાજર રહ્યા હતા એ દરમિયાન હાર્દિક પટેલ ભાજપ ઉપર ચાબખા માર્યા હતા ખેડૂતો વિરોધી સરકાર ગણાવી હતી ચાર મહાનગરો ની ચૂંટણી ના જીત થી જીલ્લા પંચાયત તાલુકા પંચાયત નગરપાલિકા ઓને કોઈ ફરક નહીં પડે પ્રજા કોંગ્રેસ ને સમર્થન આપશે એવું જણાવ્યું હતું.

# અમદાવાદ : હોટેલ હયાતમાં પાયલોટના લગ્ન આઈપીએસની મદદથી થતા માન્યો આભાર

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૨૪

અમદાવાદના મોટેરા સ્ટેડિયમ ખાતે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ક્રિકેટ મેચ પૂર્વે બંને ટીમના ક્રિકેટરોને આશ્રમ રોડની હયાત હોટેલમાં ઉતારો અપાયો છે. હોટલના અમુક ચોક્કસ ફ્લોર જીસીએ દ્વારા બુક કર્યા છે. ક્રિકેટરો રોકાયા હોવાથી અહી સઘન બંદોબસ્ત ગોઠવાયો છે. દરમિયાન હોટેલમાં ૨૧ ફેબ્રુઆરીએ ઈન્ડિગો ફ્લાઈટના પાઈલટ દંપતીના લગ્ન માટે હોટેલ બુક કરી હતી. બન્ને પરિવારે સોશિયલ ડિસ્ટન્સ સાથે હાજર રહેવા ૨૦૦ મહેમાનોને આમંત્રણ આપી દીધું હતું. એક મહિના પહેલા હોટેલ હયાતમાં બુકીંગ કરાવ્યુ હતુ છતાં લગ્નના એક દિવસ પહેલાં હોટેલે જગ્યા આપવા ઠાગાઠૈયા કર્યા હતા. ક્રિકેટરો હોટેલમાં આવી જતા લગ્નના આગલા દિવસે એટલે કે ૨૦ ફેબ્રુઆરીએ બુકિંગ કેન્સલ કરવા અથવા સ્થળ બદલવા પોલીસે જણાવી દીધું હતું. જેથી બંન્નેના પરિવારો સતત તણાવમા આવી ગયા હતા. લગ્ન ગ્રંથિથી જોડાનાર પતિ પત્ની ઈન્ડિગોમાં કેપ્ટન છે અને લગ્નના આગલા દિવસે જ લગ્ન રદ કરવાની નોબત આવતા બંન્ને પરિવારો દોડતા થઈ ગયા હતા.

જો કે કેપ્ટન હાર માન્યા વિના સેકટર-૧ના જેસીપી રાજુ અસારીને મળીને તેમની વેદના ઠાલવી હતી. જેના કારણે આઈપીએસ રાજુ અસારી પણ ભાવુક થઈ ગયા હતા. મધ્યમ પરિવારમાંથી અસારી આવતાં હોવાથી તેમણે માનવતાના ધોરણે જીસીએને જાણ કરીને ક્રિકેટરોનો બંદોબસ્ત વધારીને અથાગ પ્રયત્નો કરીને હયાત હોટલમાં લગ્ન કરાવવામાં મદદ કરી હતી. જેના કારણે પાયલટ યુવક અને યુવતીના પરિવારમાં ફરી ખુશીનો માહોલ સર્જાયો હતો.

# મોરબીના ગાળા ગામે પાણીની લાઈનનું રીપેરીંગ કરનાર સ્ટાફ પાસે પૂરતા સાધનો પણ નથી !



ચક્રવાત ટીમ મોરબી, તા.૨૪

મોરબીના ગાળા ગામે પાણીની લાઈનમાં ભંગાણ સર્જાયું હોય જેથી પાણીની વિતરણ વ્યવસ્થા ખોરવાઈ હતી જેના પગલે લાઈન રીપેરીંગ માટે સ્ટાફને મોકલાયો હતો જોકે આશ્ચર્ય વચ્ચે સ્ટાફ પાસે પૂરતા સાધનો પણ જોવા ના મળ્યા હોવાનું ગ્રામજનોએ જણાવ્યું હતું.

મોરબીના ગાળા ગામ પાસેથી પસાર થતી પાણીની લાઈનમાં ભંગાણ સર્જાયું હોય જેથી વિતરણ વ્યવસ્થા ઠપ્પ થતા ગ્રામજનોએ આ મામલે તંત્રને રજૂઆત કરી હતી જે રજૂઆતને પગલે ૩ કર્મચારીના સ્ટાફને રીપેરીંગ માટે મોકલ્યા હતા જે સ્ટાફ રીપેરીંગ માટે આવ્યો હતો તેની પાસે પૂરતા સાધનો ના હતા અને લાઈન રીપેરીંગ કરવા માટે જરૂરી સાધનો ના હોવાથી કેવું કામ થઈ સકે તેની ચિંતા ગ્રામજનોને સતાવી રહી છે આમ છતાં રીપેરીંગ માટે આવેલ સ્ટાફ માથે ઉભા રહીને ગ્રામજનો રીપેરીંગ કામ જલ્દી પૂર્ણ થાય તેવી આશા સેવી રહયા છે.

# જામજોધપુરમાં ભાજપનો પ્રચાર કાર્ય વેગમાં : ડોર ટુ ડોર પ્રચાર કરાયો

ચક્રવાત ટીમ જામજોધપુર, તા. ૨૪

જામ-જોધપુર વોર્ડ નં-૭ પેટાચૂંટણીના ભાજપના ઉમેદવાર વિજયભાઈ મકવાણા તેમજ અગ્રણી અમુભાઈ વૈશ્નાણી યાર્ડના ડિરેક્ટર જયસુખભાઈ વડાલીયા નગરપાલિકા ઉપપ્રમુખ નરેન્દ્રભાઈ કડીવાર વોર્ડ ઈનચાર્જ ભારાભાઈ ગઢવી ભાજપ અગ્રણી હરેશ રાબડીયા દેવીપુજક સમાજના આગેવાન વિકાસ બચુભાઈ સોલંકી રબારી જ્ઞાતિ સમાજના અગ્રણી નારણભાઈ કાનાભાઈ વાઢેર સહિત વિવિધ આગેવાનો દ્વારા ઢોલ નગારા આતશબાજી કરી ડોર ટુ ડોર પ્રચાર કરેલ અને ભાજપ તરફી લોકજુવાળ ઉભો કરેલ.

# પોરબંદર જિલ્લામાં ચૂંટણીના દિવસે શ્રમયોગીઓ મતદાન કરી શકે તે માટે સવેતન રજા આપવા માર્ગદર્શિકા જાહેર કરાઈ

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૨૪

આગામી તા.૨૮ ફેબ્રુઆરીના રોજ સ્થાનિક સ્વરાજની સામાન્ય ચૂંટણી તેમજ પેટા ચૂંટણી સમયે યોજાનાર છે. આ દિવસે પોરબંદર જિલ્લામાં આવેલા કારખાના ધારા-૧૯૪૮ હેઠળના કારાખાનમાં કામ કરતા શ્રમયોગીઓ તેમજ બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ એક્ટ-૧૯૯૬ અન્વયે નોંધણી થયેલ સંસ્થા/સાઈટો પર કામ કરતા શ્રમયોગીઓ મતદાનના દિવસે પોતાના મતાધિકારોનો ઉપયોગ કરી શકે તે માટે તેમજ લોકપ્રતિનિધિત્વ ધારા-૧૯૫૧ની કલમ ૧૩૫(બી)(૧) અનવયે કારખાના ધારા-૧૯૪૮ હેઠળના કારખાનાના શ્રમયોગી તેમજ બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ એક્ટ ૧૯૯૬ અન્વયે નોંધણી થયેલ સંસ્થા/સાઈટો પર કામ કરતા શ્રમયોગીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે શ્રમયોગીઓને સવેતન રજા આપવાની રહેશે.

આ જોગવાઈ અનુસાર રજા જાહેર કરવાના કારણે સબંધિત શ્રમયોગીઓ/કર્મચારીઓના પગારમાંથી કોઈ કપાત કરવાની રહેશે નહીં. રજાના કારણે જો શ્રમયોગી/કર્મચારી પગાર મેળવવાનો હક્ક ન ધરાવતો હોય તેવા સંજોગોમાં જે તે વ્યક્તિ રજા જાહેર ન થઈ હોય અને જે પગાર મળવાપાત્ર થતો હોય તેટલો પગાર ચુકવવાનો રહેશે. જે મતદારની ગેરહાજરીથી જોખમ ઉભુ થવા સંભવ હોય અથવા જે વ્યવસાય અને રોજગાર સાથે સંકળાયેલ હોય તે રોજગારમાં મોટા પ્રમાણમાં વ્યાપક નુકસાન થવા સંભવ હોય તેવા કિસ્સામાં અથવા સતત પ્રક્રિયાવાળા કારખાનામાં કામ કરતા શ્રમયોગીઓ/કર્મચારીઓ તેમના મત આપવાનો અધિકાર ભોગવી શકે તે માટે તેમની ફરજના સમયમાંથી મતદાનના સમયગાળા દરમિયાન ઓછામાં ઓછા ત્રણથી ચાર કલાક મતદાન માટે સવેતન રજા આપવાની રહેશે. જો કોઈ કારખાનેદાર, માલીક કે નોકરીદાતા આ જોગવાઈથી વિરૂધ્ધનું વર્તન કરશે તો આ કાયદા હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમ નાયબ નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીની યાદીમાં જણાવ્યું છે.

# મહીસાગર પોલીસ અધિક્ષકે પ્રોહી પ્રવૃતિ કરતા ઈસમ સામે પાસાનું શસ્ત્ર ઉગામ્યું

ચક્રવાત ટીમ મહીસાગર, તા.૨૪

પંચમહાલ રેન્જ નાયબ પોલીસ મહાનિરીક્ષક એમ.એસ.ભરાડા તથા મહીસાગર પોલીસ અધિક્ષક રાકેશ બારોટ દ્વારા મહીસાગર જિલ્લાના દારૂની હેર-ફેર તથા વેચાણ સહિતની પ્રોહિબીશનની અસામાજીક પ્રવૃતિ કરનાર ઈસમો સામે કડક હાથે કાર્યવાહી કરવા અને આવા ગુન્હેગારોને કાયદાનું ભાન થાય તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદઢ બને તે માટે પાસા-તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે મહીસાગર એલ.સી.બી. પોલીસ ઈન્સ. વી.ડી. ધોરડા દ્વારા પ્રોહિબીશનની પ્રવૃતિ કરતાં સુખાભાઈ રત્નાભાઈ ખાંટ રહે મલેકપુર પાદેડી તા.લુણાવાડા જી.મહીસાગર વાળા વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષક મહીસાગરનાઓ મારફતે જીલ્લા મેજીસ્ટ્રેટ મહીસાગરનાઓ તરફ મોકલી આપેલ. આવા દારૂના ધંધાર્થી ઈસમની સમાજ વિરોધી અસામાજીક પ્રવૃતિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં મહીસાગર જીલ્લા મેજીસ્ટ્રેટનાઓએ ઉપરોક્ત ઈસમ વિરૂધ્ધ પાસાના વોરંટ ઈસ્યુ કરતાં મહીસાગર પોલીસ અધિક્ષક રાકેશ બારોટની સુચના મુજબ મહીસાગર એલ.સી.બી. પોલીસ ઈન્સ. વી.ડી. ધોરડા સાહેબ તથા એલ.સી.બી.ની ટીમે સુખાભાઈ રત્નાભાઈ ખાંટને પાસા વોરંટની બજવણી કરી, મધ્યસ્થ જેલ, રાજકોટ ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપવા તજવીજ કરેલ છે. આવા દારૂના ધંધાર્થી અને પ્રોહિબીશનની પ્રવૃતિ કરતાં ઈસમો સામે પાસા હેઠળ કાર્યવાહી કરી જેલ હવાલે કરી, આવી અસામાજીક પ્રવૃતિ કરતાં ઈસમો સામે ચેતવણીરૂપ કામગીરી કરેલ છે.

# માણાવદરના જીંજરી ગામે વૃધ્ધ ભરવાડે પ્રમાણીકતાનું ઉદાહરણ પૂરૂ પાડયુ





ચક્રવાત ટીમ રાજકોટ તા.૨૪

ભરવાડ સમાજનું ગૌરવ માણાવદર તાલુકાના જીંજરી ગામના અમુલ્ય રત્ન સમાન અને આવા હળહળતા કળયુગમાં પોતાની અને સમગ્ર ભરવાડ સમાજનું માથુ ગૌરવથી ઉંચુ કરી શકાય તેવું ઉમદા કામ કરેલ છે. હકીકત એવી છે કે એક યુવા દંપતી સરદારગઢથી સણોસરા રોડ પર પસાર થયેલ એવામાં પોતાના થેલામાંથી સોનાના દાગીના તથા રોકડા રૂપિયા સહિત અંદાજે બે લાખ પચ્ચીસ હજાર જેવો મુદામાલ પડી ગેલ હતો. એવામાં એકાદ કિલોમીટર પાછળ જીંજરીના ભરવાડ સાદુરભાઈ ગોબરભાઈની ગાડી હોય અને તેમની નજર આ પર્સ પર પડતા જોયુ તો મુદામાલ હતો. પળનો પણ વિચાર કે લોભ લાલચમા ના પડતા અને પોતાની ફરજ અને નીતિમત્તા સમજી આ દંપતિને શોધી અને સુપ્રત કરેલ હોય તો આવા ઉદાર મનના માનવીને મારા તથા મારા ભરવાડ સમાજ વતી લાખ લાખ વંદન કરૂ છું. જય ઠાકર ધણી તમને સુખ શાંતિ અને વૈભવ આપે એવી મુળવાનાથને પ્રાર્થના.

### મોટેરા સ્ટેડિયમમાં સ્પિનરોનો દબદબોઃ અશ્વિને ત્રણ વિકેટ ઝડપી

# ઈંગ્લેન્ડ ટીમનો ધબડકોઃ ૧૧૨ રનમાં ઓલઆઉટ, અક્ષર પટેલે ૬ વિકેટ ઝડપી

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૨૪

ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ઈંગ્લેન્ડની ટીમનો નિર્ણય ખોટો સાબિત થઈ રહ્યો છે. અમદાવાદના મોટેરા સ્ટેડિયમમાં પોતાની ૧૦૦મી ટેસ્ટ રમી રહેલા ઈશાંત શર્માએ ઈંગ્લેન્ડને પહેલો ઝટકો આપતા ડોમિનિક સિબ્લીને શૂન્ય રને પેવેલિયન ભેગો કર્યો હતો. ત્રીજી ઓવરની પહેલી બોલ પર આ વિકેટ પડી હતી. સીબ્લી આઉટ થયા બાદ બેટિંગમાં આવેલો બેયરસ્ટો પણ વિકેટ પર ટકી શક્યો ન હતો અને તે અક્ષર પટેલનો શિકાર બન્યો હતો. અશ્વિન અને અક્ષર પટેલની ફિરકીમાં ઈંગેન્ડના મોટાભાગના ખેલાડીઓ મુંઝવણમાં મૂકાયા બાદ એક બાદ એક આઉટ થઈ પવેલિયન ભેગા થઈ રહ્યા હતા.

મેચ દરમિયાન માત્ર ૮૧ રનના સ્કોર પર ઈંગ્લેન્ડની અડધી ટીમ પેવેલિય ભેગી થઈ ગઈ હતી. ગુજરાતી બોલર અક્ષર પટેલની બોલિંગનો અંગ્રજ ખેલાડીઓ



સામનો કરી શક્યા ન હતા. અક્ષર પટેલે મેચમાં ૬ વિકેટ લીધી હતી ત્યાં જ રવિચંદ્રન અશ્વિને ૩ વિકેટ અને ઈશાંત શર્માએ એક વિકેટ પોતાના નામે કરી છે. ડે-નાઈટ ટેસ્ટ મેચના પ્રથમ દિવસે જ ઈંગ્લેન્ડની આખી ટીમમાત્ર ૧૧૨ રનમાં સમેટાઈ ગઈ હતી. આમ ટીમ ઈન્ડિયાના સ્પિનરોએ ઈંગ્લેન્ડની આખી ટીમને માત્ર પોણા ચાર કલાકમાં જ પેવેલિયન ભેગી કરી દીધી હતી. અક્ષર પટેલે પોતાની સ્પિન બોલિંગથી શાનદાર પ્રદર્શન કરતા સતત બીજી ટેસ્ટ મેચમાં પાંચ વિકેટ લીધી હતી.

ઈંગ્લેન્ડનો એક માત્ર ખેલાડી જેક ક્રોલી જ ૫૦ રનથી વધુ બનાવી શક્યો હતો. જેક ક્રોલીએ ૮૪ બોલમાં ૫૩ રન બનાવ્યા હતા ત્યાં જ ૭ ખેલાડીઓ તો બેકી સંખ્યામાં પણ રન બનાવી શક્યા ન હતા.

૪ ટેસ્ટ મેચની સિરીઝમાં અત્યાર સુધી બંને ટીમો એક-એકથી બરાબર છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે મોટેરા ગ્રાઉન્ડ પર ૨ ટેસ્ટ મેચ રમાઈ છે, જેમાં એક મેચમાં ભારતને જીત અને એક ટેસ્ટ મેચ ડ્રો રહી હતી. શ્રેણીની બીજી ટેસ્ટ મેચ ભારતીય ટીમ જીતવામાં સફળ રહી હતી, જ્યારે શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચ ઈંગ્લેન્ડની ટીમે જીતી હતી. આ ટેસ્ટ સિરીઝ બંને ટીમો માટે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપની ફાઈનલમાં પહોંચવા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. જણાવી દઈએ કે ન્યૂઝીલેન્ડની ટીમ પહેલાથી જ ટેસ્ટ ચેમ્પિયનશીપની ફાઈનલમાં પહોંચી ગઈ છે.

# ઈશાંત શર્મા ૧૦૦ ટેસ્ટ મેચ રમનાર ભારતનો બીજો ફાસ્ટ બોલર બન્યો

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૨૪

ભારતીય ટીમ ઈંગ્લેન્ડ સામે અમદાવાદના મોટેરા સ્ટેડિયમમાં ત્રીજી ટેસ્ટ એટલે કે ડે-નાઈટ ટેસ્ટ રમી રહી છે. ચાર ટેસ્ટની આ ત્રીજી ટેસ્ટ છે અને ભારત માટે મહત્વની છે. પરંતુ આ ટેસ્ટ ભારતીય સ્ટાર બૉલર ઈશાન્ત શર્મા માટે પણ મહત્વની અને ઐતિહાસિક છે. કેમકે આજની મેચથી ઈશાન્ત શર્મા ૧૦૦ ટેસ્ટ રમનાનો બીજો ભારતીય બૉલર બની ગયો છે. આ સાથે ઈશાન્તે ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી લીધી છે. આ પહેલા ભારત તરફથી કપિલ દેવ આ પરાક્રમ કરી ચૂક્યો છે.

તાજેતરમાં જ ઈશાન્ત શર્માએ ઈંગ્લેન્ડ વિરુદ્ધ પોતાની ટેસ્ટ ક્રિકેટમાં ૩૦૦ વિકેટો પણ પુરી કરી છે.

૩૨ વર્ષીય ઈશાન્ત શર્માએ પોતાની ટેસ્ટ કેરિયરની શરૂઆ વર્ષ ૨૦૦૭માં રાહુલ દ્રવિડની કેપ્ટનશીપમાં કરી હતી, ઈશાન્તે બાંગ્લાદેશ સામે પોતાનુ ટેસ્ટ ડેબ્યુ કર્યુ હતુ.





# સ્ટેડિયમના નામકરણ પર હાર્દિક પટેલે કહ્યું- શું આ સરદાર પટેલનું અપમાન નથી?

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૨૪

અમદાવાદના આંગણે આજે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ત્રીજી ટેસ્ટ મેચ રમાઈ રહી છે. આ પૂર્વ નવનિર્મિત સ્ટડિયમનું ઉદઘાટન રામનાથ કોવિંદ હસ્તે કરવામાં આવ્યું હતું. જો કે આ ઉદઘાટન સમયે રામનાથ કોવિદે બધાને સરપ્રાઈઝ આપ્યું. જેવો તકતી પરથી પડદો ઉંચક્યો કે, તકતી પર જોવા મળ્યું,'નરેન્દ્ર મોદી સ્ટેડિયમ' ગુજરાત અસોશિયએશને નામ બદલીને નરેન્દ્ર મોદી કરી દીધું છે.

૧૯૮૩માં તૈયાર થયેલા આ સરદાર પટેલ સ્ટેડિયમમાં સરદારનું નામ ભૂસાઈ જતાં આ મુદ્દે કોંગ્રેસ નેતા હાર્દિક પટેલે કેટલાક સવાલ ઉઠાવતા ટવિટ કર્યું છે. હાર્દિક પટેલે ટવિટ કરતા લખ્યું છે. કે, 'શું આ



સરદાર પટેલનું અપમાન નથી? સરદારના નામ પર મત માંગનાર ભાજપ હવે સરદાર સાહેબનું અપમાન કરી રહી છે.

ગુજરાતની જનતા સરદાર પટેલનું અપમાન નહીં સહન કરે. સરદાર પટેલ સ્ટેડિયમનું નામ બદલાય જતાં કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ પણ આ મુદ્દે પ્રતિક્રિયા આપતા આ ઘટનાને સરદાર સાહેબનું અપમાન ગણાવ્યું છે.

# ભારતનો ક્રિકેટર મનોજ તિવારી રાજકારણની પીચ પરઃ ટીએમસીમાં જોડાયો

(જી.એન.એસ.)હુબલી,તા.૨૪

ભારતીય ક્રિકેટર મનોજ તિવારી હવે રાજકારણમાં નવી ઈનિંગની શરૂઆત કરવા જઈ રહ્યો છે. મનોજ તિવારી આજે હુગલીમાં યોજાયેલી એક રેલીમાં મુખ્યમંત્રી મમતા બેનરજીની હાજરીમાં તૃણમૂલ કોંગ્રેસમાં જોડાયો.

આ અગાઉ મનોજ તિવારીએ ટ્વીટ કરીને જાણકારી પણ આપી હતી. તેણે ટ્વીટ કરીને કહ્યું હતું કે આજથી નવી સફરની શરૂઆત, તમારા પ્રેમ અને સમર્થનની જરૂર છે. હવેથી ઈન્સ્ટાગ્રામ પર આ મારી પોલીટિકલ પ્રોફાઈલ રહેશે.

હાવડામાં જન્મેલા ૩૫ વર્ષના મનોજ તિવારીએ ભારતીય ક્રિકેટ ટીમમાં વર્ષ ૨૦૦૮માં ડેબ્યૂ કર્યું હતું. તેણે ટીમ ઈન્ડિયા માટે છેલ્લી વનડે મેચ જુલાઈ ૨૦૧૫માં રમી હતી. તે ભારત માટે ૧૫



ઈન્ટરનેશનલ મેચ રમી ચૂક્યો છે.

એવી અટકળો છે કે મનોજ તિવારીને વિધાનસભા ચૂંટણીમાં હાવડાથી ટિકિટ મળી શકે છે. ૩૫ વર્ષના મનોજ તિવારીનો જન્મ હાવડામાં જ થયો હતો. છોટા દાદા નામથી ચર્ચિત મનોજ તિવારી પશ્ચિમ બંગાળ ટીમના કેપ્ટન પણ રહી ચૂક્યો છે. આ ઉપરાંત આઈપીએલમાં કોલકાતા નાઈટ રાઈડર્સ, કિંગ્સ ઈલેવન પંજાબ અને રાઈઝિંગ પુણે સુપરજાયન્ટ્સ ટીમ માટે રમી ચૂક્યો છે.

# પ્રિયા પ્રકાશનો રોમાંસથી ભરેલો વીડિયો વાયરલ, પ્રિયા પ્રકાશ ટ્વિટરની ટ્રેડિંગ લિસ્ટમાં

(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૪

વિંક ગર્લ પ્રિયા પ્રકાશ વોરિયરની અપકમિંગ ફિલ્મ 'ચેક'નુ નવુ ગીતનું ટીઝર લોન્ચ થયુ છે. આ ગીતનું ટીઝર આવતા જ વાયરલ થઈ ગયુ છે. આ ગીતનું નામ 'નિનુ ચૂડાકૂંડા' છે. આ ગીતમાં પ્રિયા પ્રકાશ એકદમ અલગ રૂપમાં જોવા મળી છે. તે ઘણી સુંદર દેખાઈ રહી છે. અને એકટર નિતિન સાથે રોમાંસ કરતા જોવા મળી રહી છે. ફિલ્મ 'ચેક'ના આ ગીતનું ટીઝર ૪૯ સેકંડનું છે. એક દિવસ પહેલા જ લોન્ચ થયેલા આ ટીઝરના કારણે પ્રિયા પ્રકાશ ટ્વિટરની ટ્રેડિંગ લિસ્ટમાં ટોપ પર આવી ગઈ છે.

તેમાં તેનો ગ્લેમરસ અને ચૂલબુલો લૂક જોવા મળ્યો. તેની સાથે જ ફેંસને તેની દિલકશ અદાઓથી ભરેલા ડાસિંગ મુવ્સ



જોવા મળ્યા. તેલૂગૂ ફિલ્મ ઈંડસ્ટ્રીઝમાં આ તેની ડેબ્યૂ ફિલ્મ છે. આ ફિલ્મ ઓનલાઈન ૨૬ ફેબ્રુઆરીએ દુનિયાભરમાં રિલીઝ થશે. ફિલ્મને ચંદ્રાશેખર યેલેતીએ ડિરેકટ કરી છે. આ ફિલ્મમાં નિતિન અને પ્રિયા પ્રકાશ સિવાય રકૂલપ્રીત સિંહ લીડ રોલમાં છે. ફિલ્મના રોમેન્ટીક સોંગમાં પ્રિયા પ્રકાશ અને નિતિન છે. અને તેનું મ્યૂઝિક કલ્યાણી મલિકે કંપોઝ કર્યુ છે. ૪૯ સેંકડના ટીઝરમાં જોવા મળે છે કે, બંન્ને કલાકારો બીચ પર ડાંસ કરી રહ્યા છે. અને શહેરમાં બાઈક રાઈડ કરી રહ્યા છે. ટીઝર લોન્ચ થવાના કેટલાક કલાકોમાં જ પ્રિયા પ્રકાશ વોરિયર ટ્વિટર ટ્રેંડમાં આવી ગયુ. ફિલ્મમાં લીડ રોલ નિભાવનાર એકટર નિતિને ટીઝરને ફેંસ સાથે શેર કર્યુ છે. તેણે કેપ્શનમાં લખ્યુ છે કે, 'ફિલ્મ ચેકનું સુંદર ગીત નિનૂ ચૂડાકૂંડાનો આ રહ્યો વીડિયો.' આ ફિલ્મ પહેલા ૨૦૨૦માં રિલીઝ થવાની હતી, પરંતુ કોરોનાના કારણે તેની રિલીઝ ડેટને ટાળવામાં આવી. આ પહેલા પ્રિયા પ્રકાશ વોરિયર પોતાની ફિલ્મ 'ઓરુ અડાર લવ'માં આંખ મારવાને લઈને સોશ્યલ મીડિયા પર છવાઈ હતી.

# સ્ટેડિયમ નામકરણ અમિત ચાવડાએ કહ્યું- આ સરદાર સાહેબનું નહીં પણ ગુજરાતનું અપમાન



(જી.એન.એસ.) અમદાવાદ,તા.૨૪

મોટેરા સ્થિત ક્રિકેટના સૌથી મોટા સ્ટેડિયમનું નામ બદલીને ભારતના પ્રધાનમંત્રી મોદીના નામ પરથી રાખવામાં આવ્યું છે. હવેથી આ સ્ટેડિયમ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ તરીકે ઓળખાશે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમના નામને લઈને ગુજરાત કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ ટ્વીટ કર્યું છે. તેમણે ટ્વિટ કર્યું છે કે, કોંગ્રેસના સમયમાં અમદાવાદ ક્રિકેટ સ્ટેડિયમનું નામ સરદાર સાહેબના નામ સાથે જોડાયું હતું.

જેને હવે બદલીને નરેન્દ્ર મોદી સ્ટેડિયમ નામ કરવાની ચેષ્ટા ગુજરાત સહન નહીં કરે. આ સરદાર સાહેબનું અપમાન જ નહીં, ગુજરાતનું પણ અપમાન છે. સત્તાના અહંકારમાં ભાજપવાળા ઈતિહાસ ભુલાવાનો પ્રયાસ કરી રહ્યા છે.

# શેરબજારમાં તેજીઃ સેન્સેક્સ ૧૦૩૦ પોઈન્ટ ઉછળી ૫૦ હજારની સપાટી કૂદાવી

(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૪

બપોર બાદના સત્રમાં ફ્રન્ટલાઈન શેરોમાં વ્યાપક પ્રમાણમાં ખરીદી નિકળતા ભારતીય શેરબજારમાં ૧,૦૩૦ પોઈન્ટનો ઉછાળો નોંધાયો છે. આ સાથે બેન્ચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સે ફરી ૫૦,૦૦૦ સપાટી કુદાવી લીધી છે. બેંક,ફાયનાન્સ સહિતના સેક્ટરના શેરોમાં વ્યાપક પ્રમાણમાં ખરીદદારી નિકળી હતી. એફએન્ડઓ સેગમેન્ટ ડેરિવેટીવ્ઝ વલણનો અંતિમ દિવસ પૂર્વે રોકાણકારોએ પસંદગીના શેરોમાં નવેસરથી પોઝિશન ઉભી કરી હતી. સેન્સેક્સ પેકમાં સૌથી વધારે એક્સિસ બેંક, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, બજાજ ફાયનાન્સ, એચડીએફસી, એલએન્ડટી, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરોમાં વ્યાપક પ્રમાણમાં ખરીદી જોવા મળતી હતી. જ્યારે ડો.રેડ્ડીઝ લેબ, ટીસીએસ, સનફાર્મા, એશિયન પેઈન્ટ, મારુતિના શેરોમાં મંદીમય માહોલ જોવા મળતો હતો. સેન્સેક્સ પેકમાં ૩૦ પૈકી ૨૫ શેરમાં તેજી જ્યારે ૫



કંપનીના શેરમાં મંદીમય માહોલ જોવા મળ્યો હતો.

બીએસઈ સેન્સેક્સ ૧,૦૩૦.૨૮ પોઈન્ટ એટલે કે ૧.૮૬ ટકા ઉછળી ૫૦,૭૮૧.૬૯ પર બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૨૭૪.૨૦ પોઈન્ટ એટલે કે ૧.૮૬ ટકાના ઉછાળા સાથે ૧૪,૯૮૨ રહી હતી. આ સાથે સેન્સેક્સે ફરી વખત ૫૦,૦૦૦ સપાટી કુદાવી દીધી છે જ્યારે નિફ્ટી ૧૫,૦૦૦ સપાટી નજીક પહોંચી ગઈ છે. વૈશ્વિક બજારો તરફથી મળેલા તેજીના સંકેતોની પણ ભારતીય શેરબજાર પર સારી અસર જોવા મળી હતી.

બીએસઈ ખાતે કુલ ૩,૦૯૯ સ્ક્રીપમાં કામકાજ થયું હતું, જે પૈકી ૧,૮૫૪ સ્ક્રીપમાં તેજી જ્યારે ૧,૦૮૧ સ્ક્રીપમાં મંદીમય માહોલ જોવા મળ્યો હતો. જોકે ૧૬૪ સ્ક્રીપના ભાવ સ્થિર રહ્યા હતા.

આ અગાઉ નેશનલ સ્ટોક એક્સચેન્જ પર ઈક્વિટી અને ઈક્વિટી ફિચર્સ એન્ડ ઓપ્શન્સ સેગમેન્ટમાં ટેકનિકલ ખામી સર્જાયા બાદ ફરી કામકાજ શરૂ થઈ ગયું છે. નેશનલ સ્ટોક એક્સચેન્જ અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ ખાતે આજે પાંચ વાગ્યા સુધી કામકાજ જારી રહેશે. આ અગાઉ નેશનલ સ્ટોક એક્સચેન્જની સિસ્ટમમાં આજે સવારે ૧૧:૪૦ વાગે ટેકનિકલ ખામી સર્જાઈ હતી. રોકાણકારોએ જે કિંમત પર શેર ખરીદ્યા હતા તે કિંમત એક્સચેન્જ પર દેખાવાના બંધ થઈ ગયા હતા. તેને લીધે એક્સચેન્જ ખાતે કામકાજને અટકાવવાની ફરજ પડી હતી. નિફ્ટી-૫૦નું કામકાજ અટકાવવામાં આવ્યું ત્યારે ઈન્ડેક્સ ૧૧૨.૬૫ પોઈન્ટ અથવા ૦.૭૭ ટકા સુધરી ૧૪,૮૨૦.૪૫ પર હતો. આ સંજોગોમાં એક્સચેન્જનું કામકાજ ૩.૪૫ વાગ્યાથી ફરી શરૂ થયું છે અને બજાર કામકાજ પૂર્ણ થવાનો સમય પણ લંબાવીને ૫ વાગ્યા સુધી કરવામાં આવ્યો હતો.

# બંગાળી બ્યૂટી રિયા સેને બિકિની ફોટા સોશિયલ મીડિયા પર શેર કરતા આગની જેમ વાયરલ





(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૪

બંગાળી બ્યૂટી રિયા સેનના બિકિની ફોટા હાલ સોશિયલ મીડિયા પર ખુબ વાઈરલ થઈ રહ્યા છે. ઈન્ટરનેટ પર આ તસવીરોએ ધમાલ મચાવી છે. બંગાળી બ્યૂટી રિયા સેને પોતે આ તસવીરો પોતાના ઈન્સ્ટાગ્રામ પેજ પર શેર કરી છે. રિયા સેનની આ તસવીરો અત્યાર સુધીમાં ૧૩૮૧૯૯ લાઈક્સ મેળવી ચૂકી છે. તેની સંખ્યા સતત વધી રહી છે. રિયા સેનની આ તસવીરો ગોવાની છે. આ તસવીરોમાં ૪૦ વર્ષની રિયાનો બિકિની અવતાર જોવા મળી રહ્યો છે. આ તસવીરો જોઈને રિયાની ઉમરનો અંદાજ લગાવવો મુશ્કેલ છે.

રિયાની આ તસવીરોને ફેન્સ ખુબ પસંદ કરી રહ્યા છે. ખુબ રિએક્શન પણ આવી રહ્યા છે. અત્રે જણાવવાનું કે રિયા સેન બોલીવુડથી લઈને ટોલીવુડ ફિલ્મોમાં અભિનય કરી ચૂકી છે. જો કે રિયા સેન લાંબા સમયથી મોટા પડદેથી દૂર છે. રિયા સેન છેલ્લે વર્ષ ૨૦૧૭માં એક શોર્ટ ફિલ્મ લોનલી ગર્લમાં જોવા મળી હતી. ૨૦૧૭માં જ તેણે શિવમ તિવારી સાથે લગ્ન કરી લીધા હતા. લગ્ન બાદ રિયાએ ફિલ્મોથી અંતર જાળવ્યું હતું.

રિયા સેને પોતાની ફિલ્મ કરિયરની શરૂઆત એક ચાઈલ્ડ આર્ટિસ્ટ તરીકે ૧૯૯૧માં કરી હતી. બાળ કલાકાર તરીકે તેની પહેલી ફિલ્મ ફૈજરાક્રહઅક્ર હતી. ત્યારબાદ તેણે આઠ વર્ષનો બ્રેક લીધો અને ૧૯૯૯માં ફિલ્મ તાજ મહેલ આવી. જે એક તમિલ ફિલ્મ હતી. અભિનેત્રી તરીકે પહેલી ફિલ્મ સ્ટાઈલ હતી. ૨૦૦૧માં આ આ ફિલ્મ રિલીઝ થઈ.

# વડોદરામાં ધોળા દિવસે જ્વેલર્સ શો રૂમમાં છરીના ઘા મારી ફિલ્મી ઢબે લૂંટ

(જી.એન.એસ.)વડોદરા,તા.૨૪

વડોદરા શહેરના તાંદલજા રોડ પર રાજવી ટાવર સ્થિતમાં કૃપા જ્વેલર્સના શો-રૂમના માલિક ઉપર લૂંટારૂએ ચાકૂથી જીવલેણ હુમલો કરીને શો-રૂમમાંથી સોનાના દાગીનાની લૂંટ ચલાવી ફરાર થઇ ગયો હતો. જોકે લૂંટારૂ સીસીટીવીમાં કેદ થઈ ગયો હતો. તાંદલજા રોડ વિસ્તારમાં ધોળે દિવસે બનેલા લૂંટના બનાવે સનસનાટી મચાવી મૂકી હતી. પોલીસે લૂંટના બનાવનો ભેદ ઉકેલવા માટે સીસીટીવી ફૂટેજ કબજે કરીને તપાસનો દોર શરૂ કર્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં લૂંટારૂ કોઇ જાણભેદુ હોવાનું બહાર આવ્યું હોવાનું જાણવા મળ્યું છે.

વડોદરા શહેરના જે.પી. રોડ પોલીસ વિસ્તારમાં તાંદલજા રોડ ઉપર રાજવી ટાવર આવેલું છે. આ ટાવરના પ્રથમ માળેમાં કૃપા જ્વેલર્સ નામનો શો-રૂમ આવેલો છે. શો-રૂમના માલિક રાજેશભાઇ રમણભાઇ સોની છે. મૂળ પાદરાના વતની અને હાલ જૂના પાદરા રોડ પર પરિવાર સાથે રહેતા ૫૫ વર્ષિય રાજેશભાઇ સોની બપોરના ૧૨:૩૦થી ૧ વાગ્યાની આસપાસ પોતાના શો-રૂમમાં હતા. તે સમયે એક વ્યક્તિ શોરૂમમાં ધસી આવ્યો હતો અને રાજેશભાઇ સોની કંઇ વિચારે તે પૂર્વે ફિલ્મી ઢબે તેઓ ઉપર ચાકૂથી જીવલેણ હુમલો કર્યો હતો અને શો-રૂમના ડિસ્પ્લે તેમજ બે ડ્રોઅરમાં મૂકેલા સોનાના દાગીનાની લૂંટ ચલાવી ગણતરીની મિનિટોમાં ફરાર થઇ ગયો હતો. બીજી બાજુ શો-રૂમમાંથી ચિસો અને અવાજ ઉઠતા રાજવી ટાવરમાં આવેલી અન્ય દુકાનો અને શો-રૂમના માલિકો-કર્મચારીઓ થતાં દોડી આવ્યા હતા. આ સાથે આ બનાવની જાણ જે.પી. રોડ પોલીસને થતાં પોલીસ કાફલો દોડી આવ્યો હતો. તે સાથે અડિશનલ સી.પી., ડી.સી.પી. ક્રાઇમ, એ.સી.પી., ક્રાઇમ બ્રાંચ, એસ.ઓ.જી. બ્રાંચના ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. સ્થળ ઉપર પહોંચેલી પોલીસે પ્રથમ લોહીલુહાણ હાલતમાં શો-રૂમમાં બેસી રહેલા અને ગળાના ભાગે ચાકૂનો ઘા વાગતા ગંભીર ઈજા પામેલા રાજેશભાઇ સોનીને ૧૦૮ એમ્બ્યુલન્સમાં સયાજી હોસ્પિટલમાં સારવાર માટે મોકલી આપ્યા હતા. આ બનાવને પગલે શો-રૂમ પાસે લોકોના ટોળેટોળા એકઠા થઇ ગયા હતા.

# રાજકોટ : ૩ વોર્ડના શહેરીજનોને આજે પાણી વિતરણ થશે નહીં

(જી.એન.એસ.)રાજકોટ,તા.૨૪

મહાનગર પાલિકામાં ભાજપનો ભગવો લહેરાયો છે, ત્યાં ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર્સ લિમિટેડ દ્વારા ચૂંટણીના પરિણામો બાદ શટ ડાઉન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેના કારણે રાજકોટ શહેરના વોર્ડ નંબર ૮,૧૧ અને ૧૩માં બુધવારે પાણી બંધ રહેશે. રાજકોટ કોર્પોરેશનના વોટર વર્કસ ડિપાર્ટમેન્ટ તરફથી આ અંગેની સૂચના પણ આપી દેવામાં આવી છે. આ અંગે કોર્પોરેશનના વોટર વર્કસ શાખાના એડિશ્નલ સિટી એન્જિનિયરની યાદીમાં જણાવ્યા પ્રમાણે, જીડબલ્યુઆઈએલ તરફથી એનસી-૩૪ પ્રોજેક્ટમાં સિંધાવદર હેડ વર્કર્સમાં શટડાઉન લેવાનું નક્કી કરવામાં આવ્યું છે.

જેના કારણે આજે કોર્પોરેશનના વેસ્ટ ઝોન અંતર્ગત ચંદ્રેશનગર હેડવર્કર્સ અંતર્ગત આવતા વોર્ડ નંબર ૮, ૧૧ અને ૧૩માં દિવસના ૧૨ વાગ્યા બાદ તથાં મવડી હેડ વર્કર્સ અંતર્ગત વોર્ડ નંબર ૧૧ અને ૧૩માં પાણીને સપ્લાય બંધ રહેશે. આ સાથે જ ૧૫૦ ફૂટ રિંગ રોડ હેડવર્કર્સના વિસ્તારમાં ઓછા ફોર્સ સાથે પાણીનું વિતરણ કરવામાં આવશે. જણાવી દઈએ કે, મંગળવારે જાહેર થયેલા મહાનગર પાલિકાની ચૂંટણીના પરિણામોમાં ભાજપનો જવલંત વિજય થયો છે. વોર્ડ નંબર ૮ ભાજપનો ગઢ ગણાય છે. જ્યારે વોર્ડ નંબર ૧૧ અને ૧૩માં ભાજપે કોંગ્રેસ પાસેથી સત્તા આંચકી લીધી છે. આમ આ ત્રણેય વોર્ડમાં ભાજપનો ભવ્ય વિજય થયો છે.

# પાટ ખીલોરી ગામે વીજતંત્રની બેદરકારી, ખેડૂતોનો ડુંગળીનો મેળો બળીને ખાખ

(જી.એન.એસ.)ગોંડલ,તા.૨૪

કોઈ મોટા અકસ્માત બાદ જ વીજતંત્ર દોડતું થતું હોવાનું જીવતું જાગતું ઉદાહરણ ગોંડલ તાલુકાના પાટખીલોરી ગામે પુરુ પાડ્યું છે વીજ તાર ઢીલા થઈ ગયા હોવાની અનેકવાર રજૂઆત બાદ પણ નિંભર તંત્ર ન જગતા શોર્ટ સર્કિટના કારણે આગ લાગતા ખેડૂતનો ડુંગળીનો મેળો, ટપક લાઈન, ડીઝલ એન્જિન સહિતની સાધનસામગ્રી બળીને ખાખ થઈ જવા પામી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ ગોંડલ તાલુકાના પાટ ખીલોરી ગામે રહેતા ખેત કામ કરી ઘર ગુજરાન ચલાવતા ચંદુભાઈ મોહનભાઈ ભાલાળાનો ડુંગળીનો મેળો વીજ તંત્રના પાપે આગમાં ભસ્મીભૂત થઈ જવા પામ્યો છે મેળામાં રાખવામાં આવેલ ડુંગળીનો થોડો જથ્થો, વિસ વીઘામાં પથરાય એટલી ટપક ની પાણીની લાઈન, ડીઝલ એન્જિન સહિતની સાધનસામગ્રી બળીને ખાખ થઈ ગઈ છે તેમજ એક વાછરડી ગંભીર રીતે દાઝી જવા પામી છે ઘટનાની જાણ થતા ગામના સરપંચ હંસાબેન જગદીશભાઈ લુણાગરિયા સહિતના ગ્રામજનો સ્થળ પર દોડી ગયા હતા જાત મહેનત જિંદાબાદ કરી આગને બુઝાવવાનો પ્રયત્ન કર્યો હતો.

બનાવ અંગે જગદીશભાઈ લુણાગરિયા એ જણાવ્યું હતું કે વીજ તંત્રને અનેકવાર ઢીલા તારા રંગે ફરિયાદ કરવામાં આવી હતી પરંતુ તેનું નિરાકરણ આજ દિન સુધી આવ્યુ નથી વારંવાર ભારે પવનના કારણે ઢીલા થયેલા તારા પરસ્પર અડતા હોય તણખા ઓ ઝરવાથી આગના બનાવો બની રહ્યા છે આગની ઘટનામાં ખેડૂતને અંદાજે ત્રણ લાખથી પણ વધુ રૂપિયાનું નુકસાન થયું હોવાનું અનુમાન થઈ રહ્યું છે.

# કોંગ્રેસની હાર માટે નેતાઓને જવાબદાર ઠેરવતા ભરત સોલંકી

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૨૪

ગુજરાતની ૬ મહાનગર પાલિકામાં કોંગ્રેસના કારમાં પરાજય પાછળ કોણ જવાબદાર છે તે અંગે પક્ષના નેતા સારી રીતે જાણે છે. છતાં તેમની પાસે કોઈ ઉપાય નથી. કોંગ્રેસની મજબૂરી તેમાં દેખાય છે. પ્રજા પરિવર્તન કરવા માંગે છે એ સુરત મહાનગર સ્પષ્ટ રીતે કહે છે. પણ કોંગ્રેસના નેતા પરિવર્તન કરવા માગતા ન હોય એવા નિર્ણય લીધા છે.

કોંગ્રેસમાં સૌથી વધુ કોઈ જવાબદાર હોય તો તે ટિકિટો આપવામાં તેમનો મહત્વનો ફાળો છે એવા નેતાઓ કે કોઓર્ડિનેશન સમિતિ છે. જેમણે ઉમેદવારો નક્કી કરીને કોંગ્રેસનું ભાવિ નક્કી કર્યું છે.

# પોંડીચેરીમાં રાષ્ટ્રપતિ સાશનની કેન્દ્રની રાષ્ટ્રપતિને ભલામણ

## કોઈ પક્ષે સરકાર રચવા દરખાસ્ત ન મૂકતા કેન્દ્રનું પગલું

ચક્રવાત ટીમ નવી દિલ્હી તા.૨૪

તાજેતરમાં પોંડીચેરીની સરકારના કેટલાક ધારાસભ્યોએ રાજીનામા આપ્યા બાદ ડી.એમ.કે. પક્ષનાં એક ધારસભ્યએ રાજીનામું આપતા કોંગ્રેસની સરકાર લઘુમતિમાં આવી જતાં બહુમતિ સાબિત કરવા પહેલા જ સરકાર ગબડી પડેલ ત્યાર બાદ રાજ્યમાં સરકાર રચવા મામલે કોઈ પક્ષ દ્વારા દાવો ન કરવામાં આવતાં લેફટનન ગવર્નરના અહેવાલ-અભિપ્રાય બાદ કેન્દ્રિય મંત્રીમંડળની એક બેઠકમાં પોંડીચેરીમાં રાષ્ટ્રપતિ સાસન લાદવા ઠરાવ કરી રાષ્ટ્રપતિને મોકલવામાં આવેલ છે.

કેન્દ્રના મંત્રીમંડળે કરેલ ભલામણ બાદ પોંડીચેરમાં નજીકના દિવસોમાં ગમે ત્યારે રાષ્ટ્રપતિ સાશનની જાહેરાત થવાની ઘડીઓ ગણાય રહી છે.

# કોંગ્રેસની હાર બાદ અમિત ચાવડાનાભાઈ ભાજપમાં જોડાયા

(જી.એન.એસ.)ગોંડલ,તા.૨૪

ગુજરાત રાજ્યમાં ૬ મહાનગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસ ઉંધા માથે પટકાઈ છે. કોંગ્રેસનો ગુજરાતમાં નાલેશી ભરી હારનો સામનો કરવો પડ્યો છે. ત્યારે ગુજરાત કોંગ્રેસના નેતો પણ હવે ભૂગર્ભ ઉતરી ગયા છે. પરંતુ ગુજરાત કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાના કૌટુંબિક ભાઈ પ્રશાંત ચાવડાએ પણ ભાજપનો ખેસ ધારણ કર્યો છે. આણંદમાં બોરસદ પાલિકાના પ્રચાર વખતે ભાજપના રાજ્યસભાના પૂર્વ સાંસદ લાલસિંહ વડોદિયાએ ખેસ પહેરાવીને તેમનું સ્વાગત કર્યું હતું. આગામી ૨૮ ફેબ્રુઆરીએ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ નગરપાલિકા ની સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ છે.

અને તેના હાલમાં ગુજરાત માં પ્રચાર ચાલુ છે. નોધ નીય છે કે ગુજરાત ૬ મનપામાં કોંગ્રેસે કર્મી હારનો સામનો કરવો પડ્યો છે. કુલ ૫૭૬ બેઠક માંથી માત્ર ૫૫ બેઠક જ કોંગ્રેસ ને ફાળે આવી છે. જયારે સુરત જેવા શહેરમાં કોંગ્રેસ ને એક પણ બેઠક મળી નથી. તો હાલમાં સુરત એ દેશનું એવું રાજ્ય બની ચુક્યું છે. જ્યાં એક પણ સાંસદ, સ્ન્છ , કે કોર્પોરેટર કોંગ્રેસનો નથી.

# ગુજરાતના પૂર્વ ડીજીપી ચિતરંજન સિંઘનું નિધન

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૨૪

ગુજરાતના પૂર્વ ડીજીપીને લઈને દુઃખદ સમાચાર મળી રહ્યા છે. ગુજરાતના પૂર્વ ડીજીપી ચિતરંજન સિંઘનું નિધન થયું હોવાના અહેવાલ મળી રહ્યા છે. તમને જણાવી દઈએ કે ચિતરંજન સિંઘ ગુજરાતમાં ૧૯૭૬ની બેચના આઈપીએસ અધિકારી હતા.

આ વિશે મળતી માહિતી પ્રમાણે આજરોજ ગુજરાતના પૂર્વ ડીજીપી ચિતરંજન સિંઘનુ નિધન થયું છે. તેઓની અચાનક તબિયત લથડકા તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ગુજરાતના પૂર્વ ડીજીપી ચિતરંજન સિંઘે ચંદીગઢની જીએમસીએચ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. હવે તેમના નશ્વરદેહને પંજાબના ભટીંડા ખાતે દર્શાનાર્થે લઈ જવામાં આવશે અને ત્યાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવશે. અત્રે નોંધનીય છે કે ગુજરાતના પૂર્વ ડીજીપી ચિતરંજન સિંઘ ઈીંદ્ધ. ડીજીપી શ્ એચઓપીએફ ગુજરાત રાજ્યનાઓની આજરોજ અચાનક તબિયત નાદુરસ્ત થતા આજે વહેલી સવારે ૩.૪૨ ચંદીગઢની જીએમસીએચ હોસ્પિટલ, સેક્ટર- ૩૨, ખાતે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમનું દુઃખદ અવસાન થયું છે. જેઓની અંતિમ ક્રિયા ભટીંડા પંજાબ ખાતે કરવામાં આવનાર છે.

# રાજસ્થાનમાં ખાટું શ્યામ મેળાનાભંડારાપરપ્રતિબંધ

(જી.એન.એસ.)સુરત,તા.૨૪

રાજસ્થાનમાં આવેલા ખાટું શ્યામ બાબાના મંદિરમાં દર વર્ષે પરંપરાગત રીતે ઉજવાતા મેળામાં યોજાતા ભંડારા સામે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જેથી સુરતમાં વસતા રાજસ્થાની સમાજના અને શ્યામ બાબાના ભાવિકોમાં રોષનું મોજું ફરી વળ્યું છે. કોરોના સંક્રમણના કારણે રોક લગાવાઈ છે ત્યારે ભાવિકોએ કહ્યું કે,લોકડાઉન બાદ પણ જ્યારે સમગ્ર દેશમાં લોકડાઉન ખુલી ચૂકહ્યું છે અને જનજીવન સામાન્ય થઈ ગયું છે. મોટા ભાગના મંદિરો અને ધર્મસ્થાનો પણ ખુલી ચૂક્યા છે. આ ઉપરાંત હાલમાં જ યોજાયેલી ચૂંટણીમાં ચૂંટણીમાં પણ રાજનેતાઓને જાહેર સભાઓ જાહેર મેળાવડાઓ પણ થયાં છે.

જેમાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થયા હતા.ત્યારે મંદિરના ધાર્મિક કાર્યક્રમો સામે કરાતો ભેદભાવ અસહ્ય છે.

# ગુજરાતમાં વાયુ પ્રદૂષણમાં પ્રથમ સુરત બાદ ભરૂચ બીજા ક્રમે

અંકલેશ્વરઃ કુલ ૧૬૦૦ ઉદ્યોગો અને તેમાં પણ અતિ જોખમી ૮૮ ઉદ્યોગો ધરાવતો ભરૂચ જિલ્લો હવા પ્રદૂષણ મામલે રાજ્યમાં સુરત બાદ બીજા સ્થાને રહ્યો છે. લોકડાઉનમાં સૌથી સારી અસર ગુજરાતમાં થઈ હોય તો તે સૌથી શુદ્ધ હવાની હતી. એર ક્વોલિટી ઈન્ડેક્સમાં (છૈઊિંટ્ઠઙ્મૈંઅ હદ્બીટ) અંકલેશ્વર (ભરૂચ) ગ્રીન સિટી ગાંધીનગરને માત આપી નંબર ૧ પર પહોંચ્યું હતું. રાજ્ય અને દેશમાં કોરોના સંક્રમણે ભલે આર્થિક મંદી પ્રર્વતી હોય પરંતુ લોકડાઉન સમયે રસ્તાઓ ઉપરથી વાહનો અદ્રશ્ય થઈ જતાં હવામાં પ્રદૂષણ ઘટ્યું હતું. અને હવામાન આરોગ્યપ્રદ બન્યું હતું. હવામાં પોલ્યુશનનું પ્રમાણ જાણવા માટે પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ (ઁઝ્રમ્) દ્વારા એર કવોલિટી ઈન્ડેક્ષ (છઊૈં) તૈયાર કરવામાં આવે છે. આ ઈન્ડેક્ષનો આંકડો જેટલો ઉંચો હોય તેટલું વાયુ પ્રદુષણ વધુ હોય છે.

ગુજરાતમાં વાયુ પ્રદૂષણમાં પ્રથમ સુરત બાદ ભરૂચ બીજા ક્રમે

તાજેતરમાં જ પ્રસિદ્ધ એર કવોલિટી ઈન્ડેક્ષ અનુસાર રાજ્યમાં માત્ર બે જ જિલ્લા એવા છે કે જ્યાં ઈન્ડેક્ષ બિલકુલ સંતોષજનક છે. રાજ્યમાં સૌથી શુદ્ધ હવા બનાસકાંઠા જિલ્લાના વતનીઓનાં ફેંફસાંને મળી રહી છે. કારણ કે આ જિલ્લામાં એર કવોલિટી ઈન્ડેક્ષ માત્ર ૨૯ છે અને બીજા ક્રમે રહેલા આણંદ જિલ્લામાં આ ઈન્ડેક્ષ ૩૪ છે. જ્યારે ઉત્તર ગુજરાતના પાટણ, મહેસાણા, અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં હવામાં રહેલું પ્રદૂષણ આરોગ્ય માટે સ્વીકાર્ય હોવાનું આ ઈન્ડેક્ષમાં સ્વીકારાયું છે. પાટણ જિલ્લામાં એર કવોલિટી ઈન્ડેક્ષ ૫૩, મહેસાણા જિલ્લામાં ૭૨, અરવલ્લી જિલ્લામાં ૯૨ અને સાબરકાંઠા જિલ્લામાં ૫૬ છે. અરવલ્લી જિલ્લામાં ૯૨નો ઈન્ડેક્ષ ધીમે પગલે ૧૦૧ના આંક તરફ વધી રહ્યો છે. ૧૦૧થી ૧૫૦ વચ્ચેનો ઈન્ડેક્ષ હોય તો વાયુનું પ્રદૂષણ નુકસાન કરનાર છે અને તે વિસ્તારમાં રહેતા રહીશો ફેંફસામાં બિન આરોગ્યપ્રદ હવા ભરી રહ્યા છે. એર પોલ્યુશન અનેક બિમારીઓને આમંત્રણ આપે છે. અમદાવાદમાં ૧૧૨, ખેડા ૧૩૮, સુરત ૧૮૯, ભરૂચ ૧૮૨, આણંદ ૩૪, બનાસકાંઠા ૨૯, પાટણ ૫૩, મહેસાણા ૭૨, અરવલ્લી ૯૨ અને સાબરકાંઠા ૫૬નો સમાવેશ થાય છે.

# ડીસાના ધારાસભ્યે કહ્યું- ભાજપ કાર્યકર સામે કોઈ જોશે તો આંખ ચીરી નાખીશું

(જી.એન.એસ.)બનાસકાંઠા, તા.૨૪

સિંગર કિંજલ દવે સાથે કોરોનાના નિયમો નેવે મૂકી રોડ શો કરનારા ભાજપના ધારાસભ્ય શશીકાંત પંડ્યાએ ભડકાઉ નિવેદન કરી વિવાદ સર્જ્યો છે. ગુજરાતમાં ૬ મહાનગર પાલિકાની યોજાયેલી ચૂંટણીના પરિણામોમાં ભાજપના એકતરફી વિજય બાદ તેમના નેતાના ઘમંડને ઉજાગર કરતો એક વીડિયો સોશિયલ મીડિયા પર ફરતો થયો છે. આ વીડિયો ડિસા પાલિકાના વોર્ડ નંબર ૩ની સભાનો છે. જ્યાં ધારાસભ્ય શશીકાંત પંડ્યા જાહેર મંચથી વિવાદાસ્પદ નિવેદન કરી રહ્યા છે. જેમાં તેઓ ભાજપ અને તેના કાર્યકર સામે કોઈ બોલશે તો તેની આંખ ચીરી નાખવામાં આવશે તેમ કહેતા જોવા મળી રહ્યા છે. ગત વર્ષે ૩ ઓક્ટોબરમાં ડીસાના ગ્રામ્ય વિસ્તારમાં રોડના ખાત મુહૂર્ત કાર્યક્રમમાં ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડ્યા સાથે ગુજરાતી કલાકાર કિંજલ દવે ઉપસ્થિત રહી હતી. ડેડોલના ગ્રામજનોએ બંનેનું ઘોડા પર બેસાડી સ્વાગત કર્યું હતું. રોડના ખાત મુહૂર્તમાં ધારાસભ્ય સાથે આવેલી કિંજલને જોવા જનમેદની ઉમટી પડી હતી. કિંજલ દવેને જોવા આવેલા લોકો સોશિયલ ડિસ્ટન્સનુ ભાન ભૂલ્યા હતા. સાથે જ કોરોનાનો ડર પણ ભૂલ્યા હતા. કોરોનાકાળમાં મોટી સંખ્યામાં જનમેદની ઉમટી પડતા લોકો દ્વારા આ ઘટનાને વખોડવામાં આવી હતી. જેને લઈ તેમની સામે ફરિયાદ પણ નોંધાઈ હતી. જ્યારે ઓક્ટોબર ૨૦૧૯માંડીસાના ભાજપના ધારાસભ્ય શશીકાંત પંડ્યાને કોર્ટે ૩ મહિનાની કેદની સજા અને પાંચસો રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. જ્યુડિશિયલ કોર્ટે પંડ્યાને ૨૦ વર્ષ જૂના ધમાલ અને તોડફોડના કેસમાં આ સજા ફટકારી હોવાની માહિતી મળી હતી.

# સુરત મનપામાં વિજયનો જશ્ન મનાવવા કેજરીવાલ સુરત આવશે, ભવ્ય રોડ શો કરશે

ચક્રવાત ટીમ સુરત, તા.૨૪

સુરતમાં આમ આદમી પાર્ટીએ (AAP) ૨૭ બેઠકો પર જીત (WON) મેળવી છે. સુરતમાં આમ આદમી પાર્ટીની ભવ્ય જીત બાદ આપ સુપ્રીમો અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સુરત આવશે. ૨૬ ફેબ્રુઆરીએ કેજરીવાલ અને મનીષ સિસોદીયા સુરત આવશે. સુરતમાં આપને વધુ બેઠકો પર જીત મળતા કેજરીવાલ રોડ શો કરશે. સુરતમાં આમ આદમી પાર્ટીની શાનદાર જીત બાદ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે (Arvind Kejrival) ફોન કરીને ગુજરાત આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયાને શુભકામનાઓ આપી છે. સુરતમાં આમ આદમી પાર્ટીએ શાનદાર એન્ટ્રી કરી છે. ત્યારે હવે ૨૬ ફેબ્રુઆરીએ અરવિંદ કેજરીવાલ સુરતમાં આવે તેવી ચર્ચા વહેતી થઈ છે. આપને મળેલી ભવ્ય સફળતા બાદ તેઓ અભિવાદન માટે સુરત પહોંચશે અને વરાછા વિસ્તારમાં ભવ્ય રોડ-શો કરે તેવી શક્યતા છે.

# ભાજપના કાર્યકરોને પ્રચારમાં રોક્યા તો છઠ્ઠીનું ધાવણ યાદ કરાવી દઈશું: મનસુખ વસાવા

(જી.એન.એસ.)વાલિયા,તા.૨૪

રાજ્યમાં હાલ સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો ધમધમાટ ચાલી રહ્યો છે. ૬ મહાનગરપાલિકાની ચૂંટણીઓ પુરી થઈ ગઈ છે અને તેના પરિણામ પર આવી ગયા છે. ફરી એકવાર ૬ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપને બહૂમત મળ્યો છે. ત્યારે હવે આગામી સમયમાં તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓ થનાર છે. ત્યારે ભાજપ અને કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ તાલુકે તાલુકે અને જિલ્લા કક્ષાએ રેલીઓ ગજાવવા માંડ્યા છે. હાલ ચૂંટણીનો માહોલ હોય ત્યારે નેતાઓ કોઈને કોઈ રીતે અહેવાલમાં છવાઈ જવા માટે નવા ગતકડા કરતા હોય



છે. ત્યારે ભાજપના સાંસદ મનસુખ વસાવા ફરી એકવાર ચર્ચામાં આવ્યા છે. હંમેશાં તેઓ પોતાના વિવાદાસ્પદ નિવેદનો ચર્ચામાં રહ્યા છે, ત્યારે વાલિયા તાલુકામાં ચૂંટણી પ્રચારમાં ભરૂચના સાંસદ મનસુખ વસાવાનું વિવાદાસ્પદ નિવેદન હાલ ચારેબાજુ ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. તેમને સરેઆમ સ્ટેજ પરથી જણાવ્યું હતું કે 'ભાજપના કાર્યકરોને પ્રચારમાં રોક્યા તો છઠ્ઠીનું ધાવણ યાદ કરાવી દઈશું. આ વિશે મળતી માહિતી પ્રમાણે, આગામી રવિવારે તાલુકા-જિલ્લા પંચાયતની ચૂંટણી થનાર છે. ત્યારે વાલિયા તાલુકામાં ચૂંટણી પ્રચારમાં ગયેલા ભરૂચના ભાજપ સાંસદનું વિવાદાસ્પદ નિવેદન સામે આવ્યું છે. વાલિયા તાલુકામાં ભાજપ કાર્યકરોની રેલીમાં મનસુખ વસાવાએ પોતાના ભાષણમાં જણાવ્યું હતું કે, ભાજપના કાર્યકરોને રેલી કરતા રોક્યા તો છઠ્ઠીનું દૂધ યાદ કરાવી દઈશ. આ વિવાદાસ્પદ ભાષણનો વીડિયો સોશિયલ મીડિયામાં ધૂમ મચાવી રહ્યો છે.




